★ # સતપંથ ★

જેમાં

ના. આગાખાન પહેલા આગા હસનઅલીશાહ, બીજા ના. આગા અલીશાહ અને ત્રીજા ના. આગા સુલતાન મોહમ્મદશાહ બાર ઇમામોને માનતા હતાં, એ દલીલો સાથે પુરવાર કરવામાં આવ્યું છે.

લેખક:

" રોકડિયો "

[હિ. સ. ૧૩૮૨] મૂલ્ય: રૂા. એક [ઇ. સ. [illegible]

મુદ્રક:
જાફરઅલી રાઈટર
અલમદાર પ્રિ. પ્રેસ,
૧૬૭, જેલ રોડ ઈસ્ટ,
[illegible]

★

પ્રકાશક:
અલમદાર બુક ડીપો
૫૮, સેમ્યુઅલ સ્ટ્રીટ,
મોજા મસ્જીદ પાસે,
[illegible]

★ સતપંથ ★

જેમાં

ના. આગાખાન પહેલા આગા હસનઅલીશાહ, બીજા ના. આગા અલીશાહ અને ત્રીજા ના. આગા સુલતાન મોહમ્મદશાહ બાર ઇમામોને માનતા હતાં, એ દલીલો સાથે પુરવાર કરવામાં આવ્યું છે.

લેખક :

" રો ક ડિ યો "

[હિ. સ. ૧૩૮૨] મૂલ્ય : રૂા. એક [ઇ. સ. [illegible]

મુદ્રક :
જાફરઅલી રાઈટર
અલમદાર પ્રી. પ્રેસ,
૧૬૭, જેલ રોડ ઈસ્ટ,

★

પ્રકાશક :
અલમદાર બુક ડીપો
૫૮, સેમ્યુઅલ સ્ટ્રીટ,
મોજા મસ્જીદ પાસે,

મર્હુમ ના. આગા હસનઅલી શાહ

આગાખાન પહેલા



મર્હુમ ના. આગા અલીશાહ
આગાખાન બીજા



ના. આગા જંગીશાહ તે ના. આગાખાન
પહેલાના પુત્ર, આગાખાન ત્રીજાના
કાકા અને સસરા



જેમણે લખેલ 'આગા જહાંગીર શાહનો રિસાલો' નામના પુસ્તકમાં તેમના કુટુંબીજનો—જેમાં આગાખાન પહેલા, બીજા અને ત્રીજાનો સમાવેશ થાય છે—બાર ઈમામોને માનનાર—શીઆ ઈસ્નાઅશરી હતાં એમ સ્પષ્ટ કર્યું છે. મજકુર રિસાલો આ પુસ્તકમાં આપવામાં આવ્યો છે.

★ સતપંથ ★

જેમાં

ના. આગાખાન પહેલા આગા હસનઅલીશાહ, બીજા ના. આગા અલીશાહ અને ત્રીજા ના. આગા સુલતાન મોહમ્મદશાહ બાર ઇમામોને માનતા હતાં, એ દલીલો સાથે પુરવાર કરવામાં આવ્યું છે.

લેખક :
" શો ક દિ યો "

[હિ. સ. ૧૩૮૨]   મૂલ્ય : રૂા. એક   [ઇ. સ. ૧૯૬૨

મુદ્રક :
જાફરઅલી રાઈટર
અલમદાર પ્રી. પ્રેસ,
૧૧૭, જેલ રોડ ઈસ્ટ,
મુંબઈ ૯.

★

પ્રકાશક :
અલમદાર બુક ડીપો
૫૮, સેમ્યુઅલ સ્ટ્રીટ,
ખોજા મસ્જીદ પાસે,
પાલાગલી, મુંબઈ, ૯.

તમારા મઝહબી જ્ઞાનમાં વધારો કરવા માટે મઝહબી પુસ્તકો ઉત્તમ સાધન છે.

આયતુલ્લાહ શય્ખ મોહમ્મદહસન સાહેબ નજફી મુજતહિદની કલમે લખાયેલ

અને

અન્જુમને હિમાયતુલ ઇસ્લામ (મુંબઈ) એ પ્રગટ કરેલાં પુસ્તકો

અમારે ત્યાં મળી શકશે

● દીને ઇસ્લામ		રૂ. ૧-૨૫
● પયગામાતે નજફી	ભાગ ૧ લો	રૂ. ૧-૦૦
● પયગામાતે નજફી	ભાગ ૨ જો	રૂ. ૧-૦૦
● હ. રસુલે અકરમ સ.		રૂ. ૧-૦૦
● હ. ઈ. મૂસએ કાઝિમ અ.		રૂ. ૧-૦૦
● શરીઅતે ઇબ્તેદાઈ	ભાગ ૨ જો	રૂ. ૦-૫૦
● શરીઅતે ઇબ્તેદાઇ	ભાગ ૩ જો	રૂ. ૦-૫૦
● શરીઅતના અહકામ	ભાગ ૨ જો	રૂ. ૦-૭૫
● નમાઝે આયાત		રૂ. ૦-૧૨
● જુમ્આના ખુત્બા		રૂ. ૦-૧૨

દરેકનું ટપાલ ખર્ચ જુદું

મળવાનું ઠેકાણું :-

અલમદાર બુક ડીપો

ખોજા મસ્જીદ પાસે, પાલાગલી,

૫૮, સેમ્યુઅલ સ્ટ્રીટ, મુંબઈ-૯

બે બોલ

છેલ્લા સપ્ટેમ્બર ૧૯૬૧થી 'અલમદાર' માસિકમાં 'સતપંથ'ના શિર્ષક હેઠળ એક લેખમાળા લખી રહ્યો હતો. આજે તે પુસ્તક-આકારે વાંચકો સામે મૂકી રહ્યો છું. જેમણે આ લેખમાળા વાંચી છે તેઓ તો તેના વિષય અંગે જાણે છે, પણ જેમણે આ લેખમાળા વાંચી નથી તેમના માટે એટલું કહી દેવું જરૂરી છે કે, આ પુસ્તકમાં, ના. આગાખાન પહેલા આગા હસનઅલીશાહ, આગાખાન બીજા આગા અલીશાહ અને આગાખાન ત્રીજા સુલતાન મોહમ્મદશાહ શીઆ ઇસ્નાઅશરી હતાં, એ પુરવાર કરવામાં આવ્યું છે. ઉપરોકત આગાખાનો શીઆ ઇસ્નાઅશરી હતાં, એના સમર્થનમાં ના. આગાખાન ત્રીજાએ લખેલ **"ખોજા કૌમના મઝહબનાં કેટલાંક મૂળ તત્ત્વો અને ક્રિયા સંબંધી નાનું પુસ્તક"** અને **"આગા જહાંગીરશાહનો રિસાલો"** કે, જે વર્ષોથી અપ્રાપ્ત હતાં તેનો પણ આ પુસ્તકમાં સમાવેશ કર્યો છે. આ પુસ્તક વાંચ્યા પછી દરેક વાચક એવા નિર્ણય ઉપર પહોંચશે કે, નામદાર આગાખાનો પહેલા, બીજા અને ત્રીજા ઇસ્નાઅશરી મઝહબ પાળતાં હતાં, ઇસ્નાઅશરી મઝહબના તરીકા મુજબ નમાઝ પઢતા હતાં, રોઝા રાખતા હતાં, અઝાદારી કરતા હતાં, મજલિસ બાદ આઠમા ઇમામ હ. અલી મુસીએ રઝા અ. અને બારમા ઇમામ હ. મહદી સાહેબુઝઝમાન અ.ની ઝિયારતો પઢતા હતાં, માહે રમઝાન મુબારકની ૧૯, ૨૧ અને ૨૩મી રાત્રે કુરઆનના આ'માલ કરતા—જેમાં બાર ઇમામોના નામનાં વાસ્તા આપીને અલ્લાહની બારગાહમાં દુઆ ગુઝારતા હતાં, ટૂંકમાં શીઆ ઇસ્નાઅશરી મઝહબની એક એક ક્રિયાઓ પાબન્દીની સાથે બજાવી લાવતા હતાં, એટલું જ નહીં પણ પોતાના મુરીદો—અનુયાયીઓને તે બજાવી લાવવાની આજ્ઞા—હુકમ પણ કરતા હતાં.

આ પુસ્તક લખવા પાછળનો આશય એટલોજ છે કે, તે વાંચ્યા પછી અમારા આગાખાની બિરાદરો મર્હૂમ નામદાર આગાખાનોના માર્ગદર્શન ઉપર અમલ કરે અને અન્ય મુસ્લિમ ફિરકાઓની જેમ નમાઝ—રોઝા વગેરે બજાવી લાવે. કે જે બજાવી લાવવા માટે મર્હૂમ ના. આગાખાનોએ હુકમ આપ્યો હતો.

૨૦ જૂન ૧૯૬૨]

—"[illegible]"

THE FOURTEEN HOLY LIVES

The following titles are very brief but highly condensed life sketches of the Holy Prophet, his beloved daughter and his true successors. (be peace on them all).

We invite the attention of every one who reads English to true Islam as it speaks through the lives of its Prophet and its greatest exponents.

Price : 25 nP. and postage 8 nP. per copy.

The Prophet of Peace
The Lady of Light
The Inspiring Soul
The Prince of Patience
The Fountain of Freedom
The Hero after Karbala
The Light of Learning
The Torch – Bearer of Truth
Smiling Virtue
The Martyr of Mashhed
The Pillar of Piety
Truth in Chains
The Glorious Prisoner
The Awaited One

CAN BE HAD FROM :

ALAMDAR BOOK DEPOT

58, Samuel St., Near Khoja Masjid,
Palagali, BOMBAY-9.

સતપંથ

લેખક: શેકડિયો

મઝહબ એટલે આત્મિક ઉન્નતિ અને નજાત કે મુક્તિ મેળવવાનો માર્ગ. મનુષ્યનાં જીવનમાં સૌથી વધારે મહત્વનો વિષય મઝહબ જ છે. જગતની ઉત્પત્તિથી જગતકર્તાએ મઝહબનું માર્ગદર્શન આપવા માટે એક પછી એક પયગમ્બર મોકલ્યાં. જેઓ પોતાના કાળનાં સંજોગ અને સમય પ્રમાણે મઝહબનું માર્ગદર્શન આપતા રહ્યા. છેવટે રસુલે અકરમ (સ.) આવ્યા અને તેમને છેવટની શરીઅત તરીકે ઈલાહી પુસ્તક (કુરઆન) મનુષ્યના માર્ગદર્શન માટે આપવામાં આવ્યું. અને અલ્લાહે કહ્યું: **ઈન્નદ્દીન ઈન્દલ્લાહિલ ઈસ્લામ**–બેશક ખુદાની નજદીક ઈસ્લામ જ સાચો દીન છે અને જ્યારે ગદીરે ખુમમાં મવલાએ કાએનાત હ. અલી અ. ને પોતાના નાએબ તરીકે જાહેર કરી રસુલે ખુદાએ પોતાની ફર્ઝ અદા કરી ત્યારે કુરઆનની આ આયતે મહોર મારી દીધી કે, '**અલ યવ્મ અકમલ્તો લકુમ દીનકુમ**–આજના દિને અમે તમારા માટે દીન (ઈસ્લામ) ને સંપૂર્ણ કર્યો." આથી જાહેર થયું કે, ઈસ્લામ છેલ્લો અને સંપૂર્ણ મઝહબ છે એટલે હવે બીજા વધુ પયગમ્બર મોકલવાની કે શરીઅતમાં ફેરફાર કરવાની જરૂર નથી. હવે જરૂરત એ બાકી રહી કે કોઇ એના ઉપર અમલ કરે અને બીજાઓને માર્ગદર્શન આપે અને ઈસ્લામની તબ્લીગ કરે. તો આ માટે રસુલ સ. ની હયાતીમાં જ હ. અલીને મવલા અને પોતાના જાનશીન જાહેર કરીને મુસલમાનોને સમજાવી દીધું કે મારા પછી મારી અહલેબય્ત મુસલમાનોને માર્ગદર્શન આપશે અને પોતે પણ મારી શરીઅત ઉપર ચાલશે. આ રીતે રસુલ સ. પછી આવનારાઓને આપણે નાએબે રસુલ અથવા ઈમામને નામે ઓળખીએ છીએ.

સાધારણ રીતે જે કુટુમ્બમાં બાળક જન્મે છે તે મોટો થતાં તેને વારસામાં મળેલ બાપદાદાના ધર્મને નજાત મેળવવાનો સાચો અને સરળ

રસ્તો સમજે છે, પણ જો એ બીજા ધર્મોનો અભ્યાસ કરે તો એને સહેલાઇથી સમજાય જાય કે, દુનિયાના બધા ધર્મોમાં 'ઇસ્લામ' જ સાચો ધર્મ છે. પણ ઇસ્લામમાં અનેક ફિરકાઓ છે અને તેને અનુસરનારાઓ પોતાના જ ફિરકાને સાચો અને પોતાની જ માન્યતાને ખરી સમજે છે. તો આમાં જોવાનું એ છે કે, રસુલ સ. એ બતાવેલી અને હિદાયત કરેલી શરીઅતને કયો ફિરકો વળગી રહ્યો છે? મુસલમાનોના બે મહાન ફિરકાઓ–શીઆ અને સુન્ની–ના મૌખિક તેમજ લેખિત મુનાઝરાઓથી સિદ્ધ થઈ ચુકયું છે કે, શીઆઓ જ રસુલે અકરમ સ. એ આપેલી શરીઅત અને હિદાયતને વળગી અને અનુસરી રહ્યાં છે. શીઆઓમાં પણ ફિર્કાઓ છે, જેમાં બે મુખ્ય છે: ઇસ્નાઅશરી અને આગાખાની–ઇસ્માઇલી. આપણે આજે જોઈ રહ્યાં છીએ કે આ બે ફિરકાઓમાં દિવસે દિવસે અંતર વધતું જતું રહ્યું છે. આ અંગે આપણે ઊંડો વિચાર કરીએ અને બન્ને ફિરકાઓના પુસ્તકોનો અભ્યાસ કરીએ તો એમ લાગ્યા વીના નહીં રહે કે, અગાઉ શીઆ ઇસ્નાઅશરી ખોજાઓ અને આગાખાની ઇસ્માઇલી ખોજાઓ એક જ હતાં. **હું તો એમ માનું છું કે, મર્હુમ નામદાર આગાખાન ત્રીજા સુલ્તાન મોહમ્મદશાહ, એમના કાકા તથા સસરા મર્હુમ આગા જહાંગીરશાહ, પિતા મર્હુમ આગાખાન બીજા આગા અલીશાહ, દાદા મર્હુમ આગાખાન પહેલા આગા હસનઅલીશાહ બાર ઈમામોને જ માનનારાં એટલે કે શીઆ ઇસ્નાઅશરીઓ જ હતાં.** પણ સંજોગવશાત ખોજાઓમાં બે ફિરકાઓ પડ્યા અને તે એટલા બધા છેટા પડી ગયા કે, હવે એક થવું લગભગ અશક્ય દેખાય રહ્યું છે. જેમ એક કવિએ કહ્યું છે તેમ—

જમાને કી હવાને કર દિયા હૈ સાખ્તા હમ કો,
જુદા પત્તે સે પત્તા હય, અલગ ડાલી સે ડાલી હય.

તો આ બન્ને ફિરકાઓ વધુ નજદીક આવે એ માટે આ લેખમાળા શરૂ કરી રહ્યો છું. જેમાં વર્ષો પૂર્વેના દસ્તાવેજી પત્રો, પુસ્તિકાઓ રજૂ કરી મ. નામદાર આગાખાનોના શા અકાઈદ હતાં એ દલીલપૂર્વક સમજાવવાનાં પ્રયત્નો કરીશ. આની પાછળ કોઈ પણ પક્ષના ઈમામ કે રાહબર માટે ખોટું લખીને કોઇના પણ દિલ દુખવવાનો આશય નથી. માત્ર આપણે સાચી હકીકત સમજી શકીએ એ હેતુસર જ આ લેખમાળા ચાલુ કરી છે. ખુદા આપણને સતપંથ–દીને હક સમજવાની અને તેના ઉપર ચાલવાની નેક તૌફીક આપે, આમીન.

—રાકડિયા.

આ તે સમયની વાત છે કે, જ્યારે મુંબઈમાં ખડક ઉપર આવેલી જમાતખાનાની આલીશાન ઇમારત નહોતી. આજે દેખાતો તેના ઉપરનો મોટો મિનારો અને ઉંચો ટાવર નહોતા. એ સમયે દરખાનાની જુની ઈમારત હતી અને એમાં મહોરંમના દિવસોમાં કિસ્સાઓ (કરબલાનું કરણ બયાન) વંચાતા અને માહે રમઝાનની ૧૯મી, ૨૧મી, અને ૨૩મી રાત્રે શબેકદરના આ'માલ થતાં અને એ આ'માલમાં ચઉદ માસુમીન અ. ના વાસ્તા દઈ અલ્લાહ પાસે દુઆ માગવામાં આવતી. એ સમયે મહૂંમ કવિ ઈબ્રાહીમ જુસબ-વરતેજી આગાખાનીઓના મહાન મિશનરી નહોતા બન્યા. એમના લાંબા ડગલા ઉપર 'ૐ-અલી'નો બિલ્લો (Bedge) નહોતો લાગ્યો. હજુ તેમણે હરીજનોને 'નવા ખોજા' નહોતા બનાવ્યા અને મહાત્મા ગાંધીજી સમક્ષ આવું કહેવાનો સમય નહોતો આવ્યો—

કલમે કા વિર્દ રહે, વેદ પે ધ્યાન રહે,
હમ સતપંથી ખોજે, ન હિંદુ ન મુસલમાન રહે.

આ તો એ સમયની વાત છે કે, જ્યારે કવિ ઈબ્રાહીમ જુસબ વરતેજી અહલેબય્તની શાનમાં 'હયદરે કુલાસ' નામનો કાવ્ય સંગ્રહ પ્રગટ કરી શીઆ ઇસ્નાઅશરીઓની પ્રસંશા પામી રહ્યા હતા. ફિદાહુસેન 'મનહર' નામના તેમના એક ભાઇ થોડોક સમય શિક્ષક રહી પાછળથી નાટ્ય લેખક તરીકે ખ્યાતિ મેળવી રહ્યા હતા. કવિશ્રીના એક બીજા ભાઇ કે જેનું નામ રોશનઅલી જુસબ વરતેજી^ હતું અને શીયા ઇસ્નાઅશરી મઝહબના ચુસ્ત રીતે પાબંદ હતા તેઓ મુંબઈની એક ઓર્ફનેજ (અનાથાશ્રમ)નું સુપ્રીન્ટેન્ડેન્ટપદ સંભાળી રહ્યા હતા. આ મહૂંમ રોશનઅલીભાઈ કુરઆનની તિલાવત સુંદર અવાજે કરતા અને અવારનવાર 'ઈન્નલ્લાહ મઅસ સાબેરીન'નો ઉચ્ચાર કર્યા કરતા.

મ. રોશનઅલીભાઇના સુપ્રીન્ટેન્ડેન્ટપણા હેઠળ ચાલતી ઓર્ફનેજના અનેક બાળકોમાં બે આઠ—નવ વર્ષના કિશોરો પણ હતાં. આ બે કિશોરો પૈકી એકનું નામ સદરૂદીન હતું કે જે ધર્મે આગાખાની હતો, જ્યારે બીજાનું નામ ગુલામઅબ્બાસ હતું, જે ઇસ્નાઅશરી મઝહબનો અનુયાયી હતો. બન્નેને પોતાના માબાપ તરફથી વારસામાં મળેલાં ધર્મોમાં અખુટ શ્રધ્ધા હતી. ઓર્ફનેજમાં પણ દરેકને પોતાનો મઝહબ સ્વતંત્રતાથી પાળવાની અને મસ્જિદ કે જમાતખાને જવાની સંપૂર્ણ છૂટ હતી. એક વયના, એક વર્ગના અને એક જ

^ કરાચી (પાકિસ્તાન) ખાતે વસતા જાણીતા ઇસ્નાઅશરી કવિ જ. "મુનિસ" વરતેજીના પિતા.

અનાથાશ્રમમાં રહેતાં હોઈ સદરૂદીનં અને ગુલામઅબ્બાસ વચ્ચે ગાઢ મિત્રતા હતી. શરૂઆતથી લઈ અંગ્રેજી ચોથા ધોરણના અભ્યાસ સુધી તો બન્નેનો સથવારો રહયો. પણ ત્યાર પછી સદરૂદીનના મામા કે જેઓ પરદેશ વસતા હતા તે મુંબઈ આવી સદરૂદીનને પોતાની સાથે લઈ ગયા અને પોતાના ધંધામાં બેઠી દીધો અને સાથે સાથે ખાનગી શિક્ષક પાસે ટયુશન અપાવી મેટ્રિક સુધી ભણાવ્યો.

ગુલામઅબ્બાસે ઓરફનેજમાંજ રહી અંગ્રેજી છઠ્ઠા ધોરણ સુધી અભ્યાસ કર્યો અને ત્યાર પછી સર કરીમભાઈ ઇબ્રાહીમની મીલમાં કારકુનની નોકરીમાં લાગી ગયો. બન્ને મિત્રોને જુદા પડે વર્ષો વીતી ગયા પરંતુ બેય વચ્ચે પત્ર-વહેવાર ચાલુ રહયો.

સર કરીમભાઈ ઇબ્રાહીમની મીલો બંધ થતાં ગુલામઅબ્બાસ એક વેપારી પેઢીમાં જોડાયો, જેમાં પાછળથી ભાગીદાર પણ બન્યો. સમય જતાં બન્ને મિત્રોનાં લગ્ન પણ થયાં.

કેટલાક વર્ષો વીત્યા પછી સદરૂદીન ફરી મુંબઈ આવી વસ્યો. તેણે મુંબઈમાં મોટા પાયા પર વેપાર શરૂ કર્યો. સદરૂદીનના મુંબઇ આવ્યા પછી બન્ને મિત્રોની મુલાકાતો થવા માંડી.

એક દિવસ સદરૂદીન ગુલામઅબ્બાસને મળવા માટે તેના ઘરે ગયો. સદરૂદીન પહોંચ્યો ત્યારે ગુલામઅબ્બાસ નમાઝ પઢી રહયો હતો. તેના દીકરાએ સદરૂદીનને એક બીજા રૂમમાં બેસાડીને કહ્યું કે, મારા પિતા નમાઝ પઢીને આવે છે. થોડીવારમાં ગુલામઅબ્બાસ આવી પહોંચ્યો. ગુલામ-અબ્બાસના બેઠા પછી થોડીક ખબર અંતરની પુછા થયા બાદ સદરૂદીને કહ્યું: વર્ષોથી તમને એક વાત કહેવા માગતો હતો, માઠું ન લગાડો તો આજે કહી નાખું.

ગુલામઅબ્બાસ—જે કહેવું હોય તે કહો, એમાં માઠું લગાડવા જેવું શું છે!

સદરૂદીન—હમણાં તમે નમાઝ પઢી તે નમાઝ, રોઝા, ઝકાત, હજ વગેરે બધું નકામું છે, કેમકે તમે હજુ ઝમાનાના ઇમામને ઓળખ્યો નથી અને રસુલ સ૦ની આ હદીસ **"મન માત વલમ યઅરિફ઼ ઇમામ ઝમાનેહી માત મયતતલ જાહેલિય્યહ** પોતાના ઇમામે ઝમાનને ઓળખ્યા વગર જે કોઈ મરણ પામે તો તે કુફ્રના

મોતે મરણ પામ્યો લેખાશે" મુજબ ઈમામે ઝમાનને ઓળખ્યા વગર તમારા બધા આ'માલ નકામા છે.

ગુલામઅબ્બાસ—તમે એમ શી રીતે કહી શકો કે, મેં ઝમાનાના ઇમામને નથી ઓળખ્યો ?

સદરૂદ્દીન—વાત સીધી છે, અમારા ઇમામે ઝમાન આજે હાજર છે, જ્યારે તમારા ઈમામ હાજર નથી, આમાં તમે ઇમામે ઝમાનને કઈ રીતે ઓળખો ? વળી રસુલ સં.ની હદીસ મુજબ ઈમામ વગર દુનિયા ખાલી રહેતી નથી, અને આજે દુનિયાભરમાં અમારા જાહેર ઇમામ સિવાય કોઇનો ઇમામ હોવાનો દાવો નથી, એટલે હરીફની ગેરહાજરીમાં અમારા ઇમામજ ખરેખરા ઈમામ છે એમાં શંકાને સ્થાન નથી.

તમારા ઈમામની ગયબતમાં કરોડો માણસો ઈમામને ઓળખ્યા વગર મરી ગયા અને કરોડો મરી જશે, એટલે એ બધાં જાહેલિયત (કુફ્ર)ના મૌતે મર્યા ગણાશે અને આ પછી તમારા ઈમામ જાહેર થશે એનાથી શો લાભ ? !

ગુલામઅબ્બાસ—ભાઈ સદર, ઝમાનાના ખરા ઇમામને તમે ઓળખ્યો છે કે મેં, એનો નિર્ણય તો પછી થશે. પહેલાં આપણે નક્કી કરી લઇએ કે, આ વિષયમાં આપણે જે ચર્ચા કરીએ તે તઆસ્સુબ (હઠધર્મી)થી અળગા રહીને કરીએ. એકબીજાના ઇમામો ઉપર ખોટા આક્ષેપો કે અપશબ્દો વાપર્યા વગર સારા શબ્દોમાં દલીલ-પુર્વક ચર્ચા કરીએ, જેથી કોઈની લાગણી દુભાવાનું કે ઉશ્કેરાટનું કારણ ન રહે. આ ચર્ચા દરમિયાન બન્ને એકબીજાનું દ્રષ્ટિબિંદુ સમજવાની કોશિષ કરીએ અને જ્યારે એમ લાગે કે, ચર્ચાથી આપણી મિત્રતામાં ભંગાણ પડશે ત્યારે તુરત ચર્ચા બંધ કરી દઇએ.

સદરૂદ્દીન—ભલે, ત્યારે ચર્ચાની શરૂઆત તમેજ કરો.

ગુલામઅબ્બાસ—હું મારી વર્ષોની તપાસ વડે જાણી શક્યો છું કે, તમો આગાખાનીઓ હાલમાં જે ધર્મ પાળી રહ્યા છો તે જિનાન શરીફના કહેવા મુજબ 'રસુલનો દીન' નથી. તમને હું એ પણ બતાવી શકું છું અને પુરવાર કરી શકું છું કે, મહુંમ આગાખાન ત્રીજા તથા તેમના પિતા આગા અલીશાહ (આગાખાન બીજા), એમના (આગાખાન

ત્રીજા)ના કાકા અને સસરા જંગીશાહ, દાદા આગા હસનઅલીશાહ (આગાખાન પહેલા) એ બધાય બાર ઇમામોને માનનારા હતાં.

સદરૂદ્દીન—તમે આ દલીલ વગરની વાત કઈ રીતે કરો છો? જરા બુદ્ધિ ઠેકાણે રાખીને વાત કરો. જો અમારા આ આગાખાનો બાર ઇમામને માનતા હોત, તો પછી એમની ઇમામતનો સવાલજ ક્યાંથી રહે?

ગુલામઅબ્બાસ—એમ છે, તો લ્યો આ.

(એટલું કહીને ગુલામઅબ્બાસે કબાટમાંથી એક ફાઇલ કાઢી જેમાંથી થોડાક ટાઇપ કરેલા કાગળો સદરૂદ્દીનને આપ્યા અને કહ્યું:) ઇસ્વી સન ૧૯૦૦ માં મુંબઇમાં પાલાગલીમાં ખોજા ઇસ્નાઅશરી જમેઅ મસ્જિદનો પાયો નખાયો ત્યારે ૧૨૬ આગાખાનીઓએ એ સમયના મુંબઇના પોલીસ કમિશ્નરને વિરોધ દર્શાવતો એક પત્ર લખેલો. આ પત્ર વિષે શીયા ઇસ્નાઅશરીઓ પાસે કમિશ્નરે ખુલાસો માગતા મુંબઇની ખોજા શીયા ઇસ્નાઅશરી જમાત વતિ મર્હુમ હાજી અબ્દુલ્લાહ હાજી માવજીએ કમિશ્નર ઉપર તા. ૧૦ મી નવેમ્બર ૧૯૦૦ ના દિને જે પત્ર લખેલો તેની આ નકલ છે. તમે ઘરે જઇને શાંતિથી વાંચજો અને પછી જે કંઈ કહેવાનું હોય તે મને બીજી મુલાકાતમાં કહેજો. ઇન્શાઅલ્લાહ, હું તેના સંતોષકારક જવાબ આપીશ.

આ પછી સદરૂદ્દીન અહીં તહીંની વાતો કરી ચાર દિવસ પછી ફરી મળવાનું કહી પોતાના કામે ચાલ્યો ગયો. રાત્રે સુતી વખતે પેલો કાગળ ખિસ્સામાંથી કાઢીને વાંચવા માંડ્યો. કાગળ આ મુજબ હતો:—

---

૬૦ વર્ષ જુનો ઐતિહાસીક દસ્તાવેજી પત્ર

A 60 years' old Historical Document

More than 60 years have passed since the Shia Isna Ashari Khojas decided to build a Jamei' Masjid at Palagali, Bombay. Things had not taken a practical shape, when the Aghakhani Khojas tried to nip it in the bud by filing a protest before the then Commissioner of Police, and urging him to take prompt action and stop the Isna Asharis from building the Mosque.

Called upon to send their observations the Isna Ashari Khojas submitted their petition through Hajee Abdullah Hajee Maoji. That petition is being reproduced here.

"...Our belief is, and has always been, that the Khojas one and all, as well as His Highness the Aga Khan and his family, are pure **Isna Asharis** as will clearly appear from the following facts .."



Late lemented Hajee Abdoollabhoy Hajee Mowjee

મર્હુમ હાજી અબ્દુલ્લાભાઈ હાજી માવજી

ઈમામતના વિષય પર કુરઆન અને હદીસની
રૌશનીમાં માહિતીપૂર્ણ ચર્ચા
એટલે
"અલમહાર" કાર્યાલયનું અજોડ પ્રકાશન

ઈમામ
અને
ઈમામત

જેમાં વાંચવા મળશે—

★ રસુલે ખુદા સ. ના બાર ખલીફાઓ (ઇમામો) વિષેની આપે ફરમાવેલી અને સુન્નત જમાતની હદીસોની મહાન કિતાબો બુખારી, મુસ્લિમ, તિરમિઝી, મિશ્કાત, સનને અબી દાઉદ વગેરેએ લખેલી હદીસો.'

★ રસુલે ખુદા સ. ના બાર ખલીફાઓ (ઇમામો) કોણ ?

★ બાર ઇમામો કઈ રીતે મુકર્રર થશે ?

★ અગાઉના નબીઓના ખલીફાઓ (ઇમામો) કઈ રીતે મુકર્રર થતા હતાં ?

★ ઇમામની નિમણુંક માટે ખુદાએ નક્કી કરેલો નિયમ બદલાતો નથી.

★ રસુલે ખુદા સ. ના ખલીફાઓ – ઇમામોની નિમણુંક કઈ રીતે થઇ હતી ?

★ રસુલે ખુદા સ. એ પોતાના બાર ખલીફાઓના નામોની કરેલી સ્પષ્ટતા.

પુસ્તિકાનું મૂલ્ય : ૨૫ ન. પૈ.

ટપાલ ખર્ચ ૮ ન. પૈ.

મળવાનું ઠેકાણું :

અલમહાર બુક ડીપો

૫૮, સેમ્યુઅલ સ્ટ્રીટ, ખોજા મસ્જીદ પાસે,
પાલાગલી, મુંબઈ – ૯.

A 60 years old Historical Document

To,

The Commissioner of Police,
Bombay.

Bombay, 10th November 1900

Sir,

Upon being desired to submit our reply to the petitions presented to you by some of the so-called Ismaili Khojas, who have complained against the building of the mosque in Palla Gulley, and have asked you to interfere and stop the erection of the said upon various grounds set forth in the said petition, we, the undersigned, as follows.

The Petitioners, it is clear, claim for themselves as well as His Highness the Aga Khan and the whole Khoja Community, now under headship of Hish Highness the Aga Khan, to be **Ismailis,** and call us **Isna Asharis,** thus suggesting that Khoja Community is devided into two distinct religious sects. But in this their allegations the Petitioners have completely misrepresented the actual facts.

Our belief is, and has always been, that the Khojas, one and all, as well as His Highness the Aga Khan and his family, are pure Isna Asharis as will clearly appear from the following facts.

The publishing of the book called " KANZUL MASAHEB " which is published by the order and with the assistance of Aga Hasanalli Saheb (Hassan-al Huseini) the grandfather of the present Aga Khan, and dedicated to him, and which contains the lives of the twelve Imams of the Isna Ashari sect, clearly demonstrates His Highness' belief in the said twelve Imams and his adherence to the said creed.

Then, again, there can be no stronger proof adduced in suport of the above fact than the positive statement made by the said Aga Khan in his autobiography published in Bombay in the Hijri year 1278. On Page 18 of the said autobiography the statement refered to above runs as follows: "Yes, in proportion to my ability I shall try my utmost to imitate my holy ancestors in propagating the religion and the law of the last of the Prophets (namely) Mahamed; and it is proved (in his history) that in Egypt some of my ancestors and been sovereigns and rulers; and the creed of JAFERI in accordance with the Isna Ashari sect, the propagation of which is now attributed to Shah Ismail of the Safavi dynasty has in fact been spread by my ancestors. And I am a remnant of that house.

Further in the "Risale Jahangir Shah" which was published by the Late Jehangir Shah, son of the above mentioned Shah Hassanalli and uncle of the present Aga Khan, in the Hijri year 1313 he has made public profession of the ISNA ASHARI doctrines both for himself and Aga Khan family and his followers. This declaration has been not been controverted nor contradicted by the present Aga Khan or any of his followers. On the contrary the present Aga Khan, immediately on his return from his pilgrimage to the Holy Shrines of the twelve Imams, ordered the publication of a book in Gujarati called "ખોજા કોમના મજહબનાં કેટલાંક મુળ તત્વો તથા ક્રિયા સંબંધી નાનું પુસ્તક" that is, "A compendium of the elements of the Khoja Religion and their ceremonies" as a guide to the Khoja community, containing the rituals, ceremonies, and laws pertaining to the performance of the daily prayers and other rites, all of which are literally in accordance with the SHIA ISNA ASHARI sect.

Finally, the most convincing evidence of the fact that the Aga Khan as well as his followers are ISNA ASHARIS and not ISMAILIS, is incontestably and irrefutably to be found in the actual practice and observance of the doctrines, tenets and ceremonies of the ISNA ASHARI creed by the whole Khoja community and their head the Aga Khan, and this we say

without fear of contradiction. The saying of the daily prayers as well as the special prayers on the **19 th, 21 st** and **23 rd** night of the month of Ramzan; all the religious ceremonies from the time that the soul has left the body down to the time that the corpse is deposited in its resting place and dust covered over it; and last by the marriage ceremonies and those performed during the Moharrum Festival, all these are strictly in accordance with the practice and tenets of the **Isna Ashari** faith.

The practice of sending the dead bodies to be buried in the sacred grounds of **Kerbela, Najaf** and **Samera** in **Asiatic** Turkey is in vogue only among the Isna Asharis. Almost all the dead bodies of the members of the Aga Khan family have been so forwarded to be interred in one or the other of the said holy places. Such a practice, however, is totally against the ISMAILIAN doctrines.

The use of tobacco in any form and the cutting of the hair of the beard are strictly forbidden by the **Ismailian** doctrines. But there are no such restrictions in the **Isna Ashari** tenets. Accordingly tobacco is freely made use of by the Aga Khan and his followers and they cut their hair of their beards without restriction.

Ismailis do not visit the Holy Shrines of **Kazmin** and **Samera,** as the Imams buried there are not recognised by them. But it was only two years ago that His Highness's mother and wife, and His Highness the Aga Khan himself about five years ago, visited these **Holy Shrines** as pilgrims, thus confirming the adherence to and profession of the **Isna Ashari** faith.

Moreover, a large number of the Khoja community annually visit these Holy Shrines as pilgrims without any hinderance or restriction on the part of His Highness the Aga Khan.

We, therefore, belive that the whole Khoja community and its head the Aga Khan are and have been from the begining professing and practising the ISNA ASHARI faith, and we challenge the Petitioners to prove the contray, or to show that they follow and practise the **Ismailian** ceremonies, tenets, or doctrines in the least, except their bare and unsupported allegations that they are Ismailis.

It has been suggested in the said petition that we should secede from the Khoja community all in a body. Having regard to the fact contained in proceding paragraphs it is idle and absurd to make any such suggestion. If the Aga Khan begins to preach to the Khojas the tenets and doctrines of the **Ismailian** creed and to bid them to discontinue the observance of the ceremonies and tenets of the **Isna Ashari** creed, which are and have been observed from time immemorial, we shall, without any suggestion or hint on the part of the adverse party, most willingly secede in a body from a community which has changed its existing creed. But so long as we and the self styled **Ismaili Khojas** remain the professors and practisers of the **Isna Ashari** creed, there is no reason nor need why we should separate from the community.

The most important and real point which Petioners have alleged and on the strength of which they ask you to move in their matter of the erection of the said mosque is that there is likelihood of the breach of the peace occurring and that their women and children passing by the said mosque would have to run the risk of being annoyed, harrassed and robbed, if the mosque is allowed to be built in the place where it is at present in the course of construction.

Let us now examine the arguments adduced by the Petitioners in the support of their contention and apprehension, their futility, worthlessness and childlish nature is clearly visible on their face. The Petitioners actually presume, without any warrant at all, that those coming to the mosque to pray are no better than mere ruffians bent upon doing mischief, and robbing their women and children passing by the mosque. Nothing could be more insulting than this malicious presumption without any ground whatsoever.

For the last six months the very building which is now only changing its name with neccessary alterations in its construction has been used as a place of worship, and no breach of the peace has ever taken place, was any cause for annoyance or complaint give nor to the neighbouring residents, to the women and the childeren of the Petitioners.

The Petitioners seem further to presume that crowds of Moguls Hindustanis, Julais, and Sidees will congregate in the said mosque to the danger and risk of their women and chidren being robbed by them. Can such statements proceed from any other motive and spirit except that of pure malice and desire to prejudice the authorities. We wonder that the Petitioners, claiming as they do to be Mahomedans — assuming that they are **Ismaili Mahomedans** — should be perfectly ignorant of one of the injunction of Islam that it is incumbent upon the devotees not to go to say prayers in a mosque far away from their residence when they have one at their disposal nearer home The Moguls, Julais and Sidees have their masjid and worshipping places near the Babula Tank. Even granting that the Julais, Hindustanis and Sidees have no mosque of their own, still to these persons the Mogul mosque is nearer, whilst the new mosque would be a very long way off from their homes, and according to the religious injunction noted above, it would be improper to come down to the new mosque intentionally, leaving the Mogul or any other nearer masjid. However, the present mosque is made exclusively for the use of the Khojas as you will see on reference to the Trust Deed which has been produced to you, and that Moguls, Julais, Siddees, etc. have no claim to the mosque

Moreover, the Petitioners full well know that the new mosque is meant solely for the use of the Khoja Shia Isna Asharis; of course, the masjid being Wakf property, no Mahomedan, whatsoever his creed, can be prevented from saying his prayer as in any mosque, and accordingly Moguls, Jullais, or Sidees, may drop in for prayer when the time for prayer is up, and there is no time to go to another mosque.

Within the last ten years a number of "Mehfils" have been formed by the Khojas which count among their numbers some of the Petitioners, and their place of meeting established within a radius of about one hundred yards from the Jamat Khana, as will be seen from the Municipal Map of Ward B, wherein their situations are marked with blue pencil. In these mehfils, majlis, prayers

and the Moharrum ceremonies as well as recitations and elegies of twelve **Imams** of the **Isna Asharis** have been invariably performed and sung from the time of their institutions, and they are and have been attended by Julais and Hindustanis. Moreover, in some cases these Mehfils occupy one storey of a house and the rest of the house is occupied by tenants, who are Khojas, many of whom belong to the adverse party. Inspite of this, no complaint has ever been made that any disburance was caused nor the Police had ever to take any precautions to prevent a breach of peace taking place, nor the women and children of the Petitioners were ever robbed, insulted, or obstructed on their way to the Jamat Khana. Is it not ridiculous to say that women and childern, who come to the Jamat Khana from such long distances, as Bhendy Bazar and Null Bazar, and who have for that purpose to pass through many streets and lanes and by masjids and worshipping places of all communities where people have congregated to pray, would be robbed, obstructed, or disturbed when passing the new mosque where the number of devotees would be greatly limited and the time taken for the performance of the daily prayers is not more than two hours in twenty four hours? Besides the **Jamat Khana** near Chinch Bunder, there is another Jamat Khana on the West Jail Road which is known as the Kandi Mohalla Jamat Khana. Many Khojas, both males and females, daily congregate in this **Jamat Khana;** and it is strange they do not take the least objection to the proximity of the **Mogul Masjid** and the **Imambara** on the same grounds as are put forth for the prevention of the new mosque.

Again it is only lately that a site for the cemetary for the Isna Asharis has been granted and a mosque erected thereon. This mosque is quite in the vicinity of the **Hasanabad** where a large number of Khojas, both males and females, daily pay visits. But no objection has been taken to its errection on the ground that Khoja women and children visiting Hasnabad will be robbed or that they will be obstructed or annoyed thereby or that a breach of the peace will take place.

It is thus as clear as the daylight that the Petitioners in asking your interference have been actuated simply by motives of pure malice, jealousy, and a morbid desire to unnecessarily create and put obstacles on our legitimate and lawful actions.

It has been allegeged in the said petition that we have been propagating the **Isna Ashari** creed and that we have been instigated thereto by Mullas. We most indignantly deny the charge thus recklessly preferred against us merely to succeed in their unlawful demand. We have no need to propagate the **Isna Ashari** creed inasmuch as it is our firm conviction and belief that all the Khojas together with His Higness the Aga Khan are and have been Isna Asharis. The only offence—if offence it be—that can be laid at our doors is that we have been trying to follow more conscientiously and scrupulously the already accepted tenets and doctrines of the Isna Ashari creed. If persons who try to strictly follow their religions according to the injunctions laid down in their religious books, be forcibly and unlawfully prevented from following them, then let the benign **Government of His Majesty under whose rule fullest religious liberty has been granted to all castes and creeds make such strict observance of one's religion penal by statute.**

If the Petitioners have only an elementary knowledge of the creed they profess to hold, they would immediately admit that it is seventy times more beneficial to say prayers in a mosque than in the house, and still more so to take part in the prayers said in a congregation This very injuction presupposes the existence and there inclucates the necessity of having a mosque. It is for this reason that in the **"Holy Quran"** it is bidden:

"Who is more unjust than he who prohibiteth the temples of God (masjids) that His name should be remembered therein, and who hasseth to destroy them, these men cannot enter therein but with fear. They shall have ashame in this world and in the next a grevious punishment." (See Sale's Quran, Chapter 2, verse 114)

But the attitude taken by the Petitioners with reference to th new mosque can, in the face of this express injuction of the Hol Koran, be counted for onlv by their ignorance and malice. Fo aught we know, if His Highness the Aga Khan were aware of th steps taken by the Petitioners, most of whom are men of no con sequence, as you will be able to ascertain from enquiries, we fee confident that fully conversant as His Highness is in the religiou tenets of the Isna Asharis, he would take his followers to task fo this their most injustifiable action and opposition.

Moreover as far as we are aware those who live in tha street as well as the owners of the houses adjacent to the propose mosque, have not shown the least objection to its building, nay, o the countray, most of the owners of the houses have shown thei approval of the same by their signatures affixed on the separat list of their names appended hereto.

Finally it is our earnest request that you would enquire whe ther the said petition really represents the views of those whose signa tures it bears. So far as our knowledge and belief go, we say that a the time the signatures were taken the petition was not in existence a all. They were taken on Blank Paper and in most cases by mean other than those which would do credit to any respectable body of men

As to the allegation made in the said petition that Sunn Khojas separation was never objected to and no friction ever took place without saying any thing more on the subjet, we beg to you to the records in your Office during the time the late Mr. FORJET was tha Police Commissioner, and you will, on reference to such records, find what an amount of trouble and annoyance was cause to the SUNNI KHOJAS by the so-called ISMAILI KHOJAS

We shall be ready to produce for your perusal and refernce the books hereinbefore reffered to and quoted from if so desired.

I have the honour to be
Sir,
Your most obedient Servant,
(By order of the Trustees)
Sd. **Hajee Abdoollabhoy Hajee Mowjee**
Hon. Secretary

[વધુ આવતા અંકે]

મજકુર પત્ર બે વાર વાંચી ગયા પછી સદરૂદીનના મગજમાં વિચારોની પરંપરા શરૂ થઈ. શું આ પત્ર સાચો હશે ? શું એમાં ઉલ્લેખ પામેલાં પુસ્તકોથી, ના. આગાખાન અને તેમના કુટુંબીઓ ઈસ્નાઅશરી હતાં, એમ સાબિત થઈ શકે છે ? શું એ પુસ્તકો સાચાં હશે ? શું એ સાઠ વર્ષ પહેલાં લખાયેલાં પુસ્તકો ગુલામઅબ્બાસ પાસે હશે ? અને એ હોય તો પછી ના. આગાખાનની ઈમામત કેવી રીતે ટકી શકે ? પણ આપણા વડીલો પાસે પણ કંઈક દલીલો હશે કે, જેના આધારે તેઓ તેમને ઈમામ તરીકે માનતા આવ્યા હશે. એવા વિચારમાં એ મોડી રાત્રે સૂઈ ગયો. કામકાજમાં બીજા બે દિવસો વીતી ગયાં.

આજે રવિવારનો દિવસ હતો. આજે સાંજે ગુલામઅબ્બાસની મુલાકાત નક્કી થયેલી. એટલે સવારે નાસ્તો કર્યા પછી સદરૂદીન પેલો કાગળ કાઢી, સાંજે શું સવાલો પૂછવા અને શી દલીલો કરવી, તેની યાદી એક કાગળ ઉપર ટપકાવવા માંડ્યો. હજુ અર્ધો કાગળ લખાઈ ગયો હશે ત્યાં તો તેનો એક દોસ્ત અને દૂરના સગપણનો ભાઈ, બદરૂદીન આવ્યો. "યા અલી મદદ" અને "મવલા અલી મદદ"ની આપ લે થઈ.

બદરૂદીનભાઈ એક ધર્મિષ્ઠ અને સીધા સાદા મોમન હતા. ગુજરાતી વાંચનનો શોખ હતો અને ઈસ્માઈલી મઝહબના શક્ય એટલા પુસ્તકો વાંચી ચુક્યા હતા. અંગ્રેજી ધોરણ ત્રણ સુધીનું જ્ઞાન હતું. મસાલાની દુકાન હતી. પૈસે ટકે સુખી હતા. સદરૂદીન સાથે સંબંધ સારો હતો. મહીનામાં અનેકવાર મુલાકાતો થતી.

તેમણે ખુરસી ઉપર બેસતાં જ પૂછ્યું : આ શું વાંચી રહ્યા છો ?

સદરૂદ્દીન—ખાસ કંઈ નથી.

બદરૂદ્દીન—તો પણ છે શું ? વાત તો કરો.

સદરૂદીને ગુલામઅબ્બાસ સાથેની બધી વાતચીત કરી. અને કહ્યું કે, આ કાગળ અંગ્રેજીમાં છે અને તમે તે સમજી શકો એટલું અંગ્રેજી જાણતા નથી.

બદરૂદ્દીન—કંઈ નહીં, તમે તો અંગ્રેજી જાણો છો ને ! તમે મને ટુંકમાં સમજાવતા આવો અને હું સાંભળતો જાઉં, તો કંઈ વાંધો છે ?

સદરૂદીન કાગળ હાથમાં લઈને તેનો ભાવાર્થ સમજાવવા લાગ્યો અને બદરૂદીન કાન માંડીને સાંભળવા લાગ્યો.

પ્રતિ,

કમિશ્નર ઓફ પોલીસ,

મુંબઈ.

મુંબઈ તા. ૧૦ નવેમ્બર ૧૯૦૦

સાહેબ,

પાલાગલીમાં બંધાતી મસ્જિદ સામે ફરિયાદ કરતી અને આપને વચ્ચે પડી તેનું ચણતર અટકાવવાની માંગણી કરતી અરજી, જે જુદા જુદા મુદ્દાઓ રજૂ કરી કેટલાંક કહેવાતા ઇસ્માઇલી ખોજાઓએ કરી છે, તે વિષે અમારો જવાબ આપે માંગ્યો છે જે અમો સહી કરનારાઓ નીચે મુજબ જણાવીએ છીએ.

એ તો સ્પષ્ટ છે કે, અરજદારો જેઓ પોતાને હીઝ હાઇનેસ આગાખાન તથા હાલના હીઝ હાઇનેસ આગાખાનની આગેવાની હેઠળની આખી ખોજા કોમ ઇસ્માઇલી હોવાનો દાવો કરે છે અને અમને ઇસ્નાઅશરી કહે છે; આ રીતે ખોજા કોમ બે જુદા જુદા ફિરકાઓમાં વહેંચાયલી છે એમ જણાવે છે, પણ આ આક્ષેપમાં અરજદારોએ મુળ હકીકતની તદ્દન ખોટી રજુઆત કરી છે.

અમારી માન્યતા હમેશાં હતી અને છે કે સર્વે ખોજાઓ તેમજ હીઝ હાઇનેસ આગાખાન તેમજ તેમના કુટુંબીઓ શુધ્ધ ઇસ્નાઅશરીઓ જ છે, જે નીચે જણાવેલ મુદ્દાઓ ઉપરથી સાફ સાફ જણાઇ આવશે.

"કન્ઝુલ મસાએબ" નામના પુસ્તકનું પ્રકાશન કે, જે આગા હસનઅલી શાહ (હસન અલ હુસયની) કે, જેઓ હાલના આગાખાનના દાદા થાય છે, તેમના હુકમ અને મદદથી પ્રગટ થયેલ છે અને તેમને જ અર્પણ કરવામાં આવેલ છે અને તેમાં શીઆ ઇસ્નાઅશરી ફિરકાના બાર ઇમામોના જીવન ચરિત્રો આપવામાં આવ્યા છે, આથી હીઝ હાઇનેસની બાર ઇમામોની માન્યતા અને મજકુર ધર્મને વળગી રહેલા છે તે ખુલ્લી રીતે દેખાઈ આવે છે.

વળી ઉપલા કથનના ટેકામાં ના. આગાખાનનું જીવન ચરિત્ર જે હિ. સન ૧૨૭૮ માં છપાયેલ-તેમાંનો પાં. ૧૮ ઉપરનો નીચેનો ફકરો સ્પષ્ટ નિવેદન છે, આનાથી વધુ સબળ પુરાવો હોય શકે નહિં. મજકુર નિવેદનમાં જણાવ્યું છે કે, "હા, મારી શકિત મુજબ મારા પવિત્ર બાપદાદાઓને પગલે ચાલી અમારા આખરી પયગમ્બર (હ.) મોહમ્મદ (સ.)ના દીનનો અને શરીઅતનો ફેલાવો અને તરક્કી કરવા હું પુરી કોશિષ કરીશ. એ ઇતિહાસથી સાબિત છે કે, મિસરમાં મારા વડવાઓએ રાજ્ય કર્યું છે અને ઇસ્નાઅશરી

મઝહબ પ્રમાણે જાહૂરી ફિરકાનો ફેલાવો સફવી કુટુંબના શાહ ઈસ્માઈલે કર્યો હતો, એમ કહેવાય છે, તે હકીકતમાં મારા વડવાઓએ ફેલાવ્યો હતો હું તે ખાનદાનમાંથી બાકી રહ્યો છું."

વિશેષમાં ઉપર કહેલ શાહ હસનઅલીના પુત્ર જહાંગીર શાહ કે, જે હાલના આગાખાનના કાકા થાય છે, તેમણે હિજરી સન ૧૩૧૬ માં એક પુસ્તક નામે "જહાંગીરશાહનો રિસાલો" પ્રગટ કરાવ્યું હતું તેમાં તેણે પોતાનો, ના. આગાખાન અને તેમના કુટુંબીઓનો અને તેમના મુરીદોનો મઝહબ ખુલ્લી રીતે ઇસ્નાઅશરી હોવાનું જણાવ્યું હતું. આ જાહેરાતનો ઇન્કાર અથવા વિરોધ, ના. આગાખાન કે તેમના કોઇ મુરીદે કર્યો નથી તેથી ઉલ્ટું હમણાના આગાખાને બાર ઈમામોની ઝિયારત કરીને પોઝ કર્યાં બાદ ગુજરાતી પુસ્તક નામે, "ખોજા કોમનાં મઝહબનાં કેટલાંક મુળ તત્વો તથા ક્રિયા સંબંધી નાનું પુસ્તક" છપાવી પ્રગટ કરાવ્યું છે. જેમાં ખોજા કોમની બંદગી, ક્રિયા કામો અને કાનૂનોનું બયાન આપેલ છે; જે બધાં શીઆ ઇસ્નાઅશરી ધર્મ મુજબ જ છે.

છેવટમાં, આગાખાન અને તેમના અનુયાયીઓનો ધર્મ ઇસ્નાઅશરી જ છે અને ઇસ્માઇલી નથી તેની ખાત્રીપૂર્વકનો અને ના ન પાડી શકાય તેવો પુરાવો તેઓની માન્યતાઓ અને ક્રિયાકામો છે, જે ઇસ્નાઅશરી મઝહબ મુજબ જ છે અને ના. આગાખાન અને તેના મુરીદો પાળે છે. તેઓની રોજંદી બંદગી અને રમઝાનની ૧૯, ૨૧ અને ૨૩ મી રાતનાં આંમાલ અને માણસના મરણથી લઇને દફન થવા સુધીની ક્રિયાઓ, તેઓની મોહર્રમ અને શાદી અને ગમીના પ્રસંગના બધાય રસ્મો ઇસ્નાઅશરી ધર્મ મુજબ જ છે. આ વિગતો અમે બેધડક અને વિરોધની બીક વગર કહીએ છીએ.

મરણ પામેલાં માણસોને દફન કરવા માટે એશિયાટીક તુર્કી (હાલનાં ઇરાક)ના કરબલા, નજફ અને સામર્રા મોકલવાની પ્રથા ઇસ્નાઅશરીઓમાં જ છે. ના. આગાખાનનાં કુટુંબીઓ પૈકી ઘણાની લાશો મજકુર ધર્મસ્થાનોમાં દફનાવવા માટે મોકલાઇ છે. આ પ્રથા ઇસ્માઇલી ધર્મની તદ્દન વિરૂધ્ધ છે.

તંબાકુનો કોઇ પણ રીતે ઉપયોગ કરવો અથવા દાઢીનાં વાલ કતરાવવાં ઇસ્માઇલી ધર્મની વિરૂધ્ધ છે. ઇસ્નાઅશરી ધર્મમાં તેની મનાઇ નથી. આગાખાન અને તેના મુરીદો તંબાકુનો છૂટથી ઉપયોગ કરે છે અને દાઢીના વાલ કતરાવે છે.

કાઝમૈન અને સામર્રાની ઝિયારતે ઇસ્માઇલીઓ જતાં નથી, કારણ કે ત્યાં દફન થયેલાં ઈમામોને તેઓ માનતા નથી, પરંતુ આજેથી માત્ર બે વર્ષ

પૂર્વે જ ના. આગાખાનની માતુશ્રી અને પત્નિ અને પાંચેક વર્ષ પહેલાં ના. આગાખાને પોતે પણ તે સ્થળોની મુલાકાત લીધી હતી. જેથી જાહેર થાય છે કે, તેઓનો ધર્મ ઇસ્નાઅશરી જ છે.

આ ઉપરાંત ખોજા કોમનાં ઘણા સભ્યો ના. આગાખાનની કહી પણ રોકટોક વગર મજકુર સ્થળોની જિયારતે જાય છે.

આથી અમો માનીએ છીએ કે, આખી ખોજા કોમ અને તેનાં વડા આગાખાન શરૂઆતથી જ ઇસ્નાઅશરી મઝહબ પાળે છે અને અમો અરજદારોને તેની વિરૂધ્ધ પુરાવો આપવાની 'ચેલેન્જ' કરીએ છીએ. વધુમાં અમે ચેલેન્જ કરીએ છીએ કે, તેઓ ઇસ્માઇલી ધર્મના ક્રિયાકામો કરે છે અને ઇસ્માઇલી છે તેની સાબિતી આપે. માત્ર તરંગી અને ઝબાની દાવો પુરતો નથી.

અમોએ, ખોજા કોમમાંથી સામુદાયી રીતે અલગ થઈ જવું, તેવું મજકુર અરજીમાં સુચવવામાં આવ્યું છે, પણ ઉપરોકત બાબતોને લક્ષમાં લેતાં આવી સુચના બેહુદી છે. જો ના. આગાખાન તેમના મુરીદોમાં ઇસ્માઇલી ધર્મ અને ક્રિયાકામોનો પ્રચાર કરવા માંડશે, તો અમો કોઈના કહ્યા કે સુચના વિના ખુશીથી તેમાંથી અલગ થશું; પણ જ્યાં સુધી અમારો ધર્મ અને કહેવાતા ઇસ્માઇલી ખોજાઓનો ધર્મ ઇસ્નાઅશરી પંથ મુજબનો છે ત્યાં સુધી અમારે નવી જમાત તરીકે જુદા થવાની જરૂર નથી.

અરજદારોએ બહુ અગત્યનો અને ખરો મુદ્દો જેના ઉપર, તમોને મસ્જિદનું ચણતર અટકાવવાનું કહ્યું છે, તે જાહેર શાંતિ અને સલામતીના ભય વિષે છે. તેઓનો આક્ષેપ છે કે, મસ્જિદ પાસેથી પસાર થતાં તેઓના સ્ત્રી બાળકોની સતામણી થવાનો અને લુંટાઈ જવાનો ભય છે, માટે મસ્જિદનું હાલની જગાએ થતું ચણતર બંધ કરાવવું.

ચાલો હવે આપણે આ દલીલને તપાસીએ. અરજદારોની બીક કેટલી બાલિશ અને નિર્થક છે તે સાફ જણાઈ આવે છે. તેઓ કશા પણ આધાર વગર એમ માની લે છે કે, નમાઝ પડવા આવનારાઓ ગુંડાઓ અને મવાલીઓ છે અને તેઓનાં હાથે તેમનાં સ્ત્રી-બાળકોના હેરાન થવાનો, અપમાનિત થવાનો અને લુંટાવાનો ભય છે! પુરાવા વગરની આનાથી વધુ બાલિશ, જેરીલી અને દ્વેષભરી બીજી કોઇ દલીલ હોઈ શકે નહીં.

છેલ્લા છ મહીનાથી એજ બિલ્ડીંગ કે, જે હાલમાં માત્ર તેનું સ્વરૂપ ફેરવી રહી છે, ત્યાં તેવી જ ક્રિયાઓ થતી હતી અને તે માટે તેના પાડોસમાં

રહેનારાઓએ કદી કોઇ ફરિયાદ કરી નથી. તો પછી અરજદારોનાં સ્ત્રી-બાળકોને મારવા અને લુંટાવાનો ભય રાખવાનું શું કારણ છે?

અરજદારો માની લ્યે છે કે, નમાઝ પઢવા આવનારા મોગલો, હિન્દુસ્તાની શીઆઓ, જુલાયાઓ, સીદીઓ દ્વારા અરજદારોના સ્ત્રી-બાળકોને લુંટાવાનો ભય રહે છે. આ આક્ષેપ કરવા પાછળ માત્ર સત્તાધિશોને અમારી વિરૂદ્ધ ઉશ્કેરવા સિવાય બીજો શો હેતુ હોઇ શકે છે? ઇસ્માઇલી મુસલમાનો તરીકે પોતાને ઓળખાવતાં અરજદારો ઇસ્લામના એક અગત્યના સિદ્ધાંત કે, તેઓએ તેમના ઘરની પાસે મસ્જિદમાંજ નમાઝ પઢવી, તેનાથી અજાણ છે. મોગલો, જુલાયાઓ અને સીદીઓની મસ્જિદ બાજુવા તળાવ પાસે તેઓનાં રહેઠાણની પાસે જ છે. જ્યારે અત્યારે બંધાઇ રહેલી મસ્જિદ તેઓના ઘરથી બહુજ દૂર છે. ઉપર કહેલા સિદ્ધાંત પ્રમાણે મોગલ મસ્જિદ મૂકીને ઇરાદાપૂર્વક નવી મસ્જિદમાં આવવું અશક્ય છે. આમ છતાં ટ્રસ્ટ-ડીડ જે તમારા સમક્ષ રજૂ કરવામાં આવ્યું છે, તે જોશો તો જણાશે કે મોગલો, જુલાયાઓ અને સીદીઓનો મસ્જિદ ઉપર કશો હક નથી, તે માત્ર ખોજાઓ માટે જ છે.

ખોજા શીઆ ઇસ્નાઅશરીઓ માટે જ મજકુર મસ્જિદ બંધાવવામાં આવે છે, તે અરજદારો સારી પેઠે જાણે છે; પણ મસ્જિદ વકફ મિલ્કત હોવાથી નમાઝ પઢવા માટે તેમાં કોઇ પણ મુસલમાન આવી શકે છે, આ અનુસાર મોગલો, જુલાયાઓ અને સીદીઓ બીજી મસ્જિદમાં જવાનો સમય ન હોય તો નમાઝ પઢવા આવી શકે છે.

છેલ્લા દસ વર્ષો દરમિયાન ઘણી મહેફિલો સ્થાપવામાં આવી છે અને કેટલાંક અરજદારો પણ તેમાં સભ્ય તરીકે શામિલ છે. આવી એક મેહફિલ જમાતખાનાથી એકસો વારની પણ અંદર છે, જે મ્યુનિસીપલ 'બી' વોર્ડનો નકશો જોશો તો જણાઇ આવશે, જેમાં મહેફિલની જગા 'બ્લુ પેન્સીલ' વડે બતાવેલી છે. મજકુર મહેફિલમાં નમાઝ, ધાર્મિક ક્રિયાઓ અને મોહર્રમની તથા બાર ઇમામોની મજલિસો થાય છે અને તેમાં ખોજાઓ ઉપરાંત હિન્દુસ્તાની શીઆઓ, જુલાયાઓ, સીદીઓ વગેરે શામિલ થાય છે. કેટલીક મહેફિલો તો ઘરનો એક જ માળ રોકે છે. અને બાકીના ભાગમાં ભાડુતો રહે છે, જેમાંના કેટલાંક તો અરજદારોના પક્ષના છે. આમ છતાં પણ કોઇએ કશી હેરાનગતી કે તોફાન થવાની ફરિયાદ કરી નથી અથવા શાંતિના ભંગ માટે પોલીસને કદી પણ દરમિયાનગીરી કરવી પડી નથી, કે અરજદારોના સ્ત્રી-બાળકોને જમાતખાને જતાં હેરાનગતી કે લુંટફાટનો અનુભવ પણ થયો નથી. બીડી બજાર, નળ બજાર અને દૂરથી જમાતખાને આવતાં, અરજદારોના

સ્ત્રી-બાળકોને ઘણા રસ્તાઓ-ગલીઓમાંથી પસાર થવું પડે છે અને તેમના રસ્તામાં ઘણી મસ્જિદો અને બીજા ધર્મોના ધર્મસ્થાનો પાસેથી પસાર થવું પડે છે; છતાં તેઓને ક્યાંય પણ નહિ અને માત્ર નવી બંધાતી મર્યાદિત સંખ્યાના ઉપયોગમાં આવનારી મસ્જિદ પાસેથી ચોવીસ કલાકમાં માત્ર બે જ કલાક પસાર થતાં હેરાનગતી અને લુંટફાટનો ડર બતાવવો કેટલો બધો ગેરવ્યાજબી અને બેહુદો ગણાય, તે આપ સમજી શકો છો. ચીંચબંદર ઉપરના જમાતખાના ઉપરાંત જેલ રોડ ઉપર પણ જમાતખાનું છે, જે કાંદી મોહલ્લા તરીકે ઓળખાય છે, તેની નજદીકમાં જ મોગલ મસ્જિદ અને ઈમામવાડો આવેલાં છે; છતાં તેના વિરૂદ્ધ અરજદારો કશો વાંધો લેતા નથી એ કેટલું આશ્ચર્યજનક ગણાય ?!

શીઆ ઇસ્નાઅશરીઓને હાલમાં જ કબ્રસ્તાન માટે જમીન આપવામાં આવી છે અને ત્યાં પણ મસ્જિદ બાંધવામાં આવી છે. મજકુર મસ્જિદ 'હસનાબાદ'-જ્યાં અરજદારોનાં પક્ષના ઘણા સ્ત્રી-પુરૂષો જાય છે-તેની નજદીક છે, આમ છતાં ત્યાં જતાં સ્ત્રી-બાળકોને હેરાનગતી કે લુંટફાટનો ડર અથવા શાંતિનો ભંગ થાય તેવી ફરિયાદ કદી થઈ નથી.

ઉપરની સઘળી બાબતોથી આપ સમજી શકશો કે, અરજદારોનો હેતુ દ્વેષપૂર્ણ અને અમારા કાયદેસરના હક્કો ઉપર ત્રાપ મારી મસ્જિદનું બાંધકામ અટકાવવાનો છે.

અરજદારો આક્ષેપ કરે છે કે, અમે મુલ્લાઓની દોરવણીથી ખોજાઓમાં ઇસ્નાઅશરી ધર્મનો પ્રચાર કરીએ છીએ. તેઓના આ બેહુદા આક્ષેપનો અમે સખ્ત વિરોધ કરીએ છીએ અને કહીએ છીએ કે, તેઓનાં નીચ ધ્યેયની સિદ્ધી અર્થે તે કરવામાં આવ્યો છે. ઇસ્નાઅશરી ધર્મનો પ્રચાર કરવાની અમને કશી જરૂર નથી, કારણ કે અમે મક્કમ રીતે માનીએ છીએ કે, ના આગાખાન અને ખોજાઓનો ધર્મ શીઆ ઇસ્નાઅશરી જ છે. અમારો કોઇ દોષ હોય તો એટલો જ કે, અમો ધર્મનું ચુસ્તપણે પાલન કરીએ છીએ. જો આમ કરવું ગુનાહિત લેખાતું હોય તો, અને બળપૂર્વક તેને અટકાવવું હોય તો, કાયદો કરીને બ્રિટીશ સરકારે-જેના રાજ્ય અમલમાં દરેક ધર્મ પાળવાની છુટ છે-ચુસ્તપણે ધર્મ પાળવાની મનાઇ કરવી જોઇએ.

અરજદારોને તેમના ધર્મનું પ્રાથમિક જ્ઞાન પણ હોય, તો તેઓને કબુલ કરવું પડશે કે, ઘર કરતાં મસ્જિદમાં નમાઝ પડવાનો સિત્તેરગણો સવાબ છે અને જમાત સાથે તો તેનાથી પણ વધારે. આ માટે જ મસ્જિદની જરૂર

પવિત્ર કુરઆન શરીફમાં કહ્યું છે કે, "ખુદાના ઘર (મસ્જીદ) માં તેના નામનો ઝિક્ર થતો અટકાવનારથી વધારે અન્યાયી કોઈ નથી. જે તેને યાદ કરવા જાય તેનો નાશ કરવાની ધમકી આપે, તેઓ આ અને આવતી દુનિયામાં ભયંકર સજા ભોગવશે." (સુ. બકરહ આ.-૧૧૪)

પવિત્ર કુરઆનની આવી સ્પષ્ટ આજ્ઞા વિરૂદ્ધ અરજદારોની ફરિયાદ તેમનું અજ્ઞાન અને દ્વેષભાવ પ્રગટ કરે છે. અમોને ખાત્રી છે કે, જો ના. આગાખાન તેઓ ધર્મના ફરમાનથી સંપૂર્ણપણે વાકેફ છે, તેઓને અરજદારોની ફરિયાદોથી વાકેફ કરવામાં આવે, તો તેમને તેમના અન્યાયી અને બિહુદા વર્તન માટે સખ્ત ઠપકો અને નસીહત આપે.

અમોને ખબર છે ત્યાં સુધી મસ્જિદની ગલીમાં રહેનારાઓ અને મકાન માલિકોને મસ્જિદ સામે જરાય વાંધો નથી. તે આ સાથે જોડેલી યાદી પરની તેઓની સહીઓથી સાબિત થશે.

અંતમાં અમે વીનંતી કરીએ છીએ કે, અરજીમાં સહીઓ કરનારાઓને પુછી ખાત્રી કરો કે, અરજીની વીગતો તેમની માન્યતા પ્રમાણે છે કે કેમ? અમારી માહિતી પ્રમાણે સહીઓ લેવાઇ ત્યારે અરજીની હસ્તી જ નહોતી. કોરા કાગળ ઉપર અને જવાબદાર વ્યકિતઓને શોભા ન આપે એવી રીતે સહીઓ લેવાઇ છે.

તેઓનો છેલ્લો આક્ષેપ કે સુન્ની ખોજાઓ જુદા પડ્યાં ત્યારે કશો વિખવાદ થયો નહોતો, તેના જવાબમાં અમે માત્ર એટલું જ જણાવીશું કે, માજી પોલીસ કમિશ્નર મી. ફેરન્ટેના સમયના પોલીસ-દફતરો તપાસશો તો જણાશે કે, સુન્ની ખોજાઓને કહેવાતાં ઇસ્માઇલી ખોજાઓ તરફથી કેટલો ત્રાસ અને હેરાનગતી ભોગવવી પડી હતી.

આપને જરૂર જણાય તો ઉપર લખેલ ચોપડીઓ અને પુરાવાઓ આપ સમક્ષ રજૂ કરીશું.

હું છું આપનો આજ્ઞાકિંત સેવક,

(સહી) હાજી અબ્દુલ્લાહ હાજી માવજી

(ટ્રસ્ટીઓના હુકમથી)

માનદ સેક્રેટરી

પત્ર પુરો થયો એટલે બદરૂદીને કહ્યું: સદરૂદીનભાઈ, મારી વાત માનતા હો તો ગુલામઅબ્બાસ સાથે આવી ધાર્મિક ચર્ચા કરવાનું માંડી વાળો. આપણો ધર્મ આપણી સાથે, તેનો તેની સાથે. નહિ તો તમારૂં ઈમાન નબળું પડી જશે.

સદરૂદ્દીન—તમે નચિંત રહો. મારી શ્રદ્ધા કદી ડગે એમ નથી. બલ્કે તમે જોજો, થોડા સમયમાં ગુલામઅબ્બાસને આપણા સતપંથમાં લાવીને જ રહીશ. હું તેની સાથે બુદ્ધિપૂર્વકની દલીલ કરીશ કે આપણો જ પંથ સાચો છે. અને અમારા હાજર ઈમામ આ જમાનાના ઈમામ છે.

બદરૂદ્દીન—મને યોગ્ય લાગી તે તમને સલાહ આપી, પછી તો આપની મરજી.

સદરૂદ્દીન—મવલાની મદદ હશે તો સૌ સારા વાના થશે. આપ નચિંત રહો.

"યા અલી મદદ" અને "મવલા અલી મદદ"ની આપલે કરી બદરૂદ્દીન પોતાના ઘેર જવા રવાના થયો. અને સદરૂદીને કાગળમાં બાકીની વાદી ટપકાવીને ખિસામાં મૂકયો.

સાંજે ચારે વાગે સદરૂદીન ગુલામઅબ્બાસને મળવા ગયો, ચા-પાણી પીધા પછી ગુલામઅબ્બાસે પૂછ્યું: કેમ ભાઈ, તમે પેલો કાગળ વાંચ્યો?

સદરૂદ્દીન—હા, પણ આ તો ટાઇપ કરેલી નકલ છે, એની સચ્ચાઈમાં શંકા થાય એવું છે.

ગુલામઅબ્બાસે કબાટમાંથી આઠ પાનાની ચોપડી કાઢી અને બતાવતાં કહ્યું, કે મર્હૂમ હાજી અબ્દુલ્લાહભાઈ હાજી મામજી અને તે વખતના ટ્રસ્ટીઓ બહુ દુરઅંદેશ હતાં અને કમિશ્નરને મોકલાવેલો કાગળ માત્ર ઓફિસની ફાયલમાં નહીં રાખતા પુસ્તિકારૂપે છપાવીને લોકોમાં ફેલાવી દીધો હતો. સાથે સાથે એ પણ જાણી લ્યો કે, આ છપેલી નકલ જાણીતા કરનાઅશરી લેખક મિ. રઝા સુરતી પાસે છે. એમની પાસેથી દસ વર્ષ અગાઉ મને મળતાં, મેં તેના ઉપરથી નકલ ટાઇપ કરેલી. ભાઈ રઝા સુરતી અત્યારે "રકત પિપાસુઓ" નામે એક પુસ્તક લખી રહ્યા છે, જેમાં અલમોતના કિલ્લાના સરદાર હસન બિન સબ્બાહને ઇતિહાસની રોશનીમાં ખરા સ્વરૂપે રજૂ કરી રહ્યા છે. આપ આ પત્રમાં શંકા દર્શાવશો એમ મને લાગતા ગઈ કાલે જ એમની પાસેથી આ અસલ નકલ લઈ આવ્યો છું. આપ બન્નેને મેળવી જુઓ, જેથી ખાત્રી થઈ જાય.

સદરૂદ્દીન બન્ને નકલો લઈને મેળવવા લાગ્યો અને ગુલામ અબ્બાસ પુસ્તક વાંચવામાં તલ્લીન થઈ ગયો.

આખોય પત્ર જોઈ ગયા પછી તેણે કહ્યું કંઈ ખાસ ફરક નથી, પણ માત્ર ક્યાંક ટાઈપ કરતાં સ્પેલીંગની ભૂલો રહી જવા પામી છે અને કાગળની શરૂઆતના પહેલા પેરેગ્રાફના છેવટે We, the undersigned, as follows. ને બદલે we the undersigned **beg to state** as follows જોઈએ. બાકી બધું બરાબર છે.

સદરૂદ્દીને કહ્યું કે, આ પત્ર વિષેની ચર્ચા આપણે પછી કરશું, પ્રથમ એ જણાવો કે આ પત્રમાં દર્શાવેલાં પુસ્તકો, જે સાઠ વર્ષ પહેલાના છે તેમાંના કોઈ પણ તમારી પાસે છે કે નહીં? આમ કહીને સદરૂદ્દીને પોતાની યાદી કાઢીને વાંચવાનું શરૂ કર્યું—

૧–કન્ઝુલ મસાએબ.

૨–ના. આગાખાન પહેલા આગા હસનઅલી શાહનું જીવન ચરિત્ર. જે હિ. સ. ૧૨૭૮ માં મુંબઈમાં છપાયેલ તે.

૩–આગા જહાંગીરશાહનો રિસાલો જે હિ. સ. ૧૩૧૩ માં છપાયેલ.

૪–ખોજા કોમના મઝહબનાં કેટલાંક મૂળ તત્વો તથા ક્રિયા સંબંધી નાનું પુસ્તક, જે ના. આગાખાન સુલતાન મોહમ્મદશાહે હિ. સ. ૧૩૧૨ માં છપાવેલ.

ગુલામ અબ્બાસે હસતાં હસતાં કહ્યું, દોસ્ત, સદરૂ! એક નહીં પણ એમાં જણાવેલાં બધા પુસ્તકો મારી પાસે છે. કહો આપને કયું પુસ્તક જોઈએ છે? સદરૂદ્દીને કહ્યું, મહૂર્મ ના. આગાખાન સુલ્તાન મોહમ્મદશાહે આજથી ૭૦ વર્ષ પહેલાં લખેલું "ખોજા કોમનાં–મઝહબનાં કેટલાંક મૂળ તત્વો અને ક્રિયા સંબંધી નાનું પુસ્તક" પ્રથમ આપો. ગુલામ અબ્બાસે કબાટમાંથી મજકુર પુસ્તક કાઢી આપ્યું. ત્યાર પછી બન્ને મિત્રો અહિં તહીંની વાતો કરીને છુટા પડ્યાં. સદરૂદ્દીન સાંજની દુઆ પઢીને જમ્યા બાદ એ પુસ્તક વાંચવા માંડયો.

THE RIGHT PATH

PART I

(Second Edition)

A BOON FOR THE SEEKERS OF TRUTH

IS THERE A WHY TO RESOLVE SHI'AH - SUNNI DIFFERENCES?

For centuries this problem has engaged the attention of Muslim divines and scholars. **The Right Path** is the result of an attempt to seek the Truth by two learned divines, a Shi'ah of Lebanon and a Sunni of Egypt. It is a collection of thier long and discursory correspondence carried out in a most courteous and dispassionate manner. The book abounds with references from the authentic books accepted by the majority of Muslims.

The original collection in Arabic entitled "Al-Muraaji'aat" was published in 1936. It has also appeared in Persian and Urdu and been partly published in Gujarati.

Now an English translation in simple, appealing language by Mr. Mohammad Amir Haider Khan, Maharaj Kumar of Mahmudabad, Bar-at-law, is being presented to the public for their open-minded and unbiased study. This first part contains 12 out of the 112 letters.

Price **50** nP.

Available at :-

ALAMDAR BOOK DEPOT

58, Samuel Street,
Near Khoja Musjid, Palagali,
Bombay-9.

ખોજા કોમના

મઝહબનાં

કેટલાંક મૂળતત્વો

તથા

ક્રિયા સંબધી નાનું પુસ્તક.

, કર્તા
નામદાર હીઝ હાઇનેસ આગા સુલતાન
મુહમ્મદ શાહા આગાખાન.
ખોજાના પીર.

મુંબઇ.
ધી "ગુલામેહુસેન" છાપખાનામાં છપ્યું છે.
સન ૧૩૧૨ હીજરી

બિસમિલ્લા હિર્રરહમા નિર્રહીમ

"અલ્લહમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન, વસ્સલાતે વસ્સલામો અલા મુહમ્મદિન વ આલેહી અજમઈન". ખુદાવ કરીમની તારીફ કરીને અને તેના દોસ્ત મુહમ્મદ મુસ્તફા સલલ્લાહો અલય વઆલેહી વસલ્લમ. અને તેની ઓલાદ ઉપર સલવાત પઢીને મારા તમા મુરીદોના હરરોજનાં આમાલને વાસ્તે આ ટુંકમાં લખેલી નાની કીતાબ બનાવી છે. અને બેશક મારા તમામ મુરીદોની ફરજ છે કે તેમણે આ નાની કીતાબ વાંચવી એમાં નમાઝ અને રોઝાના સવાલો બાબત મેં ટુંકમાં લખાણ કર્યું છે. અને તેટલા માટે તેઓએ તે પ્રમાણે ચાલવું. મારા મુરીદો પા હરરોજની "ઉસુલેદીન" (દીનના મૂળતત્વો) તથા "ફુરૂએદીન" (દીનની શાખા) ના સવાલો બાબત નાની કીતાબ ન હતી તેથી મેં આ નાની કીતાબ મારા તમામ મુરીદોને વાસ્તે લખી છે, તે એવા હેતુથી કે તેઓ તે પ્રમાણે ચાલે, અને તે તેમના હરરોજના અમલને વાસ્તે ખાસ ઉપયોગી થઇ પડે. વળી આ લખવાનો મારો બીજો હેતુ એ છે કે તેઓ નમાઝ પઢતી વખતે નમાઝનો અર્થ સારી રીતે સમજે અને પોપટની માફક નમાઝ પઢે નહીં. મારા તમામ મુરીદોને લાઝીમ છે કે તેઓએ કોઇપણ શખસની સાથે દુશમનાઇ ન કરવી, તથા કોઇને પણ ઇજા ન કરવી, તથા કોઇપણ શખસ ઉપર જુલમ ન કરવો એટલુંજ નહીં પણ હેવાન ઉપર પણ જુલમ ન કરવો કારણકે જુલમ કરનાર ઉપર ખુદા નારાજ થાય છે, સઘળાઓએ એક બીજા પોતાના ભાઇ માફક ચાલવું તથા પોતાના જાતભાઇઓ ભલાઇથી ચાલે એમ ખુદાપાસે માંગવુ, તથા તમામ માણસ જાત સાથે નેકી કરીને તેમને ખુશી રાખવાની કોશેશ કરવી. કોઇપણ માણસ ઉપર જુલમ ન કરવો, તથા કોઇ સાથે જુઠું ન બોલવું, તેમજ કોઇની સાથે અનીતી ન કરવી. તમામ માણસ જાત સાથે તેમાં ઘણું કરીને દીનભાઇઓ તથા ઇમાનદારો સાથે ભલાઇથી ચાલવું, એવો દીનનો અર્થ થાય છે.

(સહી) સુલતાન મુહમ્મદ બીન અલીશાહ અલ હુસયની.

બિસમિલ્લા હિર્રરહમા નિર્રહીમ

"અલહમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન, વસ્સલાતો વસ્સલામો અલા ખય્યેર ખલકેહી મુહમ્મદિન ખાતમીન નબીઈના વ અલા અમીરિલ મોમેનીના અલી ઇબ્ને અબી તાલેબિન વ આલેહી અજમઈન."

ખુદાવંદે કરીમની તારીફ કરીને તથા ખુદાના દોસ્ત મુહમ્મદ મુસ્તફા સલ્લલાહો અલયહે વ આલેહી વસલ્લમ ઉપર અને છેલ્લા પયગમ્બર ઉપર, અને અમીરિલ મોમનીન અલી ઇબ્ને અબી તાલિબ ઉપર અને તેમની ઓલાદ ઉપર સલવાત પઢીને નીચે લખેલી ઇમાનની શરતોથી વાકેફ થવું જોઇએ—

ઇમાનની શરતોમાંની પહેલી શરત એ છે કે ખુદા એકજ છે. એ નથી, એટલે ખુદાની પાક જાત એકજ છે. ખુદા બધી ચીજોનો, આસમાનોનો તથા જમીનોનો પેદા કરનાર છે. અને આસમાનોમાં તથા જમીનોમાં જે કાંઇ છે તે સઘળું તેણેજ પેદા કર્યું છે. ખુદા સઘળી ચીજોનો જાણનાર છે. તે કોઇપણ ચીજથી ઘેરાયલો નથી, તે કોઇપણ ચીજનો બનેલો નથી, તેણે કોઇ પણ ચીજને જન્મ આપ્યો નથી, અને તે કોઇપણ ચીજમાં મળી જતો નથી, ખુદા હર જગાએ હાજર છે અને સઘળું જુએ છે. ખુદાની જાત બીલકુલ આંખે દેખાતી નથી. પણ ઇમાનદાર લોકો સચ્ચાઇ તથા ઇમાનને આધારે તેને ઓળખી સકે છે. ખુદા પોતાની ખુદાઇમાં એકલોજ છે તથા તે એકજ છે, અને તે સઘળી ચીજો ઉપર સત્તા ધરાવે છે.

ઇમાનની શરતોમાંની ત્રીજી શરત એ છે કે ખુદાએ પોતાના બંદાઓના છુટકારા સારૂ તથા તેમને સારો રસ્તો બતાવવા સારૂ સઘળા પેગમ્બરોને મોકલ્યા છે. અને તે પેગમ્બરોના હાથમાં આસમાનથી ઉતરી આવેલી કીતાબો આપી છે. અને તેણે અસલથી તે આખર સુધી જે જે ચીજો પેદા કરેલી છે, તે સર્વે ચીજોમાં આપણા છેલ્લા પેગમ્બરને સૌથી શ્રેષ્ઠ બનાવ્યો છે. અને છેલ્લા પેગમ્બરના ધરમે બીજા તમામ ધરમોને કયામત સુધી રદ બાતલ કર્યા છે.

ઇમાનની શરતોમાંની ચોથી શરત ઇમામત છે, એટલે હઝરત અમીરૂલ મોમનીન અલી ઇબ્ને અબીતાલિબ પોતે ખલીફા છે, તથા પેગમ્બરની પછીના તરતના ગાદી વારસ છે, અને આ બાબત ઉપર ઇતબાર રાખવો વાજીબ છે. અને હઝરત અમીરૂલ મોમનીન તથા હઝરત રસુલે ખુદા એકજ નુરમાંથી થયા છે; અને તમામ ઇમામોને જે ઇમામત આપવામાં આવી છે, તે હજરત અમીરૂલ મોમનીનની ઓલાદ, બીબી ફાતમાથી ઉતરી આવેલી છે તેનેજ આપવામાં આવી છે, અને તે ઇમામત કયામતના દીવસ સુધી કાયમ છે, જે જે બંદાઓ બીબી ફાતમાની પાક ઓલાદને મજબુત રીતે પકડી રાખશે તોજ તેઓનો આ દુનીયામાં તેમજ બીજી દુનીયામાં છુટકારો થશે.

ઇમાનની પાંચમી અને છેલ્લી વાજીબ શરત એ છે કે અસલથી આખર સુધી પેદા થએલા લોકો કયામતને દીવસે પાછા ઉઠશે, અને તેમનો અદલ

ઈન્સાફ થશે અને કયામતના દીવસે તેઓ પાછા ઉઠશે એવો એતેકાદ (એ આકીન) રાખવું વાજીબ છે, અને તે દીવસે તેઓ જરૂર પાછા ઉઠશેજ અ તે દીવસે ખુદાના હુકમો તથા ફરમાનો અદલ ઈનસાફથી માલમ પડશે.

"ફુરૂએદીન" (દીનની શાખા) નીચે મુજબ ચાર છે :–

(૧) નમાઝ; (૨) રોજા; (૩) ખુમ્સ; તથા (૪) ઝકાત.

"ફુરૂએદીન"ની દરેક શાખાનું વીગતવાર બ્યાન તેની યોગ્ય જગાએ કરવામાં આવશે.

(૧) "નમાઝ"

નમાઝ પઢનારે જે ત્રણ ચીજો નમાઝ પઢવાની પહેલાં કરવાની છે વિષે જાણવું જોઈએ. તે ત્રણ ચીજો આ મુજબ છે :–

પહેલી 'ગુસલ'; બીજી 'વઝુ'; અને ત્રીજી 'તયમ્મુમ'.

ગુસલ કરવાની (એટલે શરીરને ધોઈ પાક કરવાની) બે રીત છે. પહેલી 'તરતીબી' (શરીરના ભાગ જલદી જલદી એક પછી એક અટકયા વગર ધોવા તે); અને બીજી 'ઇરતેમાસી' (એટલે પાણીમાં ડુબકી મારીને નાહવું તે.)

"ગુસલે તરતીબી" કરવાની રીત.

ગુસલે તરતીબીમાં માથું તથા ગરદન ધોવાં, તે એવી રીતે કે દાઢીના તથા માથાના બાલની નીચે પણ પાણી પહોંચે વળી કાન, આંખ તથા નાકના બાહેરના ભાગ ધોવા; ત્યારપછી જમણી બાજુનું શરીર; પગની આંગળીઓના ટેરવાં સુધી ધોવું; અને જમણી બાજુ ધોતી વખતે ડાબી બાજુનું શરીર જરા ધોવું. ત્યારપછી ડાબી બાજુનું શરીર ધોવું; અને ડાબી બાજુ ધોતી વખતે જમણી બાજુનું શરીર જરા ધોવું. જમણી તથા ડાબી બાજુના ખાનગી ભાગને પણ ધોવા.

"ગુસલે ઈરતેમાસી" કરવાની રીત.

ગુસલે ઇરતેમાસીમાં નીય્યત કર્યા પછી પાણીમાં ડુબકી મારવી, એવી રીતે કે પાણીમાં આખું શરીર ભીંજાય એટલું જ નહીં, પણ વાળ તથા નખની નીચે પણ પાણી જાય, પણ ગુસલ કરવાનું પાણી નાપાક ન હોવું જોઈએ, તેમ તે ખાલીસ હોવું જોઈએ (એટલે કોઈપણ બીજી જાતની ચીજ સાથે ભળેલું હોવું ન જોઈએ.) અને તે પાણી તમારા ગુસલ કરવાથી રાજી ન હોય એવા શખસની મીલકત હોવી ન જોઈએ. વળી ગુસલ કરનારનું આખું શરીર પાક હોવું જોઈએ. શરીરમાં કોઈ જાતની નાપાકી હોય તો તે

ાક પાણીથી બે વખત ધોઈ નાખીને દુર કરવી, અને પાણી વધારે હોય તો નાપાકી ભાગ બે વખત પાણીની અંદર ડુબાડ્યો એમ કર્યાથી શરીર પાક ાય છે. પણ હાથ, પગ કે શરીરના હરકોઈ ભાગને પાણી પોંહોંચવામાં કોઇ ાણ રીતે અટકાવ થતો હોય તો તે અટકાવ દુર કરવો જોઇએ કે જેથી કરીને ારીરના જાહેર (ઉઘાડા) ભાગને પાણી પોંહોંચે.

"વઝુ" કરવાની રીત.

વઝુ કરતી વખતે પહેલાં નિય્યત કરીને પછી ચહેરાને કપાળ ઉપર વાળ ઉગે છે ત્યાંથી તે હડપચી સુધી ઉભો ધોવો, અને કાન સુધી આડો ધોવો. પછી જમણો હાથ કોણીથી તે આંગળીઓનાં ટેરવાં સુધી ધોવો; પછી ડાબો હાથ કોણીથી તે આંગળીઓનાં ટેરવાં સુધી ધોવો; પછી માથાના તાલકા ઉપર ાણ એક આંગળ મસહ કરવો (એટલે હાથ ફેરવવો.) પછી જમણા પગની આંગળીઓનાં ટેરવાંથી તે પગની ઘુંટી સુધી એટલે પગના પંજા ઉપર મસહ કરવો (એટલે હાથ ફેરવવો); પછી ડાબા પગની આંગળીઓનાં ટેરવાથી તે ઘુંટી સુધી એટલે પગના પંજા ઉપર હાથ ફેરવવો. અને આ કામ અટકયા વગર લાગટ કરેલું જોઇએ અને વઝુ કરવાના ભાગ પાક હોવા જોઇએ. વઝુનું પાણી પાક હોવું જોઇએ, અને તે ખાલીસ હોવું જોઇએ (એટલે બીજી કોઈ પણ ચીજ સાથે ભળેલું હોવું ન જોઇએ). અને વઝુનું પાણી બીજા કોઈ કામસનું હોવું ન જોઇએ. અને જે ભાગ ઉપર વઝુ કરવી હોય તે ભાગને પાણી પોંહોંચવામાં અડચણ કરનારી કાંઈ ચીજ હોય, તો તે ચીજ શરીર ઉપરથી કાહાડી નાખવી જોઇએ.

"તયમ્મુમ કરવાની રીત.

તયમ્મુમ કરતી વખતે બન્ને હથેળી સાથે રાખીને જમીન ઉપર પછા-ડવી અને તેને કપાળ ઉપર વાળ ઉગવાની જગાથી તે આંખના ભવાં સુધી ફેરવવી. પછી જમણા હાથના પોંહોંચાં ઉપર કાંડથી તે આંગળીઓનાં ટેરવાં સુધી ડાબો હાથ ફેરવવો. પછી ડાબા હાથના પોંહોંચા ઉપર કાંડથી તે આંગળીઓનાં ટેરવાં સુધી જમણો હાથ ફેરવવો.

પાક માટી ઉપર તથા પાક પથ્થર ઉપર તયમ્મુમ કરી શકાય છે.

બાબ

'નમાઝ સહી થવાની દસ શરતો બાબત.'

(૧) 'ગુસલ': મરદ જનાબતથી (એટલે સ્ત્રી સાથે સોબત કર્યાથી) તથા મુડદું ઠંડું પડી ગયા પછી તેને હાથ લગાડવાથી નાપાક થાય

ત્યારે તેણે ગુસલ કરવી વાજીબ છે; અને સ્ત્રી જનાબતથી (એટલે મરદ સાથે સોબત કર્યાથી) તથા મુડદું ઠંડું પડી ગયા પછી તેને હાથ લગાડ્યાથી, તથા હએઝ (અટકાવ)થી, નીફાસ (જણવા)થી તથા ઇસ્તેહાઝાથી (અટકાવની મુદત પછી લોહીના વહેવા)થી નાપાક થાય ત્યારે તેણે ગુસલ કરવી વાજીબ છે.

(૨) 'વઝુ': જે મરદ જનાબતથી (એટલે સ્ત્રી સાથે સોબત કર્યાથી) તથા મુડદાને હાથ લગાડ્યાથી નાપાક થયો ન હોય તેને વાસ્તે વઝુ છે; અને જે સ્ત્રી જનાબતથી (એટલે મરદ સાથે સોબત કર્યાથી) હએઝથી નીફાસથી કે ઇસ્તેહાઝાથી કે મુડદાને હાથ લગાડ્યાથી નાપાક થઈ ન હોય તે સ્ત્રીને વાસ્તે વઝુ છે.

(૩) 'તયમ્મુમ': જ્યારે ગુસલ તથા વઝુ કરવું અશક્ય હોય ત્યારે તેને બદલે તયમ્મુમ કરવામાં આવે છે.

(૪) 'સીજદો': ખાવા પીવાની, પહેરવા ઓઢવાની અને ધાતુની ચીજ ન હોય તે ઉપર સીજદો કરવો.

(૫) માણસે નમાઝ પઢતી વખતે પોતાના આગલા તથા પાછલા ખાનગી ભાગ ઢાંકવા જોઈએ, એટલે પોતાની ડુંટીથી તે ઘુંટણ સુધીનો ભાગ ઢાંકવો જોઈએ; અને સ્ત્રીએ પોતાના શરીરના તમામ ભાગ ઢાંકવા જોઈએ તે એટલે સુધી કે માથાના વાળપણ ઢાંકવા જોઈએ; પણ જો સ્ત્રીનો ચેહેરો તથા તેના પગનો પંજો ખુલ્લો રહે તો અડચણ નહીં, પણ પગનું તળીયું દેખાવવું ન જોઈએ.

(૬) નમાઝ પઢનારની સીજદાની જગા, તેનાં કપડાં, તથા તેનું શરીર પાક હોવું જોઈએ; કારણ તેમાંથી કાંઈપણ નાપાક હોય તો નમાઝ રદ બાતલ થાય છે.

(૭) નમાઝ પઢનારની જગા, મુસલ્લા (પાથરણું) તથા કપડાં એવા કોઈ પારકા શખસનાં હોવા ન જોઈએ કે જે શખસ એવી જગા, મુસલ્લા અથવા કપડાંનો તે નમાઝ પઢનારને ઉપયોગ કરવા દેવાને ખુશી ન હોય.

(૮) 'નીય્યત' એટલે પોતાને શું કામ કરવું છે તે જાણવું, તે વીશે મનમાં ઠરાવ કરવો, અને તે કામ ખુદાની નજદીક જવા સારૂ કરવું છે એમ મનમાં ઠરાવ કરવો.

(૯) નમાજ પઢતી વખતે મોઢું કીબલા તરફ કરવું અને જ્યાં સુધી નમાઝ પઢતા હોય ત્યાં સુધી કીબલા તરફથી મોઢું ફેરવવું ન જોઈએ.

(૧૦) નમાઝ પઢવાની વખતેજ નમાઝ પઢવી. કારણ વાજબ નમાઝ માટે મુકરર કરેલા વખતની અગાઉ નમાઝ પઢવામાં આવે તો નમાઝ રદ બાતલ થાય છે.

બાબ

"નમાઝ પઢવાના વખત બાબત."

નમાઝ પઢવાનો વખત જાણવો જોઇએ, અને તેમાં વધારો ઘટાડો કરવો ન જોઇએ. નમાઝ પઢતી વખતે અગીયાર બાબતો ઉપર ધ્યાન આપવું જોઇએ. જેમાંની પાંચ '**રૂકની**' (મુખ્ય) છે, અને તે પાંચમાંની કોઇપણ એક જાણી જોઇને અથવા ભુલચુકથી અથવા અણસમજથી છોડી દેવામાં આવે તો નમાઝ રદ બાતલ થાય છે. તે પાંચ રૂકની (મુખ્ય) બાબતો નીચે મુજબ છે.

પહેલી, "**તકબીરતુલ એહરામ**" એટલે "**અલ્લાહો અકબર**" જે નમાઝની શરૂઆતમાં બોલાય છે તે બોલતી વખતે ઉભા થવું જોઇએ; અને રૂકુ કર્યા પછી (એટલે ઘુંટણ સુધી હાથ પોંહોંચે એટલું નમ્યાપછી) ઉભા થવું જોઇએ.

બીજી, "**નીય્યત**" એટલે પોતાને શું કામ કરવું છે તે જાણવું જોઇએ, અને નમાઝ પુરી થાય ત્યાંસુધી નીય્યતથી બહાર જવું ન જોઇએ.

ત્રીજી, "**તકબીરતુલ એહરામ**" એટલે "**અલ્લાહો અકબર**" બોલવું જોઇએ. તે છોડી દેવું ન જોઇએ.

ચોથી, "**રૂકુ**" (એટલે ઘુંટણસુધી હાથ પોંહોંચે એટલું નમવું) નમાઝની દરેક રકઆતમાં રૂકુ એક વખત કરવી જોઇએ.

પાંચમી, "**સીજદાઓ**" તે નમાઝની દરેક રકઆતમાં બે વખત કરવા જોઇએ.

બીજી ૭ બાબતો "**ગયરે રૂકની**" છે (એટલે મુખ્ય નથી.) અને તેમાંની કોઇપણ એક જાણી જોઇને અથવા અણસમજથી છોડી દેવામાં આવે તો નમાઝ રદ બાતલ થાય છે, પણ જો તે ભુલ ચુકથી છોડી દેવામાં આવે તો તેના ઇલાજ છે. તે ૭ બાબતો નીચે મુજબ છે.

પહેલી, "**તરતીબ**" (એટલે નમાઝના કાયદા મુજબ દરેક બાબત અનુક્રમે એક પછી એક કરવી તે).

બીજી, "ઝીકરે રૂકુ" (એટલે રૂકુમા જે પઢવાનું છે તે). "ઝી સુજુદ" (એટલે સીજદામાં જે પઢવાનું છે તે) તથા "તસબીહાતે અરબ (એટલે જે ચાર તસબીઓ પઢવાની છે તે).

ત્રીજી, "હમ્દ તથા સુરાહ"નું પઢવું (એટલે અલહમ્દોનો પઢયા પછી બીજો કોઈ પણ એક સુરો પઢવો.)

ચોથી, "તશ હહુદ" (એટલે દરેક બે રકઆત નમાઝ પછી બેશી શહાદત તથા સલવાત પઢવી તે.)

પાંચમી, "સલામ" પઢવી તે.

છઠ્ઠી, "મવાલાત" એટલે નમાઝની બાબતો એક પછી એક અટક વગર કરવી તે.

બાબ

'નમાઝ રદ બાતલ થાય છે તે બાબત.'

હેઠળ લખેલી ૧૫ બાબતો ઉપરથી નમાઝ રદ બાતલ થાય છે.

પહેલી તથા બીજી,—નમાઝ પઢતી વખતે ખાય અથવા પીએ, અથવ થોડું પણ ખાય અથવા કાંઈ ચીજ ખાતો હોય એમ દેખાય તો નમાઝ ર બાતલ થાય છે.

ત્રીજી,—નમાઝ પઢતી વખતે અવાજ કરીને અથવા વગર અવાજે હસે અથવા હસવું આવે તે દીલમાંને દીલમાં એવી રીતે દાબીદે કે જેથી નમાઝ પઢનારની હાલતમાં કાંઈ ફેરફાર થાય તો, નમાઝ રદ બાતલ થાય છે; પણ મ્હોમલકાવે કે જેથી નમાઝ પઢનારની હાલતમાં ફેરફાર ન થાય તો તેમાં કાંઈ અડચણ નથી.

ચોથી,—નમાઝ પઢતી વખતે દુનીયાદારીનાં કામોને વાસ્તે રડવું, જેમકે કાંઈ દુનીયાદારીમાં નુકસાન થયું હોય તેને વાસ્તે, અથવા કોઇના મોતને વાસ્તે રડવું, પણ ખુદાની ધાસ્તીથી, જહન્નમની આતશથી અથવા બહેસ્તની આશાથી રડવું આવે અને સૈયદ મઝલુમ હુસેન ઈબ્ને અલીને વાસ્તે રડવું આવે તો તેમાં કાંઈ અડચણ નથી.

પાંચમી,—નમાઝ પઢતી વખતે કુરાન તથા દુઆ તથા ખુદાના નામ સિવાય, બીજી કોઇ વાત કરવાથી નમાઝ રદ બાતલ થાય છે. અને તે વાત જેનો અર્થ સમજાતો હોય એવા એક અથવા બે શબ્દોની હોય તો પણ નમાઝ રદ બાતલ થાય છે.

છઠ્ઠી તથા સાતમી,—નમાઝ પઢતી વખતે વગર તકીય્યે (જીવ ઉપર જોખમ આવી પડવાથી હાથ બાંધીને નમાઝ પઢવી પડે તે સિવાય) બન્ને હાથ બાંધવાથી અને અલહમદના સુરાહના પઢયા પછી આમીન કહેવાથી નમાઝ રદ બાતલ થાય છે. પણ તકીયા વખતે છુપાઈને નમાઝ પઢવી અને બની શકે ત્યાં સુધી તકીય્યા કરવા નહીં (એટલે જીવ ઉપર જોખમ આવી પડવાથી હાથ બાંધીને નમાઝ પડવી પડે તે સિવાય હાથ બાંધવા નહીં.)

આઠમી અને નવમી,—નમાઝની જે વાજીબ બાબતો છે તેમાંની કોઇ એક વાજીબ બાબત છોડી દીધાથી અથવા નમાઝમાં કોઇ બાબતનો વધારો ઘટાડો કર્યાથી અને તે વધારો ઘટાડો આગળ બયાન કરેલી '**રૂકની**' (મુખ્ય) બાબતોમાંની કોઈ એક બાબત હોય અને તે જાણી જોઇને કે ભુલચુકથી કે અણસમજથી થઈ હોય તો નમાઝ રદ બાતલ થાય છે; પણ જો તે આગળ બયાન કરેલી '**ગએરેરૂકની**' (મુખ્ય ન હોય તે) બાબતોમાંની કોઈ એક બાબત હોય, અને તે જાણી જોઇને કે અણસમજથી છોડી દીધી હોય તો નમાઝ રદ બાતલ થાય છે; પણ જો તે ભુલચુકથી છોડી દીધી હોય તો નમાઝ સહી થાય છે.

દશમી,—નમાઝ પઢતી વખતે કીબલા તરફથી આખો ચહેરો ફેરવી લીધાથી નમાઝ રદ બાતલ થાય છે; આડી નજરે જોવામાં કાંઈ અડચણ નથી પણ નમાઝ '**મકરૂહ**' થાય છે.

અગીઆરમી તથા બારમી,—નમાઝ પઢતી વખતે કીબલા તરફથી શરીર ફેરવે તો નમાઝ રદ બાતલ થાય છે; પછી થોડુ શરીર ફેરવે કે વધારે ફેરવે એ સૌ એકનું એકજ છે, અને તે નમાઝ રદ બાતલ થાય છે: અને શરીર ભુલચુકથી ફેરવ્યુ હોય તો પણ નમાઝ રદ બાતલ થાય છે.

તેરમી,—બીજા કોઇના કપડાં પેહેરીને નમાઝ પઢે, અથવા બીજા કોઇની જમીન ઉપર કે બીજા કોઇના મુસલ્લા (પાથરણા) ઉપર નમાઝ પઢે, અને તે ચીજોનો માલીક તે કામથી રાજી ન હોય તો નમાઝ રદ બાતલ થાય છે.

ચોદમી,—નમાઝ પઢતી વખતે એકદમ ચુપ રહેવું; બીલકુલ જરા બોલવું નહીં એટલુંજ નહીં પણ નમાઝની હાલતથી બહાર જવું નહીં, જો બહાર જાય તો નમાઝ રદ બાતલ થાય છે.

પંદરમી,—વધારે હીલચાલ કરવાથી નમાઝની હાલતથી બાહેર જવાય છે, એટલે, પોતાની દાઢી અથવા પાઘડી સાથે જાણી જોઇને કે ચુકથી કે અણસમજથી રમત કરવાંથી નમાઝ રદ બાતલ થાય છે. માણસે નમાઝ રદ બાતલ કરવાવાળી ચીજોથી વાકેફ થવું જોઇએ એ વા. છે. કારણ, નમાઝ રદ બાતલ કરવાવાળી ચીજોની સમજ ન હોય તો દ વખત નમાઝ રદ બાતલ થાય છે.

નમાઝનું બયાન

દરરોજ તથા દરરાતે પઢવાની નમાઝની સતર "રકઆત છે.

બે રકઆત "સુબહ"ની નમાઝ;
ચાર રકઆત, "જોહોર"ની નમાઝ;
ચાર રકઆત, "અસર"ની નમાઝ;
ત્રણ રકઆત, "મગરીબ"ની નમાઝ;
તથા ચાર રકઆત "ઈશા"ની નમાઝ.

"સુબહ"ની નમાઝની બે રકઆત નીચે લખેલી રીતે પઢવી. કીબલા તરફ મ્હોડું કરીને ઉભા રહો અને નીય્યત કરો (એટલે તમારા દીલમાં ધારો) કે સુબહની નમાઝની બે રકઆત ખુદાની ખુશીને વાસ્તે તથા ફકત તેના હુકમને તાબે થવાને વાસ્તે પઢું છું." પછી "કુરબતન ઈલલ્લાહ" બોલો, પછી બન્ને હાથને બન્ને કાનસુધી ઉંચા કરો અને બોલો "અલ્લાહો અકબર" (એટલે ખુદા સર્વે ચીજોથી ઘણો મોટો છે, તથા ખુદાની મોટાઈની તારીફ થઈ શકતી નથી), પછી બન્ને હાથ નીચા કરો અને બોલો.

બિસ્મિલ્લા હિર્રરહમા નિર્રરહીમ.

(એટલે ખુદા જે તમામ દુનીયાને માફી બખશનાર છે તથા રોજી આપનાર છે તેના નામથી શરૂ કરૂં છું.) "**અલહમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન**" (એટલે તારીફ તથા બંદગી ખાસ તે ખુદાને વાસ્તે છે, કે જે ખુદા તમામ દુનીયાના લોકોનો પેદા કરનાર તથા તેમની સંભાળ રાખનાર છે.)

"અર રહમાનિર રહીમ" (એટલે સઘળા માણસોને માફી બખશના અને રોજી આપનાર છે.) "માલેકે યવમિદ્દીન" (એટલે કયામતના દિવસનો બાદશાહ તથા અખત્યાર વાળો માલીક છે.) "ઈય્યાક નઅબોદો વઈય્યાક નસ તઈન" (એટલે તારીજ બંદગી કરીએ છીએ તથા તારી પાસે મદદ માંગીએ છીએ.) "એહદેનસ સેરાતલ મુસ્તકીમ" (એટલે અમને ખરે રસ્તે લઈ જા.) "સેરાતલ લઝીન અન અમત અલયહીમ." (એટલે જે રસ્તો તેં પેગમ્બરોને તથા પેગમ્બરોના ગાદીવારસોને બખસ્યો છે તે રસ્તો બતાવ.) "ગયરિલ મગઝુબે અલયહીમ વલઝ ઝાલ્લીન (એટલે જે લોકો ખરો રસ્તો છોડીને ખોટે રસ્તે ઉતરી ગયા છે તે લોકોનો રસ્તો નહીં બતાવ.) બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ" (એટલે ખુદા જે તમામ દુનીયાને માફી બખશનાર તથા રોજી આપનાર છે તેના નામથી શરૂ કરૂં છું). "કુલહો વલ્લાહો અહદ (એટલે ઓ મુહમ્મદ તું બોલ કે ખુદા એક છે), "અલ્લાહુસ સમદ (એટલે ખુદાઓ તઆલા મોહતાજ નથી અને બધી ચીજો ઉપર સત્તા ધરાવે છે), "લમ યલિદ વલમ યુલદ" (એટલે ખુદાનો કોઈ ફરજંદ નથી તથા ખુદા પોતે કોઇનો ફરજંદ નથી), "વલમ યકુન લહુ કોફોવન અહદ" (એટલે ખુદાનો કોઈ બરાબરીઓ નથી, તથા કોઇપણ તેની સાથે બરાબરી કરી શકે એમ નથી). પછી "રૂકુ"માં જાઓ એટલે હાથોને ઘુંટણ ઉપર રાખો અને ત્રણ વખત બોલો "સુબહાનલ્લાહ, સુબહાનલ્લાહ, સુબહાનલ્લાહ" (એટલે ખુદા પાક છે, ખુદા પાક છે, ખુદા પાક છે) ત્યાર પછી બોલો "અલ્લાહુમ્મ સલ્લે અલા મુહમ્માદિન વ આલે મુહમ્મદ" (એટલે, એ ખુદા, મુહમ્મદ તથા તેની ઓલાદ ઉપર હમેશ રહેમત કર), પછી 'રૂકુ'માંથી માથું ઉંચુ કરો અને સીધા ઉભા રહીને બોલો "સમેઅલ્લાહો લેમન હમેદહ" (એટલે જે શખસ ખુદાની તારીફ કરે છે તે તારીફ ખુદા સાંભળે છે) ત્યાર પછી સીજદામાં જાઓ અને સીજદામાં ત્રણ વખત બોલો "સુબહાનલ્લાહ, સુબહાનલ્લાહ, સુબહાનલ્લાહ" (એટલે ખુદા પાક છે, ખુદા પાક છે, ખુદા પાક છે), ત્યાર પછી બોલો "અલ્લાહુમ્મ સલ્લે અલા મુહમ્માદિન વ આલે મુહમ્મદ

(એટલે, એ ખુદા, મુહમ્મદ તથા તેની એલાદ ઉપર હમેશા રહેમત કર), પ
સીજદામાંથી માથું ઉંચુ કરો અને બેસીને બોલો "અલ્લાહો અકબર
"અસતગફેરૂલ્લાહ રબ્બિ વ અતુબો ઈલિયહ" "અલ્લા
અકબર" (એટલે ખુદા સર્વે ચીજોથી ઘણો મોટો છે, જે ખુદા મારો
કરનાર છે તેની પાસેથી માફી માંગુ છું, ખુદા સર્વે ચીજોથી ઘણો મોટો છે
પછી બીજા સીજદામાં જાઓ અને વળી ત્રણ વખત બોલો "સુબહાનલ્લા
સુબહાનલ્લાહ સુબહાનલ્લાહ" (એટલે ખુદા પાક છે, ખુદા પાક
ખુદા પાક છે), ત્યાર પછી બોલો "અલ્લાહુમ્મ સલ્લે અલા મુહમ્મ
દિન વ આલે મુહમ્મદ" (એટલે ઓ ખુદા, મુહમ્મદ અને તેની ઓલ
ઉપર હમેશા રહેમત કર), પછી સીજદામાંથી માથું ઉંચુ કરો અને બો
"અલ્લાહો અકબર." ત્યાર પછી ઉઠીને સીધા ઉભા રહો અને ઉઠ
ઉઠતાં બોલો "બેહવલિલ્લાહે વ કુવ્વતેહી, અકુમો વ અકઉદ
(એટલે ખુદાએ તઆલાની મદદ તથા સત્તાથી હું ઉઠું છું તથા બેસું છું
પછી સીધા ઉભા રહીને બોલો "બિસમિલ્લાહિર રહમાનિર રહીમ.
(એટલે ખુદા જે માફી બખશનાર તથા રોજી આપનાર છે તેના નામથી શ
કરું છું) "અલહમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન" (એટલે તારી
તથા વખાણ ખાસ તે ખુદાને વાસ્તે છે કે જે ખુદા તમામ દુનીયાના લોકોને
પેદા કરનાર છે) "અર રહમાનિર રહીમ" (એટલે સઘળા માણસોને
માફી બખશનાર તથા રોજી આપનાર છે) "માલેકે યવ (મદ્દીન
(એટલે કયામતના દીવસનો બાદશાહ તથા અખત્યાર વાળો માલીક છે,
"ઇય્યાક નઅબોદો વઇય્યાક નસતઇન" (એટલે તારીજ બંદગી
કરીએ છીએ તથા તારી પાસે મદદ માંગીએ છીએ,) "એહદેનસ સેરાતલ
મુસ્તકીમ" (એટલે અમોને ખરે રસ્તે લઇજા) "સેરાતલ લઝીન
અન અમત અલયહીમ, ગયરિલ .મગઝુબે અલયહીમ"
(એટલે જે રસ્તો તેં પેગમ્બરોને તથા પેગમ્બરોના ગાદી વારસોને બખરયે
છે તે રસ્તો બતાવ, અને જે લોકો ઉપર તું ગુસ્સે થયો છે તે લોકોનો રસ્તો
નહીં બતાવ,) "વલઝ ઝાલ્લીન" (એટલે જે લોકો ખરો રસ્તો છોડી
દઇને ખોટે રસ્તે ઉતરી ગયા છે તે લોકોનો રસ્તો નહીં બતાવ) "બિસ-
મિલ્લાહિર રહમાનિર રહીમ" (એટલે ખુદા જે માફી બખશનાર તથા

રાજી આપનાર છે તેના નામથી શરૂ કરું છું) "**કુલહો વલ્લાહો અહદ**" (એટલે એ મુહમ્મદ તું બોલ કે ખુદા એક છે.) "**અલ્લાહુસ સમદ**" (એટલે ખુદાએ તઆલા કોઇનો મોહતાજ નથી અને બધી ચીજો ઉપર તે સત્તા ધરાવે છે.) "**લમ યલિદ વલમ યુલદ**" (એટલે ખુદાનો કોઈ ફરજંદ નથી તથા ખુદા પોતે કોઇનો ફરજંદ નથી.) "**વલમ યકુન લહુ કોફો-વન અહદ**" (એટલે ખુદાનો કોઈ બરોબરીઓ નથી, તથા કોઇ પણ તેની સાથે બરોબરી કરી શકે એમ નથી.) પછી બન્ને હાથને મોઢા સામે રાખીને નીચે મુજબ દુઆ પઢો "**રબ્બના આતેના ફિદ દુનીયા હસનતન વફિલ આખેરતે હસનતન વકેના અઝાબન્નાર**" (એટલે એ મારા ખુદા અને એ મારા પરવરદીગાર મારા ઉપર આ દુનીયામાં તેમજ બીજી દુનીયામાં સદગુણ તથા ભલાઈ બખશ, તથા જહન્નમની આતશના દુઃખોથી મને બચાવ.) "**અલ્લાહુમ્મ સલ્લે અલા મુહમ્મદિન વ આલે મુહમ્મદ.**" (એટલે એ ખુદા મુહમ્મદ તથા તેની ઓલાદ ઉપર હમેશાં રહેમત કર.) પછી 'રૂકુ'માં જાઓ એટલે હાથને ઘુંટણ ઉપર રાખો અને ત્રણ વિખત બોલો "**સુબહાનલ્લાહ, સુબહાનલ્લાહ, સુબહા-નલ્લાહ**" "**અલ્લાહુમ્મ સલ્લે અલા મુહમ્મદિન વ આલે મુહ-મ્મદ**" (એટલે ખુદા પાક છે, ખુદા પાક છે, ખુદા પાક છે. એ ખુદા, મુહ-મ્મદ તથા તેની ઓલાદ ઉપર હમેશા રહેમત કર.) પછી 'રૂકુ'માંથી માથું ઉંચુ કરો અને સીધા ઉભા રહીને બોલો "**અલ્લાહો અકબર**" "**સમે-અલ્લાહો લેમન હમેદહ**" (એટલે ખુદા સર્વે ચીજોથી ઘણો મોટો છે. જે શખસ ખુદાની તારીફ કરે છે તે તારીફ ખુદા સાંભળે છે) પછી સીજદામાં જાઓ અને સીજદામાં ત્રણ વખત બોલો "**સુબહાનલ્લાહ, સુબહા-નલ્લાહ, સુબહાનલ્લાહ**" "**અલ્લાહુમ્મ સલ્લે અલા મુહમ્મ-દિન વ આલે મુહમ્મદ**" (એટલે ખુદા પાક છે, ખુદા પાક છે, ખુદા પાક છે. એ ખુદા, મુહમ્મદ તથા તેની ઓલાદ ઉપર હમેશા રહેમત કર.) પછી સીજદામાંથી માથું ઉંચુ કરો અને બેસીને બોલો "**અલ્લાહો અકબર**" "**અસતગફેરૂલ્લાહ રબ્બિ વ અતુબો ઇલયહ**" "**અલ્લાહો-અકબર**" (એટલે ખુદા સર્વે ચીજોથી ઘણો મોટો છે, જે ખુદા મારો પેદા કરનાર છે તથા જેની તરફ મારું પાછું જવું થશે તેની પાસેથી માફી માગું

છું; ખુદા સર્વે ચીજોથી ઘણો મોટો છે.) પછી બીજા સીજદામાં જાઓ અને પાછા ત્રણ વખત બોલો "**સુબહાનલ્લાહ. સુબહાનલ્લાહ, સુબહાનલ્લાહ**" "**અલ્લા હુમ્મ સલ્લે અલા મુહમ્મદિન વ આલે મુહમ્મદ**" (એટલે ખુદા પાક છે, ખુદા પાક છે, ખુદા પાક છે. એ ખુદા મુહમ્મદ અને તેની ઓલાદ ઉપર હમેશા રહેમત કર.) પછી સીજદામાંથી માથું ઉચું કરો અને બોલો "**અલ્લાહો અકબર**" (એટલે ખુદા સર્વે ચીજોથી ઘણો મોટો છે.) "**અશહદો અન લાઈલાહ ઈલિલ્લાહો વહદહુ લા શરીકલહુ**" (એટલે હું શાહેદી આપું છું કે જે ખુદા એક છે, તથા જેના જેવો બીજો કોઈ નથી તથા જે એકલોજ છે તથા જેને કોઇ ભાગીઓ નથી એવા જે ગુણ ધરાવે છે તે શીવાય બીજો કોઇ ખુદા બંદગી કરવાને લાયક નથી.) "**વઅશહદો અન્ન મુહમ્મદન અબ્દોહુ વ રસુલોહુ**" (એટલે હું શાહેદી આપુ છું કે મુહમ્મદ ખુદાનો મોકલેલો પેગમ્બર છે.) "**અલ્લાહુમ્મ સલ્લે અલા મુહમ્મદિન વ આલેમુહમ્મદ**" (એટલે એ ખુદા મુહમ્મદ તથા તેની ઓલાદ ઉપર હમેશા રહેમત કર.) "**અસ સલામો અલયક અંય્યોહન નબીય્યો વ રહમતુલ્લાહે વ બરકાતોહુ**" (એટલે એ પેગમ્બર તારા ઉપર ખુદાની સલામ તથા રહેમત તથા બરકત હજો.) "**અસ સલામો અલયના વ અલા એબાદિલ્લા હિસ સાલેહીન**" (એટલે જે લોકો નમાઝ પડે છે તેઓ ઉપર તથા ખુદાના જે બંદા પરહેજગાર છે તેઓ ઉપર ખુદાની સલામ હજો.) "**અસ સલામો અલયકુમ વ રહમતુલ્લાહે વ બરકાતોહુ**" (એટલે એ ઇમાનદારો તમારા ઉપર ખુદાની સલામ તથા રહેમત તથા બરકત હજો.) ત્યાર પછી ત્રણ વખત બોલો "**અલ્લાહો અકબર, અલ્લાહો અકબર, અલ્લાહો અકબર**" (એટલે ખુદા સર્વે ચીજોથી ઘણો મોટો છે, ખુદા સર્વે ચીજોથી ઘણો મોટો છે. ખુદા સર્વે ચીજોથી ઘણો મોટો છે.) "સુબહ"ની બે રકઆત નમાઝ પુરી થઈ. અને આ નમાઝ પડવાનો વખત સુબહ સાદીકથી તે સુર્યોદય સુધી છે.

ચાર રકઆત 'ઝોહોરની' નમાઝનો વખત

ઝોહોરથી (બપોર પછીથી) તે સુરજ અસ્ત પામ્યાની અગાઉ સુધીનો છે

"**ઝોહોરની**" ચાર રકઆત નમાઝ નીચે લખેલી રીતે પડવી

પહેલાં કીબલા તરફ મ્હોડું કરીને ઉભા રહો અને નીય્યત કરો (તમારા દીલમાં ધારો) કે ચાર રકઆત 'ઝોહેર' ની નમાઝ ખુદાની વાસ્તે તથા તેના હુકમને તાબે થવાને વાસ્તે પઢું છું. પછી "કુરઆ હલ્લાહ" બોલો, પછી બન્ને હાથને બન્ને કાન સુધી ઉંચા કરો અને "અલ્લાહો અકબર" (એટલે ખુદા સર્વે ચીજોથી ઘણો મોટો છે.) બન્ને હાથને નીચા કરો અને બોલો "બિસ્મિલ્લાહિર રહમાની રહીમ" (એટલે ખુદા જે દયા કરનાર તથા રોજી આપનાર છે તેના ના... શરૂ કરું છું) "અલહમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન" (તારીફ તથા વખાણ ખાસ તે ખુદાને વાસ્તે છે, કે જે ખુદા તમામ દુની... લોકોનો પેદા કરનાર છે.) "અર્રહમાનિર રહીમ" (એટલે ... માણસો ઉપર દયા કરનાર તથા તેમને માફી બખશનાર તથા રોજી ... છે.) "માલેકે યવમિદ્દીન" (એટલે કયામતના દીવસનો બાદશાહ અખત્યાર વાળો માલીક છે.) "ઇય્યાક નઅબોદો વ ઇય્યાક તઈન" (એટલે તારીજ બંદગી કરીએ છીએ તથા તારી પાસે મદદ મા... છીએ.) "એહદેનસ સેરાતલ મુસતકીમ" (એટલે અમને ખ... કઈ જા.) "સેરાતલ લઝીન અન અમત અલયહીમ" "ગયરીલ મગઝુબે અલયહીમ, (એટલે જે રસ્તો તેં પેગમ્બરોને તથા પેગમ... આદી વાસ્સોને બખશ્યો છે તે રસ્તો બતાવ, અને જે લોકો ઉપર તું ... થયો છે તે લોકોનો રસ્તો નહીં બતાવ, વલઝ ઝાલ્લલીન (એટલે ... લોકો ખરો રસ્તો છોડીને ખોટે રસ્તે ઉતરી ગયા છે તે લોકોનો રસ્તો ... બતાવ.) "બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ" (એટલે ખુદા ... દયા કરનાર તથા રોજી આપનાર છે તેના નામથી શરૂ કરું છું.) "કુલ ... વલ્લાહો અહદ" (એટલે એ મુહમ્મદ તું બોલ કે ખુદા એક ...) "અલ્લાહુસ સમદ" (એટલે ખુદાએ તઆલા મોહતાજ નથી અને ... બીજા ઉપર સત્તા ધરાવે છે.) "લમ યલિદ વલમ યુલદ" (... ખુદાનો કોઈ ફરજંદ નથી તથા ખુદા પોતે કોઈનો ફરજંદ નથી.) "વલમ યકુન લહુ કોફોવન અહદ" (એટલે ખુદાનો કોઈ બરાબરીઓ ... તથા કોઈ પણ તેની સાથે બરાબરી કરી શકે એમ નથી.) પછી "રકુ... જાઓ એટલે હાથોને ઘુંટણ ઉપર રાખો અને ત્રણ વખત બોલો "સુબહા... નલ્લાહ, સુબહાનલ્લાહ, સુબહાનલ્લાહ, અલ્લાહુ...

અલા મુહમ્મદિન વ આલે મુહમ્મદ " (એટલે ખુદા પાક છે, ખુદા પાક છે, ખુદા પાક છે. એ ખુદા, મુહમ્મદ તથા તેની ઓલાદ ઉપર હમેશા રહેમત કર.) પછી ઉભા રહીને બોલો "**અલ્લાહો અકબર**" **સમેઅ અલ્લાહો લેમન હમેદાહ** (એટલે ખુદા સર્વે ચીજોથી ઘણો મોટો છે. જે શખસ ખુદાની તારીફ કરે છે તે તારીફ ખુદા સાંભળે છે.) અને પછી સીજદામાં જાઓ અને ત્રણ વખત બોલો "**સુબહાનલ્લાહ, સુબહાનલ્લાહ, સુબહાનલ્લાહ**" "**અલ્લાહુમ્મ સલ્લે અલા મુહમ્મદિન વ આલે મુહમ્મદ**" (એટલે ખુદા પાક છે, ખુદા પાક છે, ખુદા પાક છે, એ ખુદા, મુહમ્મદ તથા તેની ઓલાદ ઉપર હમેશા રહેમત કર.) પછી સીજદામાંથી માથું ઉંચુ કરીને બોલો "**અલ્લાહો અકબર**" "**અસતગફેરૂલ્લાહ રબ્બિ વ અતુબો ઈલયહ**" "**અલ્લાહો અકબર**" (એટલે ખુદા સર્વે ચીજોથી ઘણો મોટો છે, ખુદા મારો પેદા કરનાર છે તથા જેની તરફ મારૂં પાછું જવું થશે, તેની પાસેથી માફી માંગુ છું, ખુદા સર્વે ચીજોથી ઘણો મોટો છે.) પછી બીજા સીજદામાં જાઓ અને પાછા ત્રણ વખત બોલો "**સુબહાનલ્લાહ, સુબહાનલ્લાહ, સુબહાનલ્લાહ**" "**અલ્લાહુમ્મ સલ્લે અલા મુહમ્મદિન વ આલે મુહમ્મદ**" (એટલે ખુદા પાક છે, ખુદા પાક છે, ખુદા પાક છે, એ ખુદા, મુહમ્મદ અને તેની ઓલાદ ઉપર હમેશા રહેમત કર.) પછી સીજદામાંથી માથું ઉંચુ કરો અને ઉભા થાઓ અને ઉઠતાં ઉઠતાં બોલો "**બેહવ લિલ્લાહે વ કુવ્વતેહી, અકુમો વ અકઉદ**" (એટલે ખુદાએ તઆલાની મદદ તથા સત્તાથી હું ઉઠું છું તથા બેસું છું.) પછી સીધા ઉભા રહીને બોલો "**બિસમિલ્લાહિર રહમાનિર રહીમ**" (એટલે ખુદા જે દયા કરનાર તથા બખશનાર છે તેના નામથી શરૂ કરૂ છું.) "**અલહમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન**" (એટલે તારીફ તથા વખાણ ખાસ તે ખુદાને વાસ્તે છે કે જે ખુદા તમામ દુનીયાના લોકોનો પેદા કરનાર છે.) "**અર્રહમાનિર રહીમ**" (એટલે સઘળા માણસો ઉપર દયા કરનાર તથા તેમને માફી બખશનાર તથા રોઝી આપનાર છે.) "**માલેકે યવ મિદ્દીન**" (એટલે કયામતના દીવસનો બાદશાહ તથા અખત્યાર વાળો માલીક છે.) "**ઇય્યાક નઅબોદો વઈય્યાક નસતઈન**" (એટલે તારીજ બંદગી કરીએ છીએ તથા તારી પાસે મદદ માંગીએ છીએ.) "અહદ

મસ સેરાતલ મુસ્તકીમ" (એટલે અમોને ખરે રસ્તે લઈજા) "સેરાતલ લઝીન અન અમત અલયહીમ ગયરિલ 'મગઝુબે અલયહીમ" (એટલે જે રસ્તો તે પેગમ્બરોને તથા પેગમ્બરોના ગાદી વારસોને કર્યો છે તે રસ્તો બતાવ, અને જે લોકો ઉપર તું ગુસ્સે થયો છે તે લોકોનો રસ્તો નહીં બતાવ.) "વલઝઝાલ્લીન." (એટલે જે લોકો ખરો રસ્તો મુકીને ખોટે રસ્તે ઉતરી ગયા છે તે લોકોનો રસ્તો નહીં બતાવ) "બિસમીલ્લાહિર રહમાનિર રહીમ" (એટલે ખુદા જે દયા કરનાર તથા રોજી આપનાર છે તેના નામથી શરૂ કરૂં છું) "કુલહો વલ્લાહો અહદ" (એટલે એ મુહમ્મદ તું બોલ કે ખુદા એક છે,) "અલ્લાહુસ સમદ" (એટલે ખુદાએ તઆલા કોઈનો મોહતાજ નથી અને બધી ચીજો ઉપર તે દયા પસરાવે છે,) "લમ યલિદ વલમ યુલદ" (એટલે ખુદાનો કોઈ ફરજંદ નથી તથા ખુદા પોતે કોઈનો ફરજંદ નથી, "વલમ યકુન લહુ કુફોવન અહદ". (એટલે ખુદાનો કોઈ બરોબરીઓ નથી, તથા કોઈ પણ તેની સાથે બરોબરી કરી શકે એમ નથી.) પછી બન્ને હાથને મોઢા સામે રાખીને નીચે મુજબ દુઆ પડો "રબ્બના આતેના ફિદ દુનીયા હસનતન વફિલ આખેરતે હસનતન વકેના અઝાબન્નાર" (એટલે એ મારા ખુદા અને એ મારા પરવરદીગાર મારા ઉપર આ દુનીયામાં તેમજ બીજી દુનીયામાં સદગુણ તથા ભલાઈ બખશ, તથા જહન્નમની આતશના દુઃખોથી મને બચાવ.) ત્યાર પછી બોલો "અલ્લાહો અકબર" અને માથુ નીચા કરો અને પછી 'રૂકુ'માં જાઓ એટલે બન્ને હાથને ઘુંટણ ઉપર રાખો અને ત્રણ વખત બોલો "સુબહાનલ્લાહ, સુબહાનલ્લાહ, સુબહાનલ્લાહ" "અલ્લાહુમ્મ સલ્લે અલા મુહમ્મદિન વ આલે મુહમ્મદ" (એટલે ખુદા પાક છે, ખુદા પાક છે, ખુદા પાક છે. એ ખુદા મુહમ્મદ તથા તેની ઓલાદ ઉપર હમેશા રહેમત કર.) પછી ઉઠો અને સીધા ઉભા રહીને બોલો "અલ્લાહો અકબર" "સમેઅલ્લાહો લેમન હમેદાહ" (એટલે ખુદા સર્વે ચીજોથી ઘણો મોટો છે. જે શખસ ખુદાની તારીફ કરે છે તે તારીફ ખુદા સાંભળે છે,) ત્યાર પછી સીજદામાં જાઓ અને ત્રણ વખત બોલો "સુબહાનલ્લાહ, સુબહાનલ્લાહ, સુબહાનલ્લાહ" "અલ્લાહુમ્મ સલ્લે અલા મુહમ્મદિન વ આલે મુહમ્મદ" (એટલે ખુદા પાક છે, ખુદા પાક છે, ખુદા પાક છે, એ ખુદા,

મુહમ્મદ તથા તેની ઓલાદ ઉપર હમેશા રહેમત કર,) પછી સીજદામાં માથું ઉંચુ કરો અને બેસીને બોલો "અલ્લાહો અકબર" "અસ્તગફેરૂલ્લાહ રબ્બિ વ અતુબો ઈલયહ" "અલ્લાહો અકબર" (એટલે ખુદા સર્વે ચીજોથી ઘણો મોટો છે, જે ખુદા મારો પેદા કરનાર તથા જેની તરફ મારૂં પાછું જવું થશે, તેની પાસેથી માફી માંગુ છું. સર્વે ચીજોથી ઘણો મોટો છે.) પછી બીજા સીજદામાં જાઓ અને પાછા વખત બોલો "સુબહાનલ્લાહ, સુબહાનલ્લાહ, સુબહાનલ્લાહ" "અલ્લાહુમ્મ સલ્લે અલા મુહમ્મદિન વ આલે મુહમ્મદ" (એટલે ખુદા પાક છે, ખુદા પાક છે, ખુદા પાક છે, એ ખુદા, મુહમ્મદ તથા તેની ઓલાદ ઉપર હમેશા રહેમત કર,) પછી સીજદામાંથી માથું ઉંચુ કરો અને બેસીને બોલો "અલ્લાહો અકબર" (એટલે ખુદા સર્વે ચીજોથી ઘણો મોટો છે.) "અશહદો અન લાઈલાહ ઈલલ્લાહો, વહદહુ લા શરીકલહુ" (એટલે હું શાહેદી આપું છું કે જે ખુદા એક છે, તથા જેના જેવો બીજો કોઈ નથી તથા જે એકલોજ છે તથા જેનો કોઈ ભાગીઓ નથી એવા જે ગુણ ધરાવે છે તે શીવાય બીજો કોઇ ખુદા બંદગી કરવાને લાયક નથી.) "વઅશહદો અન્ન મુહમ્મદન અબ્દોહુ વ રસુલોહ" (એટલે હું શાહેદી આપુ છું કે મુહમ્મદ ખુદાનો મોકલેલો પેગમ્બર છે.) "અલ્લાહુમ્મ સલ્લે અલા મુહમ્મદિન વ આલે મુહમ્મદ" (એટલે એ ખુદા મુહમ્મદ તથા તેની ઓલાદ ઉપર હમેશાં રહેમત કર,) ત્યાર પછી ઉઠો અને ઉઠતાં ઉઠતાં બોલો "બેહવ લિલ્લાહે વ કુવ્વતેહી અકુમે વ અકઉદ" (એટલે ખુદાની મદદથી તથા તેની સત્તાથી હું ઉઠું છું, તથા બેસું છું, તથા હાલુ ચાલું છું.) પછી બોલો "સુબહાનલ્લાહે વલહમ્દો લિલ્લાહે વ લાએલાહ ઈલલ્લાહો વલ્લાહો અકબર" (એટલે ખુદા પાક છે અને તેની તારીફ તથા વખાણ ખાસ તેનાજ વાસ્તે છે. અને જે ખુદા એક છે તથા જેનો કોઈ બરોબરીઓ નથી તે શીવાય બીજો કોઇ ખુદા બંદગી કરવાને લાયક નથી.) "અલ્લાહો અકબર" (એટલે ખુદા સર્વે ચીજોથી ઘણો મોટો છે.) પછી "રૂકુ"માં જાઓ અને ત્રણ વખત બોલો "સુબહાનલ્લાહ, સુબહાનલ્લાહ, સુબહાનલ્લાહ" "અલ્લાહુમ્મ સલ્લે અલા મુહમ્મદિન વ આલે મુહમ્મદ" (એટલે ખુદા પાક છે,

ખુદા પાક છે, ખુદા પાક છે. એ ખુદા, મુહમ્મદ તથા તેની ઓલાદ ઉપર
રહેમત કર.) પછી ઉભા થાઓ અને બોલો "**સમેઅલ્લાહો**
લેમન હમેદાહ" (એટલે જે શખસ ખુદાની તારીફ કરે છે તે તારીફ ખુદા
સાંભળે છે) પછી સીજદામાં જાઓ અને ત્રણ વખત બોલો "**સુબહાન**
સુબહાનલ્લાહ, સુબહાનલ્લાહ" "**અલ્લાહુમ્મ સલ્લેઅલા**
મુહમ્મદિન વ આલે મુહમ્મદ" (એટલે ખુદા પાક છે, ખુદા પાક
પાક છે. એ ખુદા, મુહમ્મદ તથા તેની ઓલાદ ઉપર હમેશા રહેમત કર)
સીજદામાંથી માથું ઉંચુ કરો અને બેસીને બોલો "**અલ્લાહો અકબર**"
"**અસતગફેરૂલ્લાહ રબ્બિમ વ અતુબો ઈલયહ**" "**અલ્લાહો અક-**
બર" (એટલે ખુદા સર્વે થીજેથી ઘણો મોટો છે, જે ખુદા માફી આપ-
નાર છે તથા જેની તરફ મારૂં પાછું જવું થશે તેની પાસેથી માફી માગું છું.
ખુદા સર્વે થીજેથી ઘણો મોટો છે) પછી બીજા સીજદામાં જાઓ અને
ત્રણ વખત બોલો "**સુબહાનલ્લાહ, સુબહાનલ્લાહ, સુબહાનલ્લાહ**"
"**અલ્લાહુમ્મ સલ્લેઅલા મુહમ્મદિન વ આલે મુહમ્મદ**"
(એટલે ખુદા પાક છે, ખુદા પાક છે, ખુદા પાક છે. એ ખુદા, મુહમ્મદ તથા
તેની ઓલાદ ઉપર હમેશા રહેમત કર) પછી સીજદામાંથી માથું ઉંચુ કરો
અને ઉભા થાઓ અને ઉઠતાં ઉઠતાં બોલો "**બેહવલિલ્લાહે વ કુવ્વતેહી**
અકુમો વ અકઉદ" (એટલે ખુદાએ તઆલાની મદદ તથા સહાયથી ઉઠું
છું તથા બેસું છું) પછી સીધા ઉભા રહીને બોલો "**સુબહાનલ્લાહે**
વલહમ્દો લિલ્લાહે વ લાએલાહ ઈલલ્લાહો વલ્લાહો અકબર"
(એટલે ખુદા પાક છે, અને તારીફ તથા વખાણ ખાસ તેનાજ વાસ્તે છે,
જે ખુદા એક છે તથા જેનો કોઇ બરોબરીઓ નથી તે શીવાય બીજો કોઈ
બંદગી કરવાને લાયક નથી.) "**અલ્લાહો અકબર**" (એટલે ખુદા સર્વે
થીજેથી ઘણો મોટો છે.) પછી રૂકુમાં જાઓ અને ત્રણ વખત બોલો "**સુબ-**
હાનલ્લાહ, સુબહાનલ્લાહ, સુબહાનલ્લાહ," "**અલ્લાહુમ્મ**
સલ્લે અલા મુહમ્મદિન વ આલે મુહમ્મદ" (એટલે ખુદા પાક છે,
ખુદા પાક છે. ખુદા પાક છે. એ ખુદા મુહમ્મદ તથા તેની ઓલાદ ઉપર
રહેમત કર). પછી ઉભા રહીને બોલો "**સમેઅલ્લાહો લેમન**

"અલ્લાહો અકબર" (એટલે જે શખસ ખુદાની તારીફ કરે છે તે તારીફ ખુદા સાંભળે છે. ખુદા સર્વે ચીજોથી ઘણો મોટો છે). પછી સીજદામાં જાઓ અને ત્રણ વખત બોલો **"સુબહાનલ્લાહ, સુબહાનલ્લાહ સુબહાનલ્લાહ" "અલ્લાહુમ્મ સલ્લે અલા મુહમ્મદિન વ આલે મુહમ્મદ** (એટલે ખુદા પાક છે, ખુદા પાક છે, ખુદા પાક છે. એ ખુદા, મુહમ્મદ તથા તેની ઓલાદ ઉપર હમેશા રહેમત કર). પછી સીજદામાંથી માથું ઉંચુ કરો અને બેસીને બોલો **"અલ્લાહો અકબર" અસતગફેરૂલ્લાહ રબ્બી વ અતુબો ઈલયહ" "અલ્લાહો અકબર"** (એટલે ખુદા સર્વે ચીજોથી ઘણો મોટો છે, જે ખુદા મારો પાળનાર છે તેની પાસેથી માફી માંગુ છું ખુદા સર્વે ચીજોથી ઘણો મોટો છે). પછી બીજા સીજદામાં જાઓ અને ત્રણ વખત બોલો **"સુબહાનલ્લાહ. સુબહાનલ્લાહ, સુબહાનલ્લાહ" "અલ્લા હુમ્મ સલ્લે અલા મુહમ્મદિન વ આલે મુહમ્મદ"** (એટલે ખુદા પાક છે, ખુદા પાક છે. ખુદા પાક છે. એ ખુદા, મુહમ્મદ તથા તેની ઓલાદ ઉપર હમેશા રહેમત કર). પછી સીજદામાંથી માથું ઉંચુ કરો અને બેસીને બોલો **"અશહદો અન લાઇલાહ ઈલલ્લાહો, વહદહુ લા શરીકલહુ"** (એટલે હું શાહેદી આપું છું કે જે ખુદા એક છે, તથા જેના જેવો બીજો કોઇ નથી તથા જે એકલોજ છે તથા જેનો કોઇ ભાગીઓ નથી એવા જે ગુણ ધરાવે છે તે શીવાય બીજો કોઇ ખુદા બંદગી કરવાને લાયક નથી). **"વઅશહદો અન્ન મુહમ્મદન અબ્દોહુ વ રસુલોહ"** (એટલે હું શાહેદી આપું છું મુહમ્મદ ખુદાનો મોકલેલો પેગમ્બર છે) **"અલ્લાહુમ્મ સલ્લેઅલા મુહમ્મદિન વ આલે મુહમ્મદ"** (એટલે એ ખુદા મુહમ્મદ તથા તેની ઓલાદ ઉપર હમેશા રહેમત કર). **"અસ્સલામો અલયક અય્યોહન નબીય્યો વ રહમતુલ્લાહે વ બરકાતોહ"** (એટલે એ પગમ્બર તારા ઉપર ખુદાની સલામ તથા રહેમત તથા બરકત હજો) **"અસ્સલામો અલયના વઅલા એબાદિલ્લાહિસ સાલેહીન"** (એટલે જે લોકો નમાઝ પડે છે તેઓ ઉપર તથા ખુદાના બંદા પરહેજગાર છે તેઓ ઉપર ખુદાની સલામ હજો) **"અસ્સલામો અલયકુમ વ રહમતુલ્લાહે વ બરકાતોહ"** (એટલે એ જમાતવાલે

ઉપર ખુદાની સલામ તથા રહેમત તથા બરકત હજો). પછી ત્રણ બોલો "અલ્લાહો અકબર, અલ્લાહો અકબર, અલ્લાહો બર."

["ઝોહરની નમાઝ પુરી થઈ.]

"અસર"ની નમાઝ પણ ચાર રકઆતની નમાઝ માફક છે. તેની તમાં "અસર"ની નીય્યત કરવી જોઇએ; તે શીવાય બીજા કશામાં કાંઇ ફેરફાર નથી. વળી "અસર"ની નમાઝનો વખત "ઝોહર"ની નમાઝ ના વખતથી તે સુરજ અસ્ત પામ્યા અગાઉના વખત સુધી છે. જેવી "ઝોહર"ની નમાઝ પઢ્યા તેવીજ રીતે "અસર"ની નમાઝ પણ પઢો.

વળી ત્રણ રકઆત "મગરીબ"ની નમાઝ નીચે પ્રમાણે પઢવી જોઇએ, વખત સુરજ અસ્ત પામ્યા પછીથી તે અરધી રાત થાય તે અગાઉના ત સુધી છે.

વઝુ કરો, અને કીબલા તરફ મોઢું કરીને ઉભા રહો, અને નિય્યત (એટલે દીલમાં ધારો) કે "મગરીબની" નમાઝની ત્રણ રકઆત ખુદાની ીને વાસ્તે તથા ફકત તેના હુકમને તાબે થવાને વાસ્તે પઢું છું. પછી લો "કુરબતન ઇલ્લાહ" પછી બન્ને હાથને બન્ને કાન સુધી ઉંચા રીને બોલો "અલ્લાહો અકબર" પછી બન્ને હાથ નીચા કરો અને બોલો

બિસમિલ્લાહિર રહમાનિર રહીમ

અલહમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન, અર રહમાનિર રહીમ. માલેકે યવ મિદ્દીન, ઇય્યાક નઅબોદો વ ઇય્યાક નસતઇન, એહદેનસ સેરાતલ મુસતકીમ, સેરાતલ લઝીન, અન અમત અલયહીમ, ગયરિલ મગઝુબે અલયહીમ, વલઝઝાલ્લીન.

★ "બિસમિલ્લાહિર રહમાનિર રહીમ" ★

"કુલહો વલ્લાહો અહદ, અલ્લાહુસ સમદ, લમ યલિદ વલમ યુલદ વલમ યકુન લહુ કોફોવન અહદ." પછી રકુમાં જાઓ અને ત્રણ વખત બોલો "સુબહાનલ્લાહ, સુબહાનલ્લાહ, સુબહાન-લ્લાહ" "અલ્લાહુમ્મ સલ્લેઅલા મુહમ્માદન વ આલે મુહમ્મદ" પછી સીધા ઉભા રહીને બોલો "સમેઅલ્લાહો લેમન હમેદાહ"

"અલ્લાહો અકબર" પછી સીજદામાં જાઓ અને બોલો "સુબ
હલ્લાહ, સુબહાનલ્લાહ, સુબહાનલ્લાહ" "અલ્લાહુમ્મ સલ્લે
મુહમ્મદિન વ આલે મુહમ્મદ" પછી સીજદામાંથી માથું ઉંચુ કરે
બોલો "અલ્લાહો અકબર" અસતગ ફેરૂલ્લાહ રબ્બિ વ અ
ઇલયહ" "અલ્લાહો અકબર" પછી બીજા સીજદામાં જાઓ અને
વખત બોલો "સુબહાનલ્લાહ, સુબહાનલ્લાહ, સુબહાનલ્લાહ
"અલ્લાહુમ્મ સલ્લેઅલા મુહમ્મદિન વ આલે મુહમ્મ
પછી માથુ ઉંચુ કરો અને ઉભા થાઓ અને ઉઠતાં ઉઠતાં બોલો "બે
હિલ્લાહે વ કુવ્વતેહી અકુમો વ અકઉદ" પછી બીજી રકઅ
"સુબહ"ની નમાઝની બીજી રકઆત માફક પઢો. અને તશહહુદ (એ
શહાદત તથા સલવાત) પઢયા પછી ઉભા થાઓ જેમ "ઝોહર"ની નમા
ત્રીજી રકઆત પઢવા તેમ "મગરીબ"ની પણ ત્રીજી પઢો, અને બે સી
કરો; ત્યાર પછી તશહહુદ તથા સલવાત પઢો અને છેલ્લે સલામ પઢો.
"મગરીબ"ની નમાઝ પુરી થઇ. વળી "ઈશા"ની નમ
"ઝોહર"ની નમાઝ માફક છે, અને તેની ચાર રકઆત છે.

બાબ

રોઝા બાબત

જે શખશ ઉંમરે પોંહોંચ્યો હોય, આજારી ન હોય, તથા* મુસાફ
કરતો ન હોય તેણે મુબારક રમઝાનના મહીનામાં રોઝા રાખવા વાજીબ
તેણે રોઝો રાખવાની આગલી રાત્રે નીય્યત કરવી કે હું આવતી કાલે રો
રાખીશ. અને તેણે સુબહ સાદીકથી તે સુરજ અસ્ત થાય ત્યાં સુધી રો
તોડનારી ચીજોથી દુર રહેવું. રોઝો તોડનારી કેટલીક ચીજો નીચે લખી છે:

(૧) ખાવું; (૨) પીવું; (૩) સોબત કરવી; (૪) ખુદા તથા તેન
પેગમ્બર તથા ઇમામોએ જે ન કહ્યું હોય તે કહેવું; (૫) પાણીમાં માથુ
ડુબાડવું; (૬) ધુળ તથા કચરો ગળી જવો (૭) સ્ત્રીની સાથે સોબત કરવી
અને સવાર સુધી તે હાલતમાં રહેવું; (૮) પીચકારી મારવી. (૯) જાણી જોઇને
ઉલટી કરવી. અને કોઇ પણ જાતના ગુનાહથી રોઝો રદ બાતલ થાય છે.

જ્યારે એક શખશ રોઝો રાખે ત્યારે તેની આંખે પણ રોઝો રાખવો
જોઇએ, એટલે તેણે ખરાબ નજર કરવાથી દુર રહેવું જોઇએ; અને કાને રોઝો

...જેવો કે કોઇની બદગોઇ સાંભળવાથી દુર રહેવું જોઇએ; અને તેની ... બોલવું ન જોઇએ; કારણ કે આ ખરાબ કામોથી રોજા રદ બાતલ થા...

બાબ

'ખુમ્સ' બાબત, 'ઝકાત' બાબત તથા 'ખુદાનો માલ આપી દેવા બાબત.

"અઅલમુ અન્નમા ગનિમતુમ મિન શયઈન ફઅન્ન લિલ્લાહે ખુમ... સિર રસુલે વ લિઝિલકુરબા વલયતામા વલ મસાકીન વબ નસ્સબીલ."

આ આયત **ખુમ્સ** વીશે છે. જાણવું જોઇએ કે દીનની શાખામ... શાખા 'ખુમ્સ' તથા 'ઝકાત' છે; અને તે દરેક ઇમાનદારે આ... ...જીબ છે. હઝરત રસુલે ખુદાએ આ બાબત ઉપર ઘણું જ ધ્યાન આપ્યું ... અને 'ખુમ્સ' તથા 'ઝકાત' મળવાનો જેનો હક હોય તેને તે અ... પહોંચવી જોઇએ. તે હાલના ઇમામને અથવા ફકીરોને અથવા ગરી... આપવી જોઇએ. આ ઉપરથી દેખાય છે કે 'ખુમ્સ' તથા 'ઝકાત' પેગમ્... તથા તેની ઓલાદ કે જે હાલના ઇમામ છે તેને અથવા ફકી... અથવા ગરીબોને આપવી જોઇએ. અને જે શખસ 'ખુમ્સ' ... 'ઝકાત' ઇમામને ફકીરોને અથવા તેના ઉપર જેનો હક હોય તેને ન ... અને પેગમ્બરની ઓલાદના તથા ફકીરોના હક જે આપતો હોય તેને અટ... તો તે શખસ મોટો ગુનાહ કરે છે અને જાણવું જોઇએ કે 'ખુમ્સ' ... 'ઝકાત' ઉપર પેગમ્બરની ઓલાદ હક ધરાવે છે અને જે વખતનો જે ... હોય તે હંમેશા પેગમ્બરની તથા હઝરત અમીરૂલમોમનીનની ઓલાદમ... હોવા જોઇએ. બીજાઓનો હક નથી.

'ખુમ્સ' તથા 'ઝકાત'નો બાબ પુરો થયો.

બાબ

'મોટા ગુનાહ બાબત'

જે શખસ મોટો ગુનાહ કરે છે તે અતિશય પાપ કરે છે માટે કોઇ... મુસલમાને મોટા ગુનાહ કરવા ન જોઇએ.

મોટા ગુનાહમાંના થોડાક ગુનાહ નીચે લખ્યા છે :–

(૧) 'કતલ કરવુ' એટલે કોઈ માણસને મારી નાખવું.

(૨) 'ઝિના કરવી.'

(૩) જુઠું બોલવું.'

(૪) 'ગીબત કરવી' એટલે દીનભાઇઓની પછવાડે તેના વીશે ખરાબ બોલ

(૫) 'ફીતનો કરવો' એટલે બે માણસોને લડાવી મારવા.

(૬) 'શરાબ પીવી.'

(૭) 'કોઇનો માલ પચાવી પાડવો.'

(૮) 'ખુદાનો રસુલનો, ઈમામનો તથા ફકીરોનો માલ પચાવી પાડે એટલે 'ખુમ્સ' તથા 'ઝકાત' ન આપવી.

(૯) 'કોઈ સ્ત્રી ઉપર ખરાબ નજરથી જોવું.

(૧૦) 'ખરાબ ગાળો દેવી.'

(૧૧) 'કોઇના ઉપર તોહોમત મુકવું.'

હું ઉમેદ રાખું છું કે 'ઇનશાઅલ્લાહ' મારા મુરીદોમાંનો દરેક મુરીદ મોટા ગુનાહ તથા ખરાબ કામ કરશે નહી, તથા કદી પણ પોતાના દીલમાં ખરાબ વીચારો આવવા દેશે નહીં અને તેથી આ દુનીયાના તેમજ બીજી દુનીયાના સદગુણ તે પોતે મેળવશે.

(સહી) સુલતાન મુહમ્મદ બિન અલીશાહ
અલ હુસયની.

[સમાપ્ત]

"ખોજા કોમનાં મઝહબનાં કેટલાક મૂળ તત્વો તથા ક્રિયા સંબંધી પુસ્તક" પુરું કર્યા પછી સદરૂદીન ગુલામઅબ્બાસના ઘરે ગયો અને બે મિત્રો વચ્ચે નીચે મુજબ સંવાદ શરૂ થયો.

ગુલામઅબ્બાસ—કેમ સદરૂભાઇ, કિતાબ વાંચી લીધી?

સદરૂદ્દીન—હા, પણ આ આખીય કિતાબમાં ના. આગાખાન ત્રીજાએ એવું કબૂલ નથી કર્યું કે તેઓ બાર ઇમામને માનનાર એટલે કે ઇસ્નાઅશરી છે. આમાં તો તમે મને ક્યાંય એવું બતાવી શકશો નહીં. વળી બીજી શંકા એ પણ છે કે, આ પુસ્તિકા ના. આગાખાન ત્રીજાએ લખી અને છપાવી છે તેની શી ખાત્રી?

સદરૂદીનના જવાબમાં ગુલામઅબ્બાસે એક બીજી પુસ્તિકા તેના હાથમાં મૂકતા કહ્યું: જુઓ, આ એ જ પુસ્તિકાની બીજી આવૃતિ છે, આ પુસ્તિકા મરહુમ ઇસ્માઈલ રહેમતુલ્લાહ તિજોરીવાળાએ પહેલી પુસ્તિકા બહાર પડ્યા પછી ૨૯ વર્ષે એટલે કે ઈ. સ. ૧૯૨૪માં છપાવી હતી. મહૂર્મ ઇસ્માઈલ રહેમતુલ્લાહ મુંબઇના, તિજોરી–તાળાનાં મશહૂર વેપારી હતા અને આગાખાની ઇસ્માઇલી ફિરકાના એક અનુયાયી હતા. તેમણે આ પુસ્તિકા છપાવવાનું જે કારણ દર્શાવ્યું છે, તે પણ ઘણું દિલચસ્પ છે, સાંભળો—

"આપણા હાજર ઇમામે 'ખોજા કોમના મઝહબના કેટલાક મૂળતત્વો તથા ક્રિયા સંબંધી નાનુ પુસ્તક' સન ૧૩૧૨ હીજરીમાં છપાવ્યું હતું. તેને આજ લગભગ ઓગણત્રીસ વર્ષ થઇ ગયાં છે. છતાં ઇસ્માઇલી અમલદારો અને મિસનરીઓએ ઉપરના 'કેટલાંક મુળતત્વો'ની કિતાબ પ્રમાણે કોમને દોરવતા નથી અને ઉપરની કિતાબ સદંતર દબાવી મુકી છે. યાને કોમમાં ફાલો કરતી અટકાવી છે અને ધર્મના નામે નવાં ધતિંગ ઉભા કરીને કોમ પાસેથી પૈસા કઢાવવાની જાળ પાથરી બેઠા છે. તેના કારભાર ઉઘાડા પાડવા વાસ્તે અસલ પરથી નકલ છપાવીને બહાર પાડી છે. તે મઝહબી પુસ્તકનો આપણી કોમમાં ફેલાવો કરવા સારૂં નંગ સોની કીમત રૂા. ૧૨, નંગ પચાસની કી. રૂા. ૬, નંગ પચીસની કી. રૂા. ૩, નંગ દસનો રૂા. ૧| પોસ્ટ જુદુ. દસથી ઓછી મળશે નહીં..................................."

અને ત્યાર પછી ફરીથી 'નૂરે હિદાયત' કાર્યાલય (અમરેલી) તરફથી મહૂર્મ અલીભાઈ રાજન લાખાણી–જેઓ ઇસ્નાઅશરી હતા–એ પ્રગટ કરી હતી, આ રીતે આ પુસ્તિકા ત્રણ ત્રણ વાર છપાઇ છે અને એ ત્રણેયવાર છપાયા પછી આજ સુધી તેનો વિરોધ કે તે બનાવટી હોવાનું કોઇએ કહ્યું નથી. આજ પર્યંત કોઇએ એમ નથી કહ્યું કે, તે ના. આગાખાન ત્રીજાની લખેલી નથી; એ બતાવે છે કે, આ પુસ્તિકા સાચી છે અને ના. આગાખાન ત્રીજાની જ લખેલી છે. માટે બનાવટી હોવાની. તમારી શંકા ટકી શકતી

નથી. હવે બાકી રહી એ વાત કે, આમાં ના. આગાખાન ત્રીજાએ ઈસ્નાઅશરી હોવાનું ક્યાંય કબૂલ કર્યું નથી, તો આ વિષે હું તમારી આગળ જતાં ચર્ચા કરીશ. આ પુસ્તિકા મારા દાવાનું કેટલું સમર્થન કરે છે તે હું તમને ભવિષ્યમાં કહીશ. હમણાં તો તમારે કયું પુસ્તક જોઈએ છે તે કહો.

સદરૂદ્દીન— હવે મને આગા જહાંગીરશાહનો રિસાલો આપો.

ગુલામઅબ્બાસે આગા જહાંગીરશાહનો રિસાલો આપતા કહ્યું: જાણો છો તેમ આગા જહાંગીરશાહ ના. આગાખાન ત્રીજાના કાકા અને સસરા થતા હતા અને ના. આગાખાન ત્રીજા સામે મુંબઈમાં કેસ માંડનાર બીબીના પિતા હતા.

આ પછી વેપાર-વણજને લગતી થોડી ઘણી વાતો કર્યા પછી બન્ને મિત્રો છૂટા પડ્યા.

બીજે દિવસે સદરદીને ગુલામઅબ્બાસ પાસેથી લાવેલ "આગા જહાંગીર શાહ" નો રિસાલો વાંચવાનું શરૂ કર્યું—

આગા જહાંગીર શાહનો રીસાલો

ફારસીમાં લખનાર

આગા જહાંગીર શાહ ઈબ્ને

આગા હસનઅલી શાહ.

ભાષાન્તર કરી પ્રગટ કરનાર

એદલજી ધનજી કાબા

અધિપતિ "ખોજા પ્રકાશ"

અમરેલી—કાઠીયાવાડ

હી. સ. ૧૩૩૦ ઈ. સ. ૧૯૧[illegible]

કીંમત ચાર આના

પ્રસ્તાવના

ખોજા કોમની તવારીખ માટે મેળવી શકાએલા સાધનિક પુસ્તકે મરહુમ આગા જહાંગીરશાહ ઈબ્ને આગા હસનઅલી શાહનો લખેલો હી. સ. ૧૩૧૩ ના માહે સફર માસમાં મુંબઇના દત્તપ્રસાદ છાપખાન છપાએલો રીસાલો મને ખોજા તવારીખ માટે અતિ ઉપયોગી જણાયો, થોડો ભાગ મજકુર તવારીખમાં મેં ભાષાન્તર કરી આપ્યો છે; પરંતુ એ રીસાલાનું લખાણ ખોજા તવારીખ પર ઘણું ઉત્તમ અજવાળું પાડનારૂં જણાવાથી તેનું મેં ગુજરાતીમાં ભાષાન્તર કરાવી પ્રગટ કીધું છે.

મજકુર રીસાલામાં આગાખાન કુટુંબના અકાયદ, તેમની રહેણી ક તેમના મુરીદોને પીર સદરૂદીન તરફથી કેવા ધોરણે મળેલો બોધ, તે મુરીદોના અકાયદ વીગેરે વીગેરે ખાસ દરેક ખોજા તવારીખ સાથે દીલસ રાખનારે વાંચવા તથા જાણવા લાયક બાબતો આપવામાં આવી છે. મારૂં માનવું થયું છે કે આ નાનો સરખો રીસાલો ખોજા તવારીખના સા ત્યમાં અમુલ્ય ઉમેરો કરે છે. હું આશા રાખું છું કે જે ઉદ્દેશથી મેં પ્રગટ કરવાનું મુનાસબ ધાર્યું છે તે ઉદ્દેશને વાંચકો સફળ કરી બતાવે. આમી

અમરેલી }
તા. ૧-૬-૧૨ }

એદલજી ધનજી કા

આગા જહાંગીર શાહનો રીસાલો

સઘળી તારીફો અલ્લાહ પાકને સજાવાર છે કે જે બન્ને જહાનનો ર છે. દુરૂદ તથા સલામ હજરત મોહંમદ (સ.) ઉપર હજો કે જે મખલુકમાં સૌ શ્રેષ્ટ છે. અને તેની બુઝુર્ગ આલ ઉપર પણ દુરૂદ તથા સલામ હજો.

ત્યાર બાદ અલ્લાહ પાકની મખલુક પૈકીનો એક ગરીબ કે જેનું ના (મારૂં નામ) જહાંગીર ઇબ્ને આગાખાન છે તે અરજ કરે છે કે આ નાને રીસાલો લખવાનો સબબ એ છે કે હાલમાં મારી વય બાવન વર્ષની થ ગઇ છે. આંખોની તેજી પણ થોડી ઘટી ગઇ છે અને મન પણ કાંઇક રંજી થયું છે તેવી સ્થિતિમાં મેં ઇચ્છયું કે મારી નિશાની આ દુનિયામાં હું એવી છોડી જાઉં કે જેથી મારા મીત્રો તથા દીની ભાઇઓની દ્રષ્ટિ પ્રત્યેક વખત

...ના પૂંછો તથા અક્ષરો પર પડતી રહે અને મને તેઓ સઘળા ભલી દોઆની ...થે યાદ કરતા રહે. શાયદ ભાઇઓ તથા મોમિનોની બરકતથી મારા ગુના- ...ની કસરતમાં ઘટાડો થાય અને તેઓની પવિત્ર દોઆની બરકતથી મારા- ...ત્માને શાન્તી મળે.

એવા કારણથી આ એક નાનો સરખો રીસાલો લખવામાં આવ્યો છે ...જે મારા મરણ બાદ મારી નીશાની તરીકે ગણાય કેમકે મારી જીંદગી અને ...આ દુનિયાની સઘળી ચીજો એક દીવસ ફના થવા વાળી છે. શાયદ કોઈ ...કોઈ બુઝુર્ગ પોતાની દયાના સબબે મુજ ફકીરના હકમાં દોઆએ ખેર કરે.

હવે હું કેટલાક ફકરાઓ મારા મઝહબી એતકાદને ...લગતા લખું છું. પ્રથમ હું એ વાતની ગવાહી આપું છું કે, ખુદા પાક ...સિવાય બીજો કોઈ માઅબુદ નથી. અને કોઈ તેનો શરીક નથી ન તો તેની ...ઝાતમાં અને ન તો તેની સીફાતમાં. એટલે કે જે સીફાતો અલ્લાહ પાકની ...શાનને લાયક છે તે બીજા કોઇનામાં નથી. કેમકે અલ્લાહ પાકે પોતાના હબીબ ...મોહંમદ મુસ્તફા (સ) ના મારફત અમોને કુરાનના સુરે કુલહો વલ્લાહો ...અહદમાં બયાન ફરમાવ્યું કે "અલ્લાહ એક છે તે નિરાધાર છે ન તો તેને ...કોઇએ જન્મ આપ્યો છે અને ન તો તેનાથી કોઇએ જન્મ લીધો છે" ત્યાર- ...બાદ હું એ વાતની ગવાહી આપું છું કે મોહંમદ (સ.) અલ્લાહના બંદા અને ...તેના (ખુદાના) પેગંબર છે તે સઘળા પેગંબરોની છેવટે આ જગતમાં પેદા ...થયા છે, એટલે કે તેમની પછી કોઈ પેગંબર નહિ થશે. **કુરાને મજીદ એ ...અલ્લાહ પાકની કીતાબ છે અને તે સઘળી આસમાની કીતા- ...બોમાં સૌથી છેલ્લે નાઝીલ થઇ છે તેમનો દીન સઘળા દીનોની ...બાદ અને દુનિયાના સઘળા દીનોને બાતલ કરવાવાળો છે.**

હું એ વાતની ગવાહી આપું છું કે હજરત અલી મુર- ...તુજા અ. અને તેમના અગ્યાર ફરજંદો હજરત મોહંમદ ...સ. ના એક પછી એક ખલીફા છે. અને તે સઘળા ઇમામો ...બરહક છે અને તેઓ રસુલલ્લાહ સ. ના નાયબ છે આ સઘળા ...ઇમામો અને ફાતમા ઝેહરા અ. માં પણ એજ આદતો તથા ...સીફાતો હતી કે જે અલ્લાહ પાકના પાક રસુલની પાક ...ઝાતમાં હસ્તી ધરાવતી હતી.

આ ચઉદ માઅસુમ અ. એકજ નુરથી છે અને તે બુઝુર્ગવારોનું એકજ ખમીર એટલે કે ઉતપત્તી છે. ખુદાતાલાએ તેમને દરેક મોટા તથા નાના ગુનાહોથી અમદન વ સહવન પાક કીધા છે. એટલે કે તે બુઝુર્ગવારોથી ભુલચુકથી પણ કોઇ ગુનોહ થયેલ નથી. આ બુઝુર્ગવારોનો દોસ્ત તે અલ્લાહ પાકનો દોસ્ત અને જે અલ્લાહ પાકનો દોસ્ત છે તે મોમિન છે. જે આ માઅસુમોનો દુશમન છે તે અલ્લાહ પાકનો દુશમન છે અને જે અલ્લાહ પાકનો દુશમન છે તે કાફર છે.

અને એ પણ ગવાહી આપું છું કે કુરાને મજીદના એહકામો સુન્નતે રસુલ સ. ના ફરમાનો, કીયામતનું થવું, જન્નત તથા દોજખ, દીનના ઊસુલ તથા ફેરૂઅ, મરવું અને મરવા બાદ કીયામત આવતાં સુધી કબરમાં રહેવું, પછી જીવતા થવું, હીસાબ અને કીતાબ, મીજાન, પુલસેરાતને ઓળંગવાનું આ સઘળી વાતો બરહક છે. અને આ ઉપર વર્ણન થયેલી બાબતો સઘળી સાચી છે અને તેમાંની કોઇ પણ બાબતમાં મને શંકા નથી, મારા બુઝુર્ગવાર પીતા કે જેમના પર અલ્લાહો તાલાની રહેમત હજો તે, તેમના ભાઇ, સઘળા કુટુંબીઓ, અને નોકરો ચાકરો સઘળાઓ એજ માર્ગપર ચાલવાવાળા અને એજ એતકાદ રાખવા વાળા છે. મારા પીતા કે જેમના પર ખુદાતાલા પોતાની રહેમત નાઝીલ કરે, તેમના જેવા બીજા માણસો મેં બહુજ ઓછા જોયા છે. તેઓ પોતાના દીનમાં દરેક સ્થિતિમાં પકકા અને કાયમ રહેવાવાળા છે. તેઓ (મારાપીતા) ખુદાતાલાની નમાજને દરરોજ અવ્વલ વખતમાં અદા કરતા હતા. ખાસ કરી મગરીબની નમાજને બહુજ જલદીથી વખતસર પડતા હતા.

કોઈ કોઈ વખત અસરની નમાઝ પઢીને દુનિયાના રીવાજને અનુસરી હું મારા ભાઇઓ સાથે હવા ખાવાને જતો હતો. ત્યારે મારી કદી પણ એવી હીમ્મત નહિ ચાલતી હતી કે હું કોઈ દહાડો દેર કરીને ઘેર આવું અને મારી મગરીબની નમાજ કઝા થઇ જાય.

મને સારી પેઠે યાદ છે કે એક દહાડો જ્યારે હું એક ખરાબ ઘોડા પર બેસી પુના જતો હતો ત્યારે તે ઘોડાની મસ્તીના કારણે મને પહોંચતાં ઢીલ થઈ. જ્યારે હું મારા બાવાજાનની ખીદમતમાં તેમના ઉતારા પર હાજર થયો ત્યારે તેઓ મારા પર દેર કરી આવવાના સબબે બહુજ ગુસ્સે થયા અને

પુછ્યું કે કેમ નમાજના વખત પર બરાબર હાજર ન થયા? અને તેનું કારણ શું છે?

આ બાબતને લગતો પ્રસંગ એમ બન્યો હતો કે મારી સાથે મારા મિત્ર હાજી ઝયેનુલ આબેદીન અમીન-ઉત-તુજાર પણ હતા, તેઓ કોઈ ખાસ કામને લઇ મારી સાથે સાથે ચાલ્યા આવતા હતા. જે જગોએ મારા ઘોડાએ મસ્તી તથા તોફાન કીધું હતું તે જગો પર એક નાની સરખી મસજીદ બનેલી હતી. મેં, હાજી સાહેબે તથા તેમના સાથીઓએ તે મસજીદમાં નમાજ અદા કીધી હતી. જ્યારે મારા પીતા મારા પર ગુસ્સે થયા ત્યારે મજકુર હાજી સાહેબ તથા તેમના સાથીઓની ગવાહી મારા હકમાં બહુજ લાભકારક નીવડી.

મારા પીતા દરરોજ રાત્રીએ જાગ્યા કરતા હતા અને જ્યાં સુધી સવારની નમાજ અવ્વલ વખત પર નહિ પડી લેતા હતા ત્યાં સુધી ઉંઘતા ન હતા. તેઓ (મારા પીતા) દરરોજ મને રાત્રીએ જ્યારે મારી વય નાની હતી ત્યારે દીની મસાએલ પુછતા અને શીખવાડતા હતા. અને હું હમેશાં મારા પીતાની ખીદમતમાં રહ્યા કરતો હતો. તેથી તેઓ મને હંમેશા ઉસુલે દીન, ફોરૂએ દીન અને અઈમ્મએ માઅસુમીન અ. ના મુબારક નામો શીખવાડતા હતા. અને મને બહુજ તાકીદથી ફરમાવતા હતા કે ઉસુલે દીન ફોરૂએ દીન તથા અઇમ્મએ માઅસુમીન. અ. ના મુબારક નામો સારી રીતે યાદ રાખજો. જ્યારે હું દીની મસાએલને સારી પેઠે યાદ કરતો હતો ત્યારે તે બુઝુર્ગવાર મને ઘણું ઈનામ આપતા હતા.

એક સમયે અમો સઘળાઓ મુસાફરીમાં એક સાથે નીકળ્યા હતા. સઘળા નોકર ચાકર તથા સોબતીઓ વટીક પણ સાથે હતા. મારા પીતા તાબાના સઘળા નોકરો અને આસપાસના ગામડાના લોકોને એક જગોએ એકઠા કરતા અને તેમને દીનના મસાએલ પુછતા. તેમાંનો કોઇ જ્યારે કોઇ મસલાનો ઉમદા જવાબ આપતો ત્યારે તેના પર પ્રસન્ન થઇ તેને ઇનામ પણ આપતા. મુંબઇથી પુનાના માર્ગ વચ્ચે લુણી નામે ગામડું આવેલું છે આ વખતે ગરમી સખ્ત પડતી હતી. મુંબઇથી પુના ૭ મંજલ દુર છે તેથી લુણીમાં મુકામ કીધો ધારા મુજબ મારા પીતાએ સઘળાં નોકરોને બોલાવી હઝરાત ચહારદહ માઅસુમીન અ. ના મુબારક નામો બરાબર પુછવા માંડ્યાં. તેમાંના ઘણાખરાને તે બરાબર યાદ ન હતા અને ભુલો કરતા હતા. તેમની ભુલો માટે મારા પીતા તેમના પર બહુજ નારાજ થતા હતા અને તે સઘળાઓને શાહ ફરમાનને સુપ્રત કરી હુકમ કીધો કે તેઓને અઇમ્મએ માઅસુમીન અ. મુબારક નામો તથા દીની મસાએલ બરાબર શીખવવા; કે જેથી

દીન તથા ફુરૂએ દીન બરાબર યાદ થઈ જાય. વળી ઇદની નમાજ, ગુસલ ફરજ વીગેરે શીખવવાની પણ તાકીદ કીધી આ મરહુમ શાહરૂખખાન ઘણુ આબીદ પરહેજગાર અને નમાઝી હતા, છેવટની વયમાં કે જ્યારે તેઓ થઈ ગયા હતા ત્યારે તેઓ કરબલા મોઅલ્લાના મદરેસામાં સાદાતના યતી બચ્ચાઓને તાલીમ આપતા હતા. વળી કરબલા મોઅલ્લાની સઘળી વ ઈમારતો પણ મરહુમ શાહરૂખખાનના તાબામાં હતી.

મારા બુઝુર્ગવાર પીતા ફરમાવતા હતા કે જ્યારે હું પહેલ વહેલ હીન્દુસ્તાનમાં આવ્યો ત્યારે મારા મુરીદોનો બહુ જોર શોર હતો. તેઓ નિયત તથા રીસાલતના અહકામો બરાબર જાણતા ન હતા. તેઓ શહેરો તથા ગામડાઓમાંથી આવી મારા ઉતારાની આસપાસ આવી એક થતા હતા. તેમાનાં ઘણાઓએ પોતાનો જુનો ધર્મ યાને મુર્તીપુજા છો આપી હતી અને તેઓ ઇચ્છતા હતા કે મારા ઉતારાની સામે નમાઝ પ અને દોઆ માંગે આ વખતે મારા પીતા બહાર આવ્યા અને નમાઝે ખુદા અદા કરવા માટે ઉભા થયા, કે જેથી તેઓ જાણે કે નમાઝે ખુદા કેવી રીતે અદા કરવામાં આવે છે. **એવી જ રીતે નમાઝે જમાઅત મુંબઈની મોગલોની મસજીદમાં પડાવવામાં આવતી હતી. મારા પીતા નમાઝે જમાઅત મસજીદમાં પડવા માટે ઘણી જ કોશીશ તથા કાળજી રાખતા હતા.**

મારા બુઝુર્ગવાર પીતા માહે મુબારક રમજાનના રોજા પણ બરાબર રાખતા હતા. અને કોઈ વખતે પણ કજા થવા દેતા નહતા. બલ્કે ઘણી વખતે રાત્રીએ પણ રોજુ રાખતા હતા. તે એટલે સુધી કે જ્યારે તેઓ આંખેથી આંધળા અને વૃદ્ધ થઇ ગયા ત્યારે તેમનાથી રોજા રાખી શકાતાં નહતાં જ્યારે આખર વયમાં રોજુ રાખતા ત્યારે બરાબર ખોરાક લઈ શકતા નહતા. આ વખતે અમો બહુજ ખુશામદ અને મહેનતથી થોડી રોટલી અને દુધ ખવડાવતા અને શરબત પીવડાવતા હતા. આવા વૃદ્ધાવસ્થાના જમાનામાં પણ તેઓ સવાર પહેલાં જાગૃત થતા હતા અને અમોને પણ જગાડતા હતા કે જેથી સૌ સેહરીનું ખાણું ખાય આપ પણ અમારી સાથે સવારના નમાજના વખત સુધી દોઆઓ સહર પડ્યા કરતા હતા. એમ પણ ઘણી વખતે ફરમાવ્યા કરતા હતા કે કેટલીક જગોએ દુષ્કાળ હોવાના કારણે હું સેહરી તથા ઇફતારનું ખાણું મસજીદમાં જઇ દેતો હતો કે જેથી બીજા ઘણા માણસો મારી સાથે ખાણામાં શામેલ થાય. અને ખાણું ખાઇ રોજા રાખે.

એક વરસે ઇરાનમાં દુષ્કાળ પડ્યો કેટલાક શેહરોના સારા સારા આબ- માણુસો ભુખે મરવા લાગ્યા. મારા પીતાના મોહલ્લાના સંબંધીઓમાંથી પણ ભુખે મરવા પામ્યું નહતું; બલ્કે આસપાસના ગામ તથા શેહરોના લોકો તેમની પાસે આવી એકઠા થતા હતા. આ વખતે મારા પીતા ાની પાસે જે કંઈ હોય તે તેમને આપી દેતા હતા બલ્કે જે કાંઈ જવ- ાહીર મેહલમાં ઓરતો પાસે હતું તે પણ લઇ વેચી નાખતા હતા અને ાઓને ખેરાત કરી આપતા હતા.

મરહુમ માતુશ્રી કે જે મરહુમ આગા અલીશાહના માતુશ્રી અને ઇરા- શાહ ફતેઅલીના બેટી થાય, તેણી બાદશાહી ખજાનાથી જે કાંઈ જવ- ાહીર સાથે લાવ્યા હતા તે પણ મારા પીતાએ તેણીની પાસેથી લઇ વેચી ી ભુખ્યા લોકોને આપી દીધુ હતું અને તેઓની એજ ઇચ્છા હતી કે પણ રીતે માણુસોનો જીવ બચે. તેઓ કહેતા હતા કે આ બાબતનો ો ખુદાતાલા તરફથી મળે છે. જો કે મેં તે જવાહીર ત્યાર બાદ મરહુમ ાદીના ઘરમાં ન જોયુ. તો પણ એવીજ રીતે મારા પીતાના હાથમાં કાંઇ આવતું હતું તે સઘળું રાહે ખુદામાં ખર્ચ કરી નાખતા હતા અને તાલાનો શુકર છે કે એજ રસમ આજ સુધી ચાલી આવે છે.

હવે હું કેટલોક હેવાલ મારા પીતાના મુરીદોને લગતો આ રીસાલામાં ું. આ મુરીદો દુનિયાના ઘણા ભાગોમાં વસે છે ખાસ કરી ઈરાન, સ્તાન, બલ્ખ બુખારા, શામ, હલબ અને હીન્દુસ્તાન, આ સઘળા **ોના મુરીદો મારા માયાળુ પીતાને પોતાના પીરો મુરશીદ ાને છે ત્યાર બાદ મરહુમ અલીશાહને પોતાના પીરો મુર- ીદ જાણે છે.** આ મુરીદો જે દેશમાં અને જ્યાં વસે છે ત્યાં મુસલમાની મજહબ પાળનારા મશહુર છે. ખુરાસાન અને કીરમાનમાં પણ અમારા ીદો વસે છે અને તે સઘળાઓ બગર તકીયાએ ખુલ્લમ ખુલ્લા શીયા મજ- રાખે છે. જ્યાં જ્યાં તેઓ આબાદ છે ત્યાંથી નજરો ન્યાજ અમારા પર ના કર્યા કરે છે. ખુરાસાનના મુરીદો જાફરાન, રેશમી ગાલીચા, તે કરતાં સારી સારી જણુસો અને કોઈ કોઇ વખત રોકડ રકમ પણ મોકલાવતા છે પરંતુ મુરીદો જે કાંઇ અમોને મોકલે છે તેનાથી દશ વીસ ગણું ોને તેમના માટે ખર્ચ કરવું પડે છે. સેંકડો મુરીદો દુષ્કાળ તથા હાકીમનાં જુલમથી પોતાના બાલબચ્ચાં સહ મુંબઇ ચાલ્યા આવે છે. જ્યારે તેઓ ારમાં આવે છે. ત્યારે તેમને રહેવાને મકાનો તથા ખોરાકી ખર્ચ આપવું

પડે છે. તેમાંના કેટલાક એવા હોય છે કે સુદ ખર્ચ લઈ પોતાના વતનઃ પાછા ચાલ્યા જાય અને તેનો બદલો તેમનાથી જ્યાં સુધી બની શકે તેટલું બરાબર મોકલી આપે છે. કેટલાક દેશોના હાકીમોનો જુલમ તથા તેમના તાબાના અમલદારોનો ત્રાસ તેમને બહુજ નુકશાન કરે છે. જે મુરીદો બદખ્શાન અને તુર્કસ્તાનમાં રહે છે તે ખુલ્લમ ખુલ્લા શીયા મઝહબ રાખે છે અને જ્યારે તેઓ સફર કરે છે ત્યારે પણ સફર દરમીયાન પોતાનો મઝહબ છુપાવતા નથી.

જે દેશોના હાકીમો સુન્નત જમાતના છે તે અમારા મુરીદો પ્રત્યે બહુજ તાસુબ તથા અદાવત રાખે છે તેથી તે જગોના મુરીદો ખાસ કરી તકીયો રાખે છે એટલે કે પોતાના અસલ શીઆ મઝહબને છુપાવે છે અને સુન્નીઓના મઝહબ માફક અમલ કરે છે, તેમાંના કેટલાકો નમાજ પણ સુન્ની તરીકા મુજબ પડે છે. હમણાં બે ત્રણ વર્ષ પહેલાં કેટલાક મુરીદો અમારી પાસે આવ્યા હતા. અમોએ જોયું કે તેઓ નમાજ પણ સુન્નીઓની જેમ પડે છે. તે એટલે સુધી કે સઘળા રીતરીવાજો તથા તરાવીહની નમાજમાં પણ સુન્નીઓનું અનુકરણ કરે છે. તેઓ અમારા માટે જે કાંઈ ન્યાજ તથા ભેટ સોગાદ લાવ્યા હતા તેમાં ઘોડા, ચામડાના કોટ, જાફરાન અને કાંઇક રોકડ રકમ હતી. પણ આ રકમ એટલી હતી કે જે તેમને રાહ ખર્ચમાં જોઇએ. જ્યારે અમારા મુરીદોમાંથી કોઇ મુરીદ ગરીબ હાલતમાં આવી પડે છે ત્યારે તેની પાસે અમોને નજર તથા હદીયો આપવા માટે રોકડ રકમ તો હોતી નથી.

એવી રીતે હીન્દુસ્તાનના મુરીદો પણ પ્રથમ લગભગ ગરીબી હાલતમાં હતા. પ્રથમ જ્યારે મારા પીતા હીન્દુસ્તાનમાં આવ્યા ત્યારે મુબઈ કે જે હીન્દુસ્તાનનું પ્રખ્યાત શહેર છે તેમાં માત્ર ચાર પાંચજ મુરીદો એવા હતા કે જેમની પાસે ઘોડા ગાડીઓ હતી અને બાકી ઘણા ગરીબી હાલતમાં હતા. પરંતુ અલહમ્દો લિલ્લાહ કે આ વખતે ઘણા મુરીદો પાસે ઘોડાગાડીઓ મોજુદ છે. અને તેમાંના કેટલાકો ઘણો મોટો વેપાર રોજગાર કરે છે. કેટલાકો મોટા મોટા સોદાગરો છે અને કેટલાકોને મોટા વેપારી કારખાનાઓ ચાલે છે. કેટલાકો આલા દરજ્જાની નોકરીઓ પણ કરે છે. ખુદાતાલાનો શુકર છે કે હવે અમારા મુરીદોની હાલત દીનબદીન સુધરતી જાય છે. આ સઘળા મુરીદો પોતાની ચડતીનું કારણ મારા પુજ્ય પીતાની દોઆને માને છે. આ સઘળાં મુરીદો પોતાની હિમ્મતમાં આવે તેવી રીતે અમારી સાથે હમેશાં સારો સલુક કરતા રહે છે. આવી રીતની આવકનાં નાણાંનો મુંબઈ, હીન્દુસ્તાન, ઇરાન, તથા અરબસ્તાનમાં નેક કામોમાં વ્યય કરવામાં આવે છે ખુદાતાલાનો શુકર છે કે આ કારભાર આવી રીતેજ ચાલ્યા કરે છે. અને તેમાં દીનપ્રતિદીન વધારો થતો જાય છે.

લગભગ એક હજાર માણુસો કે જેમાં અમારા સગાઓ તથા ગરીબ સાદાત, યતીમ બાળકો અને કેટલીક વિધવાઓ અમારે ત્યાંથી ગુજરાનનું ખર્ચ મેળવે છે. મહિના તથા અઠવાડીયામાં થોડા દીવસો જાય છે કે, જેમાં ફકીર, ગરીબ, સાદાત અને ઉલ્મા વીગેરે ન આવતા આ લોકોના ભાગ્યમાં જે કાંઈ લખ્યું હોય છે તે તેઓ લઈ જાય છે. કરીને હજની મોસમમાં કે જ્યારે હાજીઓ તથા ઝવ્વારો મક્કા, કરબલા ઈરાનથી પાછા ફરે છે ત્યારે તેમાંના ઘણાની પાસે રાહ ખરચ ખુટી ઘણાઓ એવા પણ હોય છે કે જેઓ માર્ગમાં લુંટાઈ ગયા હોય છે. કેટલાકો બીજા કારણથી રાહ ખરચ માટે મોહતાજ થઈ ગયા હોય છે, સઘળાઓને અમારે ત્યાંથી ખરચ આપવામાં આવે છે. આ લોકોને ખર્ચ આપવામાં આવે છે કે જેથી તેઓ સારી રીતે વતનમાં પહોંચી

મોહર્રમની પહેલી તારીખથી દસમી તારીખ સઘળા શીઆ મુગલો વીગેરેમાંથી મજલીસમાં હદીસ મરસીયાખાન મુકરર કરવામાં આવે છે. પહેલી તારીખથી મેહમાનો જનાબ પંજેતન પાક અલૈહિસ્સલામના દસ્તરખાનથી ખાવું છે. આ તરીકો બે મહિના સુધી ચાલુ રહે છે. **હમેશા હઝરત હુસેન અ.ની અઝાદારીની મજલીસમાં હદીસખાની થયા**

માહે મુબારક રમજાનમાં એક મહિના સુધી, સઘળા વરસમાં દર તથા સોમવારની રાતે પ્રમાણે મઝલુમની મજલીસે અઝા બરપા થાય છે. તથા બીજા શહેરોના પોતાના અને બેગાના, ઉલ્મા, સાદાતો, યતીમો ફકીરોને નવરોજના તેહવાર પર એક હજારથી લઈ ત્રણ લાખ રૂપીઆ રકમ તેમને બાંધી આપેલા વજીફાની આપવામાં આવે છે. એટલે માસિક હીસાબની ગણત્રી મુજબ આપવામાં આવે છે. તેમને આપી મુંબઈથી તેમના વતને રવાના કરવામાં આવે છે. આ ધોરણ પીતાના સમયથી શરૂ થઈ આજ પણ એજ માફક ચાલ્યું આવે છે.

હમેશા મોહરમના પહેલા દસકાથી રોજાખાની શરૂ કરવામાં અને ઉપર જણાવ્યા મુજબ ખર્ચ પણ કરવામાં આવે છે. આ રીવાજ મરહૂમ પીતા જ્યારે પહેલ વહેલા મુંબઈ ઉતર્યા ત્યારે તેમણે ચાલુ હતો અને હજુ સુધી તેમાં કાંઈ પણ તફાવત થયો નથી.

ઉપરાંત જે કોઇ ગરીબ સાદાત હોય છે તેની ગરીબાઈની પુરે ખાત્રી થતાં અને તે પોતાની પુત્રીના લગ્ન કરી આપવા માટે લાચાર છે તો તેને તેમજ કોઇ સારો માણસ બીજી જગોએથી ખબર આપે તો તે છોડીઓના લગ્ન કરી આપવા માટેનું વ્યાજબી ખર્ચ તેમને આપવા મો આપવામાં આવે છે.

એક વખતની વાત મને બરાબર યાદ છે. હાજી મોહંમદ કરીમ જ્યારે મશહદે મુકદ્દસ યાને હજરત ઇમામ રઝા અ. ની ઝીયારતથી પરત આ ત્યારે તેમણે એક પત્ર લખી મને ખબર આપી કે ખુરાસાનના ઇલાકામાં સૈયદના છોકરા તથા છોડીઓ જુવાન થઇ ગયા છે પણ તેમના લગ્ન આપવા માટે તેની પાસે નાણાં નથી. જો તમો કાંઇ મદદ કરો તો તે આ કામ થઈ જાય. આ ઉપરથી જેવું મુનાસબ જણાયું તેમ તે મા ખરચ અમારે ત્યાંથી મોકલી આપવામાં આવ્યું. એજ વર્ષમાં પુના શહે શરતના ઘોડા દોડાવવામાં આવ્યા. અમારા ઘોડાઓએ શરતો જીતી લી તેથી મારા પીતાએ ફરમાવ્યું કે સાદાતના છોકરા છોડીઓના લગ્ન આપવા માટે જે રૂપીઆ આપવામાં આવ્યા છે તેનો ખુદાતાલાએ આ, દુ યામાં બદલો આપ્યો છે. અને આખરતમાં અલ્લાહ પાક તે કરતાં પણ વિ અમોને અતા કરશે. શરીયતમાં ઘોડા દોડાવવાની તથા તીર ફેંકવાની શ કરવી દુરસ્ત છે.^ આ સિવાયની બીજી શરતો કરવી હરામ છે.

વળી અર્બસ્તાન, કરબલા મોઅલ્લા, નજફ અશરફ, કાઝમેન અ સુર્રમનરાયના કેટલાક સાદાત અને તાલિબે ઇલ્મોને મદદ માટે માસિક પગા અમારે ત્યાંથી હમેશાં મોકલવામાં આવે છે. તેઓમાં ઘણાઓ અશરાફ ખા દાનના લોકો તેમજ શાહજાદાઓ પણ છે. આ સઘળાઓને માસિક પ અમારે ત્યાંથી મળતો રહે છે. તે પગાર કોઈ મારફતીયા યા સોદાગરની મા ફત મુંબઇથી રવાના કરવામાં આવે છે. અને તે રકમો મળ્યાની પહોંચો ત્યાં આવી જાય છે. કેટલાક સાદાતો, તાલિબે ઇલ્મો અને ખાદીમો વીગેરે પણ મુંબઇમાં આવે છે તેમના કેટલાકની પાસે તો સીફારસી પત્રો હોય છે અ કેટલાક તો એમજ આવે છે તેમની કિસ્મતમાં જે કાંઈ હોય છે તે અમા ત્યાંથી લઈ જાય છે.

એક વખતનો બનાવ મને બરાબર યાદ છે. ઘણા ખાનદાન બુઝુર્ગો અને આલીમો દુશમનોના લશકરમાં પકડાઈ કેદ થઇ ગયા આ બાબતના સમાચાર આલીમો અને મુજતેહદોએ તાર મારફતે અમોને રવાના કીધા તેમજ તેઓને છોડાવવા માટે કેટલાક હજાર રૂપીઆની માગણી તાર મારફતે

^ આ મંતવ્ય સાથે મતભેદ સંભવિત છે.

…ના કીધી અને લશકરવાળાઓએ તે રૂપીઆ લઇ તે સઘળાઓને છોડી મુકયા. …માંના કેટલાક મકકા શરીફ જવાવાળા હતા તેમને પણ રાહખર્ચ આપી …ના કરી આપવામાં આવ્યા. વળી જેઓ હજરત ઇમામ ઝયનુલ …બેદીન અ. ની ઝ્યારત કરવા માટે જવાચાહતા હતા તેમને પણ તેટલો …ખર્ચ આપવામાં આવ્યો.

આ લોકો કહેતા હતા કે આ માર્ગમાં જે દુઃખ પહોંચ્યું તે સઘળું …તુંજ છે. કેમકે આ માર્ગમાં હજરત ઇમામ ઝયેનુલ આબેદીન બીમારે …બલાને કેવાં કેવાં દુઃખો જોવા તથા ઉઠાવવાં પડ્યાં છે. અને તેવાં દુઃખો …નિયામાં બીજા કોઇને ઉઠાવવાં પડ્યાં નથી. ખાસ કરીને આશુરાને દીવસે …ોરની નમાજ બાદ, અબ્દુલા બિન ઝ્યાદની કચેરીમાં, શામની મુસાફરીમાં …ને યઝીદ પલીદના દરબારમાં કેટલા દુઃખો અને સંકટો હજરત સજ્જાદ …મદારને ઉઠાવવાં પડ્યાં છે તેનું બયાન થઈ શકવું મુશકીલ છે.

કેટલીક વખતે મારા પીતાએ એમ ઇચ્છયું કે જે સુલતાન રૂમની રજા …ે તો ઇમામઅે માઅસુમીન અ.ના રોઝાઓની મરમ્મત અને ચિરાગ બત્તી …ાત તરફથી થયા કરે પરંતુ આવી માગણી મંજુર થઇ નહીં.

હવે કેટલાક ફકરાઓ હીન્દુસ્તાનના મુરીદોની હકીકત માટેના લખવામાં …ાવે છે. આ સઘળા હીન્દુસ્તાનના મુરીદો પ્રથમ હીન્દુ ધર્મના હતા અને …તિ પુજા કરતા હતા. ખુદાતાલા રહેમત કરે પીર સદરૂદીન સાહેબ પર તેમણે …ટલા બધા સંકટો વેઠી અને પોતાની જાતને દુઃખ આપી તેમનાથી મુર્તી …જા છોડાવી અને ખુદા પરસ્તીની હિદાયત કીધી. ઘણા હીન્દુઓની એવી …ાન્યતા છે કે ખુદાએ પોતાની પુર્ણ કુદરતથી દસ વખત આ દુનીયામાં અવ-…ાર લીધો. આ પુસ્તકનું નામ દસ અવતાર રાખ્યું છે. એટલે તે પુસ્તકમાં …ખ્યું છે કે ખુદાએ નવ વખત જુદા જુદા સ્વરૂપોથી દુનિયામાં અવતાર લીધો …. કોઇ વખતે માછલીના સ્વરૂપમાં અને કોઇ વખત વાઘના સ્વરૂપમાં. નવ …ખત એવા એવા વિચિત્ર સ્વરૂપોમાં ખુદાએ દુનિયામાં અવતાર લીધો છે. …ાવીજ માન્યતા ઘણા હિન્દુઓની છે. જો આ બાબતનું વર્ણન વિસ્તારથી …ખું તો આ રીસાલો લાંબો થઇ જાય છે. અને આવીજ રીતની માન્યતા પારસીઓની પણ છે કે એકના પછી એક અવતાર થતો આવ્યો છે. અને તેમનો ધર્મ દુનિયામાં ચલાવ્યો છે.

પીર સદરૂદીન સાહેબે તેમની માન્યતાને મળતા થઈ તેમને ફુસલાવવાને

માટે એમ જુલથાપ આપી કે આ જે તમો અવતારને માનો છો તે સઘળા

બરાબર છે અને જે દસમો અવતાર પ્રગટ થવાની ઉમેદ રાખો છો તે અવતાર પણ પ્રગટ થઇ ચુકયો છે. અને તે દસમો અવતાર તે હજરત મોહંમદ (સ.) નું પાક નુર છે; કે જે દુનિયાને પ્રકાશીત કરનાર પાક નુરથી દુનિયામાં પ્રકાશ ફેલાયો છે અને માઅસુમ ઇમામોના નુર પણ; કે જેની સહાયતાથી દુનિયામાં ઇમાનનું નુર પ્રસર્યું છે. જો પીર સદરૂદીન સાહેબ એમ ઇચ્છતે કે પ્રથમથીજ તેમને તથા તેમના ધર્મ શાસ્ત્રોને જુઠાં જાહેર કરતે તો એક માણસ પણ ઇસ્સલામનો સ્વીકાર કરતે નહિ. આવી જ રીતે હજરત ઇબ્રાહીમ ખલીલુલ્લાએ પણ મસલેહત ધારી કીધું છે. જ્યારે તેઓ એક મોટા શહેરમાં દાખલ થયા કે જે શહેર કાફરોનું હતું. સૌથી પહેલે તો હજરત ખલીલ અલેહિસ્સલામે તે લોકોને જે સીતારાની પુજા કરતા હતા તેમને એમ જણાવ્યું કે તમો સત્ય ધર્મ રાખો છો અને પછી તેવીજ રીતે સુર્યના પુજવા વાળાઓને પણ તેમજ જણાવ્યું અને તેમના ધર્મને પણ સત્ય જણાવ્યો. આ વાત તેમને પોતામાં મેળવી લેવા માટે હતી અને જ્યારે તે કાફરો હજરત ખલીલુલ્લાથી મહોબત કરવા લાગ્યા અને તેમની સાથે હળવા મળવા લાગ્યા ત્યારે ધીમે ધીમે તે સઘળા કાફરોને હિદાયત કરવાનું શરૂ કર્યું અને તેમને અકલી દલીલોથી તથા ખુદા પાકની આયતોથી સમજાવવાનું ચાલુ કીધું. અને ફરમાવ્યું કે આ સઘળા ચંદ્રમા, સીતારા અને સુર્ય ખુદાતાલાની જ બનાવેલી ઉતપત્તી છે. તે સઘળાનો સરજનાર ખુદા તે બીજોજ છે. જેમકે ખુદાતાલા પોતાની કીતાબ કુરાન મજીદમાં સુરે અનાઆમમાં ફરમાવે છે કેઃ—

*** ફલમ્મા જન્ન અલયહિલ લયલો રઆ કવકબન, કાલ હાઝા રબ્બી, ફલમ્મા અફલ કાલ લા ઓહિબ્બુલ આફેલીન ફલમ્મા રઅલકમર બાઝેગન કાલ હાઝા રબ્બી, ફલમ્મા અફલ કાલ લ ઇલ્લમ યહદેની રબ્બી લ અકૂનન્ન મેનલ કવમિઝ ઝાલ્લીન ફલમ્મા રઅશ શમ્શ બાઝેગતન કાલ હાઝા રબ્બી, હાઝા અકબરો, ફલમ્મા અફલત કાલ યા કવમે ઇન્ની બરીઉમ મિમ્મા તુશરેકૂન.**

* અર્થઃ-જ્યારે રાત્રી થઈ ત્યારે (ઈબ્રાહીમે) સીતારાને જોયો અને કહ્યું કે આ મારો ખુદા છે. પણ જ્યારે તે અસ્ત પામ્યો ત્યારે તેણે કહ્યું કે હું અસ્ત થનારને ચાહતો નથી. ઉદય થતા ચંદ્રને જોઇ કહ્યું આ મારો ખુદા છે પણ જ્યારે તે અસ્ત પામ્યો ત્યારે કહ્યું જો ખુદા મને માર્ગ ન દેખાડે તો હું જાલીમોમાંથી થઇ જાઉં. જ્યારે સુર્યને ઉદય થતો જોયો ત્યારે તેણે

કહ્યું કે આ મારો ખુદા છે આ ઘણો મોટો છે. પણ જ્યારે તે અસ્ત ... ત્યારે તેણે કહ્યું અય લોકો તમો ખુદાની જાતમાં બીજાને શામેલ કરો ... તેથી હું તમારાથી બેજાર છું.

જો આ પીર સદરૂદીન સાહેબ પ્રથમથીજ તેમને કુરાન અને હદીસ ... જાણીતા કરતે અને તેમના અવતારોને જુદા કહેતે તો એક પણ હીન્દુ ... લામનો સ્વીકાર કરતે નહિ અને તેઓ (હીન્દુઓ) કાંઈ પણ નહિ જા... હતા; કે કુરાન શું છે? અને તેમાં શું લખ્યું છે? અને ખુદાઈ નુરનો ... યાને ઉેવટનો પૈગંબર કોણ છે? અને ખુદાનું ફરમાન શું છે? અને એમ... ખુદાતાલા કુરાનમાં સુરે ઈબ્રાહિમમાં ફરમાવે છે:—

વમા અરસલના મીર રસુલીન ઈલ્લા બેલેસાને કૌમેહી લેયોબય્યેન લહુમ ફયોઝિલ્લુલ્લાહો મંય યશાઓ વ યહદી મં... યશાઓ વહોવલ અઝીઝુલ હકીમ.

અર્થ:—અમો જ્યારે કોઈ પણ કોમ પર પૈગંબર મોકલીએ છીએ ... તે કોમની ભાષામાંજ બોલવાવાળો મોકલીએ છીએ; કે જેથી તે અમા... આયતો અને દલીલો તેમની ભાષામાં તેમને સમજાવે અને એવું નથી ... અમો બળવન્તરીથી કોઇ કામ માટે કહીએ કે જેને ન તે બોલી શકે છે ... ન સમજી શકે છે.

એવીજ રીતે પીર સદરૂદીન સાહેબ (રેહ) ફરમાવે છે કે જો હું પ્રથમ... થીજ આ લોકોના અંતઃકરણોને દસ અવતાર ખરા હોવાનો યકીન ન ... વતે તો તે લોકો કદી પણ ઈસ્લામના આમંત્રણને કબુલ ન કરતે. બસ ... તે લોકોના દીલને દસ અવતારની વાતોથી નરમ કીધાં અને જ્યારે તે... મારી વાતોને ધ્યાનથી સાંભળવા તથા સમજવા લાગ્યા ત્યારે તેમને હદી... તથા કુરાની દલીલોની થોડી થોડી હકીકતો સંભળાવતો હતો. કોઇ વખ... સીન્ધી ભાષામાં અને કોઇ વખત હીન્દી ભાષામાં. કુરાનની કેટલીક આ... તથા કેટલીક હદીસો સરળ સીન્ધી તથા હીન્દી જબાનમાં લખી છે કે ... લોકો સારી પેઠે સમજે અને તે પર અમલ કરે. કોઈ કોઇ દોઆ તથા ... જનતનો પણ મેં તેમની ભાષામાં તરજુમો કરી આપ્યો છે કે જેને તે... શોખથી રાત્રે તથા સવારે પડ્યા કરે. અને ખુદાની ઇબાદત તરફ પ્રી... વધતી રહે.

આ મુરીદો ત્રણ પ્રકારના છે. પહેલા પ્રકારના તો તદ્દન હીન્દુ... જેવાંજ છે. તેમાંના કેટલાક તો પોતાના ધર્મને પણ છુપાવે છે. કોઇ કહી ... જાણી શકતું નથી કે તેઓ હીન્દુ છે કે મુસલમાન! આવા મુરીદો ઘણા ... કામાં નજરે પડે છે. એક વખતે હું મારા પીતાની સાથે અમદાવાદ ગુજ... તરફ ગયો હતો. ત્યાંના એક કસ્બામાં અમારા મુરીદોના કેટલાક ઘરો

ઓએ અમારી દાવત કીધી. તેઓના બે માણુસો અમારા નોકર બાબા
મહંમદ સાથે મગરીબની નમાજ વખતે અમોને બોલાવવાને આવ્યા
અલીમહંમદ તથા તેનો બાપ અમારા મુરીદોને સારી પેઠે પીછાણુતા
અને તેમની સાથે તેઓ અમોને બોલાવવાને આવ્યા હતા. તેથી અમોએ
સ્વીકાર કરી મગરીબ પછી બે કલાકે બોલાવવા આવવાને કહ્યું.
મગરીબની નમાજ બાદ બે કલાક વિતાઈ ગયા ત્યારે તે બે માણુસો
અલીમહંમદને સાથે લઈ અમોને બોલાવવાને આવ્યા. અમો બાબા
મહંમદને સાથે લઈ તે બન્નેની સાથે સાથે દાવતમાં જવાને પ્યાદા
ફાનસ કે દીવી કાંઈ સાથે લીધું ન હતું. તે બેમાંનો એક અમારી
સાથે ચાલતો હતો અને બીજો અમારી આગળ આગળ ચાલતો હતો
માં કોઇ હીન્દુ કે બીજો કોઈ ભેટી ન જાય, આવી રીતે અમો એ
પર જઇ પહોંચ્યા કે જે અમારી દાવત માટે મુકરર કીધી હતી. જ્યારે
ત્યાં પહોંચ્યા ત્યારે દરવાજો ખોલી અમોને અંદર લીધા પછી દરવાજો
કરી આપ્યો. ત્યાં સઘળાઓ એકઠા થઇ ચુકયા હતા. દાવતમાં મીઠાઇ,
અને કેટલીક રોકડ રકમ પણુ રાખી હતી. અમો કાંઇ ખાણું વીગેરે
એવીજ રીતે અમારા ઉતારા પર પાછા આવ્યા. સવારે અમો ત્યાંથી
થયા. આવી રીતના મુરીદો ગુજરાત તથા પંજાબમાં ઘણુા છે. તેઓને
સદરૂદીન સાહેબે તેમની ભાષામાં જે દોઆઓ, હદીસો અને અઇમ્મએ
મીન અ. ના ફઝાએલ લખી આપ્યા છે તે પ્રમાણે તેઓ વરતે છે.

બીજા પ્રકારના મુરીદો ઉપર વર્ણુન કરેલા મુરીદો કરતાં કાંઈ કાંઈ
નિયતની તેમના કરતાં વધારે સમજ ધરાવે છે. ખુદાની નમાજ પડે છે
જે દોઆઓ પીર તરફથી મળી છે તે પણુ પડે છે. કેટલાક રાત્રે તથા
પણુ મુનાજાતો પડે છે વર્ષમાં કોઇ કોઇ માહે રમજાનના રોજા પણુ
કરે છે. કોઇ કોઇ રમજાન માસ સિવાય બીજા માસોમાં પણુ રોજા
છે.

હવે યાદ રાખવું જોઇએ કે દુનિયાના તમામ માણુસો એક ધર્મના નથી.
જુદા ધર્મ પર ચાલે છે એવી રીતે ઈરાન દેશમાં પણુ બખત્યારી કોમ
જંગલના રહેવાવાળા લોકો આબાદ છે તેઓમાં હજારો પૈકી એક
સ પણુ કદાચ નમાજ પડતો હોય. બલ્કે એક પણુ નમાજ અદા કરવાનું
તો નથી. તેમજ દીની મસાએલ પણુ બીલકુલ જાણુતા નથી.

એક વખતે એક રોજાખાનની સાથે અમારા કેટલાક માણુસો બખત્યારી
માં ઘી ખરીદવાને ગયા. આખુન્દ રોજાખાને તેમના એક સરદારને પુછ્યું
મો નમાજ પણુ પડોછો ? તેમણે જવાબ આપ્યો કે અમારો મુલ્લાં નમાજ
છે. અને સઘળી વાતો સારી પેઠે જાણે છે. જ્યારે તે મુલ્લાં સાથે તેણે
કાત કીધી ત્યારે તે આખુન્દ રોજાખાને તેને પુછ્યુ કે અઇમ્મએ માઅસુમીન
ના મુબારક નામો બતાવ ? મુલ્લાએ કહ્યું કે મારી જાન તેમના પર ફીદા

થાય કે તે મારા આકા અને અને ઈમામ હજરત અલી મુરતજા અ. છે. આખુન્દ ઇચ્છતો હતો કે બીજા અગ્યાર નામોમાંથી પણ પુછે; પરંતુ પછી તેણે કોઈ નામ લીધું નહિ બલ્કે એમ બોલ્યો કે બીજા ઈમામ શાહ વલી પીર છે. તેવીજ રીતના કેટલાક નામો તે મુલ્લાંએ લીધાં અને કહ્યું કે તે અમારા ઇમામ છે. એવી રીતે તે ઇલાકામાં કેટલાક માણુસો ઈમામોની ઓલાદના પોતાને જણાવી ખુદ પોતાને પણ ઇમામ કહેવડાવે છે. એવીજ રીતે તે તરફના ગામડા તથા કસ્બાના લોકો પોતાના દીન બાબે વધુ કાંઈ જાણતા નથી.

મારા પીતા ફરમાવે છે કે એક વખતે કેટલાક માણુસો આવ્યા કે જેમાં એક યહુદી પણ હતો. આ યહુદી મુસલમાન થવા ઇચ્છતો હતો પણ કેટલાકોએ કહ્યું કે તે જુઠો અને મકરબાજ છે. કેટલાકોએ એમ પણ કહ્યું કે તે સ્બેને સાચો હોય; કેમકે તે હજરત મુસા અ. ને ખરાબ કહે છે અને સાચે સાચી રીતે મુસલમાન થવા માગે છે. અર્થાત તેના મુસલમાન થવાનો સબબ એમ હોય કે યહુદીઓ તેને સતાવે છે અને કહે છે કે તું હજરત મુસા અ. ને ખરાબ ન કહે અને ગાળો ન આપ. એવી રીતે અબંરસ્તાનમાં રહેનારી કેટલીક જંગલી કોમો તેમના કરતાં પણ બદતર છે. જ્યારે મુકરર થયેલા સમયે આ લોકો ઇબાદત માટે આવે છે ત્યારે ઇબાદતના કામમાં બહુજ કાળજી રાખે છે; પરંતુ બદતમીજ એટલા હોય છે કે તેમનાથી ઝવ્વારોને બહુજ દુઃખ ઉઠાવવું પડે છે. મતલબ કે તેમને લગતું વર્ણન જો પુરેપુરું લખવામાં આવે તો એક ભારી કીતાબ થઇ જાય.

ત્રીજા પ્રકારના મુરીદો ખુદાના ફજલથી સઘળા મોમિન છે. નમાજો પડે છે. દુઆએ સહર પણ પડે છે. સવારમાં જલદી ઉઠે છે અને સવારની નમાજ પછી દુઆઓ પડે છે. કેટલાકો અઠવાડીયામાં બે ત્રણ રાત્રી, કેટલાકો મોટી રાત્રીઓ જેવી કે શબેકદર તથા શાબાનની પંદરમી વીગેરે પર શબબેદારી કરે છે અને દીવસે રોજા પણ રાખે છે. કેટલાકો કરબલા મોઅલ્લા અને નજફ અશરફની ઇબાદત પડવા માટે તથા મક્કા મોઅઝઝમા પણ જાય છે. અને ખુદા અને તેના રસુલના ફરમાનો મુજબ દીની એહકામો બજાવી લાવે છે.

કેટલાક મુરીદો જે મારા દાદાની સાથે મક્કા ગયા હતા તે હજુ હયાત છે. તેઓ મોહરમના દસ દહાડાઓ સુધી દર રાત્રીઓ સીદક દીલથી મઝલુમે કરબલાની મજલીસ બરપા કરે છે. અને રોજાખાની પણ કરે છે આ બાબતોનો તરજુમો તેમણે પોતાની માદરી જબાનમાં કરી લીધો છે. તેમની મજલીસમાં જ્યારે તેમની ભાષામાં રોજાખાની થાય છે ત્યારે તેઓ બહુ જોરથી રડે છે અને કેટલાકો આખી રાત્રી જાગે છે. આશુરાને દહાડે તેઓ પોતાની દુકાનો બંધ કરી લેવડ દેવડ કરતા નથી. ઇમામ મજલુમે કરબલાનું દસમું, વીસમું અને ચાલીસમું વીગેરે પણ બહુજ ખુબીની સાથે ઉજવે છે અને પોતાની કમાઇમાંથી ખુબ ખરચ કરે છે.

રમજાન મુબારકના પુરા માસના રોજા બરાબર રાખે છે અને સઘળા મહીનાઓ કરતાં તેમાં ઈબાદત બંદગી વધુ કરે છે. શરીયતના હુકમ realpatidar.com

નમાજ તથા રોજા પણ અદા કરે છે. જ્યાં જ્યાં મસજીદોની સગવડ છે ત્યાં ત્યાં નમાજ જમાઅત પણ થાય છે. જમાતખાનાઓમાં ફકીરો તથા ગરીબોને ઘણું કરી ખાણું પણ ખવડાવે છે. **માહે મુબારક રમજાનની તા. ૧૯ તા. ૨૧ તા. ૨૩ આ ત્રણ તારીખોમાં બરાબર શબબેદારી કરે છે. દોઆઓ પડે છે અને કુરાને મજીદની તીલાવત કરે છે. જ્યારે હજરત હુજજતે ખુદા અ. નું મુબારક નામ લે છે ત્યારે સૌ અદબ માટે ઉભા થઈ જાય છે. આ અઈમ્મએ માઅસુમીન અ. ના મુબારક નામો દરેક દસ દસ વખત બોલે છે.** કુરાને મજીદનો અમલ પણ બજાવી લાવે છે. જ્યારે આમાલોથી ફારેગ થાય છે ત્યારે અઇમ્મએ માઅસુમીન અ. ની જીયારત પણ પડે છે. એવીજ રીતે માહે રમજાનની તા. ૨૧ ના રોજ પણ પોતાની દુકાનો બંધ કરે છે તથા દુનિયાનું કામ કાજ છોડી નમાજ વીગેરેમાં મશગુલ થાય છે મજલીસે અઝા કાયમ કરે છે. અને ગીરીયા વ ઝારી પણ બહુ કરે છે. ખુશીના દહાડાઓ જેવા કે ઈદે ગદીર તથા અઇમ્મએ માઅસુમીન અ. ના તવલ્લદ (જન્મ) ના દીવસો પર બહુજ ખુશાલી કરે છે. રોશનીઓ તથા ધામધુમ પણ ખુબ કરે છે. જે રાત્રીએ ઇમામ હુસેન અ. ની પેદાયશ થઈ છે તે રાત્રીએ ખુબ ખુશાલીની સાથે ખાણું ખવડાવે છે. રોશની પણ ખુબ કરે છે. ઈદના જેવી ધામધુમ કરે છે.

આ રીસાલામાં અવ્વલથી તે આખર સુધી જે કાંઇ હેવાલ લખ્યો છે તે સઘળો સત્ય છે. જેવી રીતે મારા પીતા તથા મરહુમ આગા અલીશાહના સમયની જે હકીકત છે તેવીજ હકીકત આજે પણ ચાલુ છે. આજે ખુદાના ફજલથી સુલતાન મહંમદશાહ સાહેબનો સમય છે તેઓ પણ પોતાના વડીલોના ચલણ પર ચાલે છે. દીનપ્રતિદીન પોતાના મુરીદોની બહેતરી માટે તજવીજો બરાબર કરતા રહે છે. ભલે પછી તે કામ દુનિયાનું કે આખરતનું હોય, પરંતુ દરેક વખત પોતાના મુરીદોની બહેતરી ચાહે છે. કે જેથી કીયામતને દહાડે ખુદાતાલા તથા અઇમ્મએ માઅસુમીન અ. હજુરમાં શરમીંદગી ન થાય. એમાં તો કાંઇ શક નથી કે **તે પીરો મુરશદ** હંમેશાં એમજ ઇચ્છા ધરાવે છે કે મારા મુરીદો ખુદાતાલાની ઇબાદત કરવામાં મશગુલ થાય અને દુનિયામાં તેમની દીનપ્રતિદીન ચડતી થતી જાય. તેમના મુરીદોમાં પણ દીનબદીન તરક્કી થતી જાય છે. દીન તથા દુનિયવી કામોમાં ખુદાતાલા તેમની મદદ કરે—અને તેમના તે મુરીદોના દીલોમાં એવો શોખ ઉત્પન કરે કે જેથી તેઓ ખુદાતાલાની ઇબાદતમાં મશગુલ રહે કે જેના કારણથી ખુદાતાલા તથા અઇમ્મએ માઅસુમીન .તેમનાથી ખુશ રહે. આવી તોફીક આપવી અલ્લાહ પાકની કુદરતમાં છે. અલ્લાહ પાકની કૃપાથી આ રીસાલો પુર્ણ કરવામાં આવ્યો. સલવાત હજરત મોહંમદ સ. તથા તેમની આલે પાક પર હજો.

'રિસાલો' સમાપ્ત

આગા જહાંગીરશાહનો રિસાલો વાંચી લીધા પછી સદરૂદીન નિયમ પ્રમાણે ગુલામઅબ્બાસને મળવા તેના ઘેર ગયો. ચા-પાણી અને ખબર-અંતરની વિધી પત્યા પછી. બન્ને વચ્ચે ચર્ચાની શરૂઆત થઇ—

ગુલામઅબ્બાસ–કેમ ભાઇ સદરૂ, આગા જહાંગીરશાહનો રિસાલો વાંચી લીધો? હવે શું જોઇએ છે બોલ.

સદરૂદીને 'કન્ઝુલ મસાએબ' માંગી. ગુલામઅબ્બાસે તે આપતાં કહ્યું: લે ભાઈ સદરૂ, આ 'કન્ઝુલ મસાએબ' લગભગ ૬૦૦ પાનાની છે અને ફારસી ભાષામાં લખાયેલી છે. આ કિતાબનો ગુજરાતી તર્જુમો મહૂમ હાજી ગુલામઅલી હાજી ઇસ્માઇલ સાહેબે (અલ્લાહ જન્નતમાં એમના દરજ્જને બલન્દ કરે) પ્રગટ કર્યો હતો. આ કિતાબના લેખક ઇરાનના એક શીઆ ઇસ્નાઅશરી છે અને તે છપાવી પ્રગટ કરવામાં મહૂમ ના. આગા હસનઅલીશાહે સારી એવી નાણાંકિય મદદ આપી હતી. વળી આ કિતાબ મૌસુફ આગા હસનઅલી સાહેબને જ અર્પણ કરાઇ છે. કિતાબમાં મહૂમ આગા હસનઅલીશાહની શાનમાં લેખકે એક કસીદો (પ્રસંશા-કાવ્ય) લખ્યું છે, જે કિતાબમાં જ છે અને મુદ્દાની વાત એ છે કે, આ આખી કિતાબ બાર ઇમામના જીવન વૃતાંતથી ભરપુર છે. નઝમ (પદ્ય) અને નસ્ર (ગદ્ય)માં લખાયેલી આ કિતાબમાં બાર ઇમામોના જે જીવન વૃતાંત અપાયેલા છે તે અમો ઇસ્નાઅશરીઓની માન્યતા મુજબ અને દરેકને ઇમામે બરહક માનીને જ લખાયાં છે. માટે તમારે માનવું પડશે કે, અમારા સાતમા ઇમામ હ. મુસા કાઝિમ અ. થી લઇ બારમા ઇમામ સુધીના ઇમામોને, જો આગા હસનઅલી શાહ માનતા ન હોત, તો લેખકને છપાવવામાં નાણાંકિય મદદ શા માટે આપત અને પોતાને અર્પણ થયેલ પુસ્તક કબુલ કેમ રાખત?!

સદરૂદીન–ઠીક છે, ચર્ચા તો પછી થશે. હમણા તો તમે મહૂમ આગા હસનઅલીશાહનું જીવન વૃતાંત બતાવો, એ તમારી વાતનું કેટલું સમર્થન કરે છે, તે જોઇએ.

ગુલામ અબ્બાસે મ. આગા હસનઅલી શાહનું જીવન વૃતાંત બતાવ્યું—

ઈભરત અફ્જા

ઇમાને શરકાર શૌકત વ જલાલત અજમત વ
અશમત (બકૌલે ઈંગરેજ હીજ હાઇનેશ)
ગુજરેગ વાર હજરત મહંમદ હશનલ હુશેની ઉરફ્ આગાખાનના
અહવાલોના શએરની કીતાબ નામે એભરત અફ્જા
કે જે અશલ ફારશી જબાનમા હતી તેનો
ગુજરાતી તરજમો બાવા નજરઅલી
કરીમદાદજીએ કરીને
શ્રી મુંબઈ મધે
ઓરીયનટલ છાપખાનામા છપાવી.
શને ૧૮૬૫

ગુલામઅબ્બાસ–આ પુસ્તિકામાં મ. આગા હસનઅલીશાહનું વૃતાંત ૨૦ મા પાના ઉપરનું આ લખાણ જુઓ,

"......મકદુરની માફક ખાતમે નબુવતના દીન તથા શરેને ચલાવવામા ...ઓની પેરવી પર કોશેશ કરવામાં આવે છે. અને શરવે (જાણુનાર) ...ત છે; કે 'મીશર'ના મુલકમા મારા દાદાઓ મધેથી કીટલીએક ...ધી બાદશાહી વ ખલાફતના કાર ફરમા હતા. અને "**જાફરી ...ને બારે ઇમામીના કાનુન પર**" તેઓએ રેવાજ આપેલો ...જહબને હાલમાં લોકો શાહ ઇશમાઇલ શફ્વીથી નીશબત આપેયા ...ને જે હાલ ઘણુએક અંજાંણુઆ લોકો કેહે છે જે "જાફ્રી મજહબને ...મીના કાનુન પર" શા ઇશમાઇલ શફ્વીએ રેવાજ આપેલો છે, ... ઉપલા બાદશાહી વ હુસેની ખાનદાને રેવાજ આપેલો છે તે વાત ...ું તે ખાનદાન માએથી બાકી રીઓાઝઉ (વારસો) જો જોના- ...ગર શોચે અને ઉદાઇ શવાએ નજર નહીં કરે તો જાંણે......"

...ભાઈ! હવે કંઈ કહેવું છે?

...દીને પોતાની દલીલો શરૂ કરતાં કહ્યું: ૧૨૬ આગાખાની ... પોલીસ કમિશ્નર ઉપર કાગળ લખીને, પાલાગલીમાં મસ્જિદ અટકાવવા વીનંતી કરી હતી તે કંઇ ખોટી નહોતી. ...ને તેઓએ કંઈ ખોટું નહોતું કર્યું. કારણ કે, એ

વખતનું વાતાવરણ એટલું બધું તંગ હતું કે, એક નાની વાત પણ મોટો ઝગડો જન્માવી દે. પાલાગલીથી દૂર મસ્જિદ બંધાતી હોત તો અમારા ભાઈઓએ ક્યારેય વાંધો ન લીધો હોત. માટે આમ કરવામાં તેમણે દૂરઅંદેશી જ વાપરી હતી. હાજી અબ્દુલ્લાહભાઈ માવજીએ પોતાના પત્રમાં રજુ કરેલ પુસ્તિકા "ખોજા કોમનાં મઝહબનાં કેટલાંક મૂળ તત્ત્વો" અને તે દ્વારા એમ કહેવું કે, મહૂર્મ ના. આગાખાનો (પહેલા, બીજા અને ત્રીજા) ઈસ્નાઅશરી હતાં, તે યોગ્ય નથી લાગતું. હું માનું છું કે, 'ખોજા કોમના મઝહબનાં કેટલાંક મૂળ તત્ત્વો" માં નમાઝ, રોઝા, ખુમ્સ, ઝકાત વગેરે અહકામ આપવામાં આવ્યા છે, તે જેમ તમારા મઝહબના છે તેમ તે વખતે અમારા મઝહબના પણ હોઇ શકે. આ આખી પુસ્તિકામાં ના. આગાખાન ત્રીજાએ એવી એક પણ વાત નથી લખી કે, હું બાર ઇમામને માનનારો (ઇસ્નાઅશરી) છું. જો તેઓ ઈસ્નાઅશરી હતે તો નમાઝની સાથે તમે પઢો છો તે ઝિયારતો (ત્રીજા, આઠમા અને બારમા ઈમામની) લખી હોત, વળી તમે માહે રમઝાનની ૧૯, ૨૧ અને ૨૩ની રાત્રે માથા ઉપર કુર્આન મૂકી, બાર ઇમામના વાસ્તાઓ આપી આમાલ કરો છો તે વિષે પણ કંઇક લખ્યું હોત. પણ તેવું કશું નથી લખ્યું, એટલે આ પુસ્તિકા ઉપરથી ક્યારેય પુરવાર નહીં કરી શકો કે, ના. આગાખાન ઇસ્નાઅશરી હતાં. હવે લ્યો મહૂર્મ આગા જહાંગીરશાહનો રિસાલો. હા, એમ એમણે જરૂર કબૂલ કર્યું છે કે, તેઓ પોતે, તેમના પિતા, તેમના ભાઇ આગા અલીશાહ અને ના. આગાખાન ત્રીજા વગેરે નમાઝ પઢતા હતાં, શબે કદરના આ'માલ કરતા હતાં અને રોઝા પણ રાખતા હતાં, વળી ઈસ્નાઅશરી મોગલોની મસ્જિદમાં જઇને નમાઝ પઢતા હતાં, એ બધું ખરૂં હોય, તો પણ આગા જહાંગીરશાહનું કથન અમારા માટે દલીલ કે હુજ્જત બની શકે નહીં. કેમકે આગા જહાંગીરશાહ અમારા એક ઈમામના પુત્ર, એકના ભાઈ, એકના કાકા તથા સસરા જરૂર થતા હતાં, પણ ઇમામ તો નહોતા જ. માટે એમની વાત માન્ય રાખી શકાય તેમ નથી. હા, જો તેઓ ઇમામ હોત, તો જરૂર તેમનું કથન સ્વીકારવું પડત. 'કન્ઝુલ મસાએબ'ની વાત કરીએ, તો 'તેના વિષે તો એટલું જ બસ થશે કે, મ. આગા હસનઅલી શાહની આર્થિક મદદ કે તેમને અર્પણ થવાથી એ પુસ્તક અમને બંધનકર્તા બની શકે નહીં. તમારે યાદ રાખવું જોઇએ કે, તે કોઇ ઈરાની ઈસ્નાઅશરીનું લખેલું પુસ્તક છે, આગા હસનઅલીશાહનું નહીં. કોઇને પુસ્તક છપાવવા માટે થોડી ઘણી આર્થિક મદદ કરવી એ તો મોટા માણસોની ઉદાર દિલી લેખી શકાય. તેનો અર્થ એ નથી થતો કે, લેખકે પુસ્તકમાં જે કંઇ લખ્યું છે તે મદદ કરનારની માન્યતા અનુસારનું જ છે. હા, જો એ પુસ્તકમાં મ.

નામદાર આગા હસનઅલીશાહે 'બે બોલ' જેવું કંઇ લખીને એમ સ્વીકાર્યું હોત કે, આ પુસ્તક મારી માન્યતા મુજબનું છે તો તો જુદીજ વાત હતી. પણ પુસ્તકમાં એવું કશુંય નથી. એટલે આ પુસ્તક પણ આપની વાતને ટેકો નથી આપતું આનાથી તમે એમ સાબિત નથી કરી શકતા કે, મ. આગા હસન-અલીશાહ ઇસ્નાઅશરી હતા.

હવે બાકી રહી 'ઇબ્રત અફઝા,' કે જે મર્હૂમ આગા હસનઅલી શાહનું ઇરાનથી આવ્યા પછીનું વૃતાંત છે. તો આમાં એમ પણ હોઇ શકે છે કે, જેમ પીર સદરૂદીન સાહેબે હિન્દુઓને મુસલમાન બનાવવા માટે પહેલાં એમ જાહેર કરેલું કે, હિન્દુ ધર્મ સારો છે અને તેઓની માન્યતા અપનાવવાનો ઢોંગ કરેલો એ રીતે મ. આગા હસનઅલી શાહે પણ ઇરાનથી હિન્દુસ્તાન આવ્યા પછી એવું જાહેર કર્યું હોય કે, જાફરી મઝહબ મારા બાપ-દાદાઓએ ફેલાવેલો છે. આથી શું ખોટું થવાનું હતું. આમ કરીને તેમનો દરપર્દા ઇસ્માઇલી મઝહબ ફેલાવવાનો આશય કેમ ન હોય? ટૂંકમાં તમે આ ચારેય પુસ્તકો-ખોજા કૌમનાં મઝહબનાં કેટલાંક મુળ તત્વો, આગા જહાંગીર શાહનો રિસાલો, કન્ઝુલ મસાએબ અને ઇબ્રત અફઝા–ના આધારે કોઇ કાળે પણ સાબિત કરી શકવાના નથી કે, આગાખાન પહેલા, બીજા અને ત્રીજા શીઆ ઇસ્નાઅશરી હતાં.

હાજી અબ્દુલ્લાહભાઈ માવજીના કાગળમાં એક બીજી વાત એ છે કે, ના. આગાખાન ત્રીજાના માતુશ્રી અને તેમની પત્નિ ઇ. સ. ૧૮૯૮ માં અને ના. આગાખાન ત્રીજા પોતે ઇ. સ. ૧૮૯૫ માં કાઝમૈન અને સામર્રાની ઝિયારતે ગયા હતા કે જ્યાં ઇસ્માઇલીઓ જતા નથી. તો આ માટે જાણવું કે, ના. આગાખાન ત્રીજાના પ્રથમ પત્નિ ઇસ્નાઅશરી હતા, એટલે બનવાજોગ છે કે, તેઓ ત્યાંની ઝિયારતે ગયા હોય. એમાં નવાઇ જેવું કશું નથી. જ્યારે ના. આગાખાન ત્રીજાની વાત તો ન્યારી જ છે, તેઓએ તો દુનિયાના ઘણાય દેશોની મુસાફરી કરી છે. એમાં એકાદ કાઝમૈન કે સામર્રા શહેર ગયા હોય, તો અજબ થવા જેવું નથી. ત્યાં જઇ ત્યાના રોઝાઓની ઝિયારત (દર્શન) કરવાથી કંઇ ઇસ્નાઅશરી થઈ જવાતું નથી. મને લાગે છે કે, આથી તમારી બધીય દલીલો લૂલી છે.

ગુલામઅબ્બાસ–હજુ કંઈ કહેવાનું બાકી રહી જતું હોય તો કહી નાખો. ...

સદરૂદીને માથું ધુણાવી ઇન્કાર કર્યો એટલે ગુલામઅબ્બાસે શરૂ કર્યું– સૌથી પહેલાં ૧૨૬ આગાખાનીઓએ પોલિસ કમિશ્નર ઉપર કરેલ ફરિયાદિ[?]

નામદાર આગા હસનઅલીશાહે 'બે બોલ' જેવું કંઇ લખીને એમ સ્વીકાર્યું હોત કે, આ પુસ્તક મારી માન્યતા મુજબનું છે તો તો જુદીજ વાત હતી. પણ પુસ્તકમાં એવું કશુંય નથી. એટલે આ પુસ્તક પણ આપની વાતને ટેકો નથી આપતું આનાથી તમે એમ સાબિત નથી કરી શકતા કે, મ. આગા હસન-અલીશાહ ઇસ્નાઅશરી હતા.

હવે બાકી રહી 'ઇશ્રિત અફ્ઝા,' કે જે મર્હૂમ આગા હસનઅલી શાહનું ઇરાનથી આવ્યા પછીનું વૃત્તાંત છે. તો આમાં એમ પણ હોઇ શકે છે કે, જેમ પીર સદરૂદીન સાહેબે હિન્દુઓને મુસલમાન બનાવવા માટે પહેલાં એમ જાહેર કરેલું કે, હિન્દુ ધર્મ સારો છે અને તેઓની માન્યતા અપનાવવાનો ઢોંગ કરેલો એ રીતે મ. આગા હસનઅલી શાહે પણ ઇરાનથી હિન્દુસ્તાન આવ્યા પછી એવું જાહેર કર્યું હોય કે, જાફરી મઝહબ મારા બાપ-દાદાઓએ ફેલાવેલો છે. આથી શું ખોટું થવાનું હતું. આમ કરીને તેમનો દરપર્દા ઇસ્માઇલી મઝહબ ફેલાવવાનો આશય કેમ ન હોય? ટૂંકમાં તમે આ ચારેય પુસ્તકો-ખોજા કોમનાં મઝહબનાં કેટલાંક મુળ તત્વો, આગા જહાંગીર શાહનો રિસાલો, કન્ઝુલ મસાએબ અને ઇશ્રિત અફ્ઝા-ના આધારે કોઇ કાળે પણ સાબિત કરી શકવાના નથી કે, આગાખાન પહેલા, બીજા અને ત્રીજા શીઆ ઇસ્નાઅશરી હતાં.

હાજી અબ્દુલ્લાહભાઈ માવજીના કાગળમાં એક બીજી વાત એ છે કે, ના. આગાખાન ત્રીજાના માતુશ્રી અને તેમની પત્નિ ઇ. સ. ૧૮૯૮ માં અને ના. આગાખાન ત્રીજા પોતે ઇ. સ. ૧૮૯૫ માં કાઝમૈન અને સામર્રાની જિયારતે ગયા હતા કે જ્યાં ઇસ્માઇલીઓ જતા નથી. તો આ માટે જણવું કે, ના. આગાખાન ત્રીજાના પ્રથમ પત્નિ ઇસ્નાઅશરી હતા, એટલે બનવાજોગ છે કે, તેઓ ત્યાંની જિયારતે ગયા હોય. એમાં નવાઇ જેવું કશું નથી. જ્યારે ના. આગાખાન ત્રીજાની વાત તો ન્યારી જ છે, તેઓએ તો દુનિયાના ઘણાય દેશોની મુસાફરી કરી છે. એમાં એકાદ કાઝમૈન કે સામર્રા શહેર ગયા હોય, તો અજબ થવા જેવું નથી. ત્યાં જઇ ત્યાના રોઝાઓની જિયારત (દર્શન) કરવાથી કંઇ ઇસ્નાઅશરી થઈ જવાતું નથી. મને લાગે છે કે, આથી તમારી બધીય દલીલો લૂલી છે.

ગુલામઅબ્બાસ-હજુ કંઈ કહેવાનું બાકી રહી જતું હોય તો કહી નાખો. ..

સદરૂદીને માથું ધુણાવી ઇન્કાર કર્યો એટલે ગુલામઅબ્બાસે શરૂ કર્યું-સૌથી પહેલાં ૧૨૬ આગાખાનીઓએ પોલિસ કમિશ્નર ઉપર કરેલ ફરીયાદ વિષે,

"**સવાલ**– આપે કહ્યું તે હું સમજ્યો: પણ હું પોતે આજથી ...રસ અગાઉ સં. ૧૯૫૨ની સાલમાં મુંબઈમાં રમઝાન શરીફમાં હતો ...ા. ૧૯-૨૧-૨૩ની રાતના મોટા જમાતખાનામાં મોટું જાગરણ હતું. ...ાથા પર તમો પોતે કુરાન રાખી બીજાઓને પણ તેમ કરવાનો હુકમ ...ાએ કદરના આમાલ કરાવ્યા. તેમાં એક એક ઇમામના દસ દસ વખત ...ઈ, છેવટે ખુદા પાસે ૧૪ માસુમોના વાસ્તા આપી અમારા વાસ્તે ...ા ચાહી. ત્યારે તે વખતે ઇસમાઇલી ઇમામને તો સંભાર્યા નહીં તેનો ખુલાસો આપશો તો સમજ પડશે. (આ વખતે આગા સાહેબે ગુસ્સાથી ...રવી લીધું, તેથી મેં કહ્યું) જો આપને જવાબ દેવામાં વાંધો હોય તો ...રાઇથી ખુલાસો માગતો નથી. (તેમ કહી હું બેસી ગયો.)

(તરજુમાન હાશમભાઇને કહ્યું તે શું કહે છે? તરજુમાને કહ્યું કે તે ...હે છે, ત્યારે તેમણે હાશમભાઇને કહ્યું, તમો તેને કહો કે, જે પૂછવું ... પૂછો જવાબ દેવાને ઘણી ખુશી થાય છે, પણ હું હીંદી જબાન બરાબર ... નથી. તમો જો ફારસી, અરબી, ફ્રેંચી બોલી જાણતા હો તો ...ડે)

શરીફ મુરમહંમદ–હું ફારસી, અરબી, અંગ્રેજી, ફ્રાંસીસ જાણતો

આગા સાહેબ–તમો હીંદીમાં હાસમભાઇને કહો. તે તરજુમો કરી ...રસીમાં સમજાવશે

(આ ઉપરથી હાશમભાઇએ તરજુમો કરી સમજ પાડી.)

આગા સાહેબ–તમો બેવકુફ છો. મેં તમોને તેનો જવાબ પ્રથમ ..., પણ તમે સમજ્યા નહીં. ખેર, ઇમામ જાફર સાદિક (અ.)ના બે ...ક મુસા તથા બીજા ઇસ્માઇલ. હવે મુસાના ફરઝંદને ઇસિમાઇલના ...ું સગા થાય?

શરીફ–પિત્રાઈ ભાઇ થાય.

આગા સાહેબ–તમે એટલું પણ સમજતા નથી કે, તે અમારા ...થાય. અલબત્ત અમારે તેને યાદ કરવા જોઇએ. શું અમો તમારા બાપ ...ને યાદ ન કરીએ? અને ન યાદ કરીએ તો તે શા માટે?"[A]

...આ અને આ સાથેના બીજા સવાલ-જવાબનો આજ સુધી કોઇએ ...ાપ્યો નથી, એટલું જ નહીં પણ આ સવાલ-જવાબને તમારા મહાન ...ી મહૂંમ વરતેજીએ "હાજર ઇમામની હિદાયત" નામની પુસ્તિકામાં

...ાના સવાલ-જવાબ" પાનું ૨૦-૨૧

"ઇલ્મે ફીલ્સુફી, ઇલ્મે મંતક, ખુબી, મારફત, હિકમત, ફીદાયત, ઇમામતનો પાવર, સમાધાન" વગેરે શબ્દોથી બિરદાવ્યા છે. આ જવાબથી આપ ઇન્કાર નથી કરી શકતા, આથી એ સ્પષ્ટ પુરવાર થાય છે કે, **સંવત ૧૯૫૨ માં આવેલ માહે રમઝાન માસની તા. ૧૯, ૨૧ અને ૨૩ મી રાત્રે મહુંમ ના. આગાખાન ત્રીજાએ મુંબઇ ખાતેના મોટા જમાતખાનામાં આમાલ કરાવ્યા હતા.** અને કુરઆને શરીફ માથા ઉપર મુકીને બાર ઇમામોના નામ લીધા હતાં. સદરભાઇ, સોગન્દ ખાઇને કહો કે, કુરઆન માથા ઉપર મુકીને જે આમાલ કરાવવામાં આવે છે તે શું છે? તેનો આશય શું છે? તમે ભૂલી તો નહીં ગયા હો કે, નાનપણમાં આપણે જ્યારે ઓઢીંગમાં હતાં ત્યારે તમે દરગાહની મસ્જિદમાં જતાં અને આમાલ કરતા. આ આમાલમાં કુરઆન માથે મુકીને **બે હકકે મોહમ્મદિન, બે હકકે મોહમ્મદિન** દસ દસ વાર બોલી, અને એ રીતે ૧૪ માસુમીન અ. નું નામ લઇ, તેના વાસ્તા આપી અલ્લાહની બારગાહમાં હાજત તલબ કરતાં. આનો અર્થ તો એ થયો કે, આ ૧૪ માસુમીન અ. મુ. ના વાસ્તાથી અમારી દુઆ કબૂલ થાય. આ તો અકીદત અને માન્યતાની વાત થઈ, આ કંઇ માત્ર યાદ કર્યા ન કહેવાય. આનો અર્થ તો એ થયો કે, તેઓને ઇમામ માનીને-તેમના વાસ્તા-વસીલાથી દુઆ માગીએ છીએ. ના. આગાખાનને જો યાદ કરવા જ હતાં તો તેમના પહેલાના ૪૭ ઇમામોને શા માટે યાદ નહોતા કરતાં? આ તો આફ્રિકાના ભાઇઓને અપાયેલો ઉડાઉ જવાબ હતો. પોતે જેને માનતા ન હોય તેનું નામ લેવું, તેના વાસ્તા આપવા અને જેને માનતા હોય તેનું નામ ન લેવું, એ કઇ જાતની અકીદત, કયા પ્રકારની માન્યતા? સાચી વાત તો એ છે કે, ના. આગાખાન (ત્રીજા) બાર ઇમામને માનતા હતા. અને એ માન્યતાના આધારે જ તેમણે આમાલ કરાવ્યા હતા. એમાં શંકાને સ્થાન નથી. પણ આ બધું પાછળથી બંધ કરાવવામાં આવ્યું. આ વિષે હું આગળ જતાં જણાવીશ. આથી સાર એ નીકળ્યો કે આવાં આમાલ મુસલમાનોના બધાય ફિરકાઓમાંથી એક માત્ર 'શીઆ ઇસ્નાઅશરી' ફિરકોજ કરે છે, તેના સિવાયના કોઇ નથી કરતાં. એટલે જે કોઇ પણ આ આમાલ કરતો હોય તેને ઇસ્નાઅશરીજ લેખવો જોઇએ. હવે

આગા જહાંગીર શાહનો રિસાલો લઇએ. એમાં શંકા નથી કે આગા જહાંગીરશાહને તમે ઇમામ તરીકે માનતા નથી. એટલે દલીલ ખાતર તેમની વાતોને તમે માન્ય રાખો નહીં. હું તમને એ માનવાનું દબાણ પણ નથી કરતો. પણ એટલું ચોકકસ છે કે, કોઇ કુટુમ્બની માન્યતા-ધર્મ-એઅતેકાદ-રીત-રિવાજ વિષે એજ કુટુમ્બનો કોઇ સભ્ય કંઇ કહેતો હોય, તો તેને નકારી પણ ન શકાય. આગા જહાંગીરશાહે પોતાના તથા પોતાના બાપ, ભાઈ,

ભત્રીજાના જે એઅતેકાદ લખ્યા છે તે ખરા છે, તે અકીદાને આખું કુટુમ્બ અનુસર્યું છે, એ નક્કર હકીકત છે અને આગળ જતાં હું તે પુરવાર કરી આપીશ.

કન્ઝુલ મસાએબ ભાઈ સદર, કોઈ માણસ એક નાનકડી ચોપડી છપાવવા માગતો હોય, તે ચોપડીમાં તમારી માન્યતાનું સમર્થન તો ન હોય, ઉલટાનું તમારી માન્યતા વિરુદ્ધનું લખાણ હોય અને ચોપડી છપાવવા માટે તમારી પાસે આર્થિક કે એવી બીજી કંઈક મદદ માગે તો તમે તેને મદદ કરશો? વધારે રકમની વાત તો એક બાજુએ રહી, તમે એક નવા પૈસા જેટલી પણ મદદ નહીં કરો. કારણ કે એ એક પૈસો તમારી માન્યતા વિરુદ્ધના પ્રચાર માટે વપરાવાનો છે. તમારી જેવાં સામાન્ય માણસ પણ આવી વાત પસંદ ન કરતા હોય, તો મર્હૂમ આગા હસનઅલીશાહ જેવા (તમારી માન્યતા મુજબના) ઇમામ પોતે ઉઠીને પોતાની માન્યતા-પોતાના દાવાની વિરુદ્ધના પ્રચારમાં શી રીતે મદદ કરી શકે? આશરે ૬૦૦ પાનાનું આવું દળદાર પુસ્તક કે, જેમાં હ. અલી અ.થી લઇ ઇ મહદી અ. સુધી (ઇસ્ના-અશરી ઈમામો)નો અહેવાલ હોય તેના છપાવવામાં આર્થિક મદદ કરવી, પુસ્તક પોતાને અર્પણ થાય તેનો સ્વીકાર કરવો, તેનાથી વિરુધ્ધ કે રદમાં કશું પણ ન બોલવું. એ બધું શું બતાવે છે? આ બધી સુર્ય જેટલી પ્રકાશિત વસ્તુઓ છે, એનો કોઈ ઇન્કાર કરી શકતો નથી. આ બધું પુરવાર કરે છે કે, મર્હૂમ ના. આગાખાનો શીઆ ઇસ્નાઅશરી જ હતાં. આમાં રહેજેય શંકાને સ્થાન નથી.

ઈબ્રત અફ્ઝા

એ આગા હસનઅલીશાહની ઇરાનથી નાસી ભારત આવ્યા પછીની તકલીફો, મુસાફરીઓ, કંઈક પોતાનો પૂર્વ ઇતિહાસ વગેરેની કથની છે. આ કિતાબમાં આગળ ઉતાર્યાં મુજબના શબ્દો ઘણી ખુલ્લી રીતે અમારી વાતનું સમર્થન કરે છે. તેઓ તથા તેમના વડવાઓ માત્ર ઇસ્નાઅશરી ધર્મ જ પાળતા હતાં એટલું જ નહીં પણ તેનો પ્રચાર પણ કરતા હતા. તેમનું કહેવું કે, જાફરી મઝહબનો પ્રચાર મારા બાપ-દાદાઓએ કર્યો છે. શાહ ઇસ્માઈલ સફવીએ જાફરી મઝહબ (ઇસ્નાઅશરી માન્યતા)નો પ્રચાર કર્યો હતો એમ કહેવું એ અજ્ઞાનતા છે. આ બધું શું બતાવે છે? આ સાથે નોંધવા જેવી વાત એ છે કે, આ આખી કિતાબ મ. આગા હસન-અલીશાહે પોતે લખી છે અને કશા પણ ભય ડર કે લાલચ રાખ્યા વગર લખી છે. એવાં સમયમાં લખી છે કે, જ્યારે પોતે હિન્દુસ્તાનમાં બ્રિટીશ સામ્રાજ્યમાં જીવી રહ્યા હતા અને બ્રિટીશ સરકારના તેમના ઉપર ચારેય હાથ હતાં. ભાઈ સદર, હવે તો કબૂલ રાખો કે, મર્હૂમ ના. આગાખાનો ઇસ્ના-અશરી હતા.

સદરૂદ્દીન–તમારી આટલી બધી વાતો છતાં પણ મારૂં મન કેમે કરી કબૂલ કરતું નથી કે, અમારા મર્હુમ ના. આગાખાનો અને તેમના વડવાઓ બાર ઇમામને માનતા હતાં.

ગુલામઅબ્બાસ–સદરૂભાઈ એમ કહો કે, તમારૂં મન તો કબૂલ કરે છે પણ જીભથી ઇકરાર કરતાં અચકાવ છો. કારણ કે, જો આ કબૂલ રાખો, તો હાલ જેમને ઈમામ માનો છો તેમની ઇમામતજ જડમૂળમાંથી ઉખડી જાય. મર્હુમ હાજી અબ્દુલ્લાહ માવજીના પત્રમાં જે પુસ્તકોનો ઉલ્લેખ થયો છે, તેને એક બાજુએ મૂકી હું તમને બીજીજ વાત કરૂં છું. જુઓ આ છે મર્હુમ એદલજી ધનજી કાબાએ પ્રગટ કરેલ "ખોજા પંથ દર્પણ" નો ભાગ ૭ મો. તેમાં ઉતારવામાં આવેલ આ બે પત્રો ઉપર નજર ફેરવી જાવ.

"ન. દ. જા. નં. ૭૦/૫૬"

"શ્રી હરીયાણા જમાથના મુખી કામડીયા વીગેરે સરવે જમાથને ખુદા સુખી વ સોહાગી રાખે."

"મુ. હરીયાણા"

"શ્રી જામનગર દફતરથી લા. કા. કાસમ દેવજીના હઆઅલી વાંચશો. દીગર લખવાનું કે—

શ્રી જંગબારથી ખુદાવંદ ધણી સલામત દાતારની હુજુર મુબારકમાંથી વારસ સાહેબ કાસમભાઇ વારસ ઇસમાલભાઈ ઉપર તાલીકો આવેલ છે. જે ઉપરથી વારસ સાહેબે આંહી મારા ઉપર હુકમ લખી મોકલેલ છે. તે પરમાણે અમલ કરવા આંહી નગર તલપત તથા પરગણાની જમાથમાં ખબર દેવા ફરમાવતાં તમો જમાથને ખબર આપવામાં આવે છે કે, નામદાર વારસ સાહેબના હુકમ મુજબ અમલ થવા પુરતી રીતે બંદોબસ્ત કરવો–જામનગર વારસ સાહેબ હજુરથી આવેલ હુકમની નકલ આ સાથે રાખેલ છે તે વાંચી વાકેફ થઇ તે પરમાણે અમલ કરવો. સં. ૧૯૫૬ ના આસુ સુદ ૨ શુકરવાર" "મુ. જામનગર"

"હા. કા. કાસમ દેવજીના ઇયાઅલી
મહત વાંચવા."

(નકલ)

"જા. નં. ૯૧૭/૫૫"

"કામડીયા કાસમ દેવજીને શ્રી શાહાપીર સુખી વ સોહાગી રાખે."

"બાદ શ્રી જુનાગઢથી લા. વારસ કાસમ વારસ ઇસમાલના ઇઆઅલી વાંચવા. દીગર લખવાનું કે, ખુદાવીંદ ધણી સલામત દાતારની હજુરની હજુર

...પુરમાંથી શ્રી જંગબાર મુકામથી શ્રાવણની તા. ૧૯ ની મીતીનું લખાએલ ...ત આવ્યું જેમાં સપ્ટેંબરની તારીખ તા. ૨૦ મીએ ખાવીંદ જંગબારથી ...બાસા તરફ સીધાવશે. બાદ દેશમાં પધારવું ફરમાવે છે. સીવાય સરવે જમાથ ...મા કામડીયા વીગેરેને જણાવવા સારૂં ફરમાવે છે કે—

૧ કીસ્સો બયાન હંમેશા નહીં પડવું. ફકત મોહરમના ...સ દિવસ પડવું. ને હજરત ઇમામ હુસેનની જારથ કીસ્સો ...ડીને પડાય છે તે પડવી; પણ બીજી બે જારથ ઈમામ રજા ...મા મહંમદ મેંદીની પડાય છે તે નહીં પડવી.

૨ મીજલસ થઈ રહે કે પસચીમ તરફ ઉભી એક ...રથ પડવી.

૩ જમાથુંમાં દફતર પરઠે છે અથવા સરકારી દફતર ...મડીઆઓના જમાથના હીસાબના પરઠે છે અથવા લગન ...ખ છે તેમાં દુવાજદે ઈમામ ચારદે માસુમના નામ લખે છે, નહીં લખવા.

ઉપરના ખાવીંદના ફરમાન અનુસાર આપણા તરફ થાય છે તો પણ ...ાન થવાથી તમોને સુચના કરવામાં આવે છે કે ત્યાં તલપતમાં તેમજ ... મારફતના ગામોની જમાથને ખબર આપવા કે, ફરમાન અનુસાર વરતવા ...ી રીતે ધ્યાન રાખે. સં. ૧૯૫૫ ના ભાદરવા તારીખ ૧૭ શની."

(સહી) કાસમ ઈસમાલ ^

જોયું સદરભાઇ, ના. આગાખાન ત્રીજા સુલતાન મોહમ્મદશાહના સમ- ...એટલે કે, સંવત ૧૯૫૫ માં (આજથી લગભગ ૬૩ વર્ષ પહેલાં) તેમણે ...રે જંગબારથી જે ફરમાન મોકલ્યું હતું, તેમાં પહેલી બાબત મોહર્રમમાં ... કિસ્સો (મજલિસ)—કે જે મોહર્રમ સિવાય પણ પડાતો હતો તે— ...મ સિવાયના દિવસોમાં પડવાની મનાઇ કરવામાં આવી છે. અને માત્ર ...મ પુરતો પડવો એ જાતની આજ્ઞા કરાઇ છે. અને મજલિસ બાદ પડાતી ઝિયારતોમાંની પહેલી ઝિયારત પડવાનું કહી, ત્યાર પછીની બે ઝિયારતો ...કે, આઠમા ઈમામ હ. અલી રઝા અ. અને બારમા ઈમામ હ. ઇ. મહદી ... ઝિયારતો પડવાનું બંધ કરવા ફરમાન થયું છે. આથી એ વાત સાફ

^ ...ામ પંથ દર્પણ" ભા. ૭ પા. ૫૯

થાય છે કે, સંવત ૧૯૫૫ અગાઉ આ ઝિયારતો આગાખાની ખોજા ભાઇઓ ના. આગાખાનના હુકમથી પડતા હતા. આનો અર્થ એ થયો કે, ના. આગાખાન અને તેમના મુરીદો (ખોજાઓ) આઠમા ઇમામ હ. અલી રઝા અ. અને બારમા ઇમામ હ. મહદી સાહેબુઝ્ઝમાન અ. ને ઇમામ તરીકે માનતા હતાં. આમાં જરાય શંકા નથી.

આ પછી આગળ જતાં ક્રમ ૩માં જે ફરમાન કર્યું છે તે એમ છે કે, જમાતના દફતરના ચોપડાઓમાં અને લગ્ન પત્રિકાઓમાં બાર ઇમામ અને ચહારદહ માસુમ અ. ના નામો લખવામાં આવે છે તે બંધ કરવાં. આનો સીધો અર્થ એ થયો કે, સંવત ૧૯૫૫ સુધી જમાતના ચોપડાઓમાં અને જમાતના સભ્યો વચ્ચે થતાં લગ્ન વખતે લખાતી લગ્ન પત્રિકાઓમાં બાર ઇમામ અને ચહારદહ માસુમ અ. ના નામો લખવામાં આવતા હતાં. જે આ ફરમાન પ્રગટ થયા પછી લખાવાં બંધ થયાં. આ વસ્તુ ઉઘાડી રીતે પુરવાર કરે છે કે, ના. આગાખાન અને તેમના ખોજા મુરીદો સંવત ૧૯૫૫ પહેલાં બાર ઇમામ–ચહારદહ માસુમ અ. ને માનતા હતાં ભાઈ સદરૂદીન! તમે જાણો છો આઠમાં ઇમામ હ. અલી રઝા અ. અને બારમા ઇમામ હ. મહદી સાહેબુઝ્ઝમાન અ. ની ઝિયારતો માત્ર શીઆ ઇસ્નાઅશરીઓ જ પડે છે, બીજા કોઇ નહીં. વળી બાર ઇમામ અને ચૌદ માસુમ અ. ને માત્ર શીઆ ઇસ્નાઅશરી ફિરકો જ માને છે, અન્ય કોઇ નહીં અને આ ફરમાન એમ સિધ્ધ કરે છે કે, ના. આગાખાન ત્રીજા અને તેમના અનુયાયીઓ સંવત ૧૯૫૫ પહેલા બાર ઇમામને માનતા હતાં. સાથે એ પણ યાદ રાખજો કે, આ ફરમાનવાળો પત્ર વારસ કાસમ ઇસ્માઇલની સહીથી લખાયો છે એટલે કે તે એક સરકારી પરિપત્ર (Official Circular) છે. બોલો હવે કંઈ કહેવું છે?

સદરૂદ્દીન–ભાઇ ગુલામઅબ્બાસ, મને લાગે છે કે, હવે આપણે આ ચર્ચા અહીંથી જ સમેટી લઇએ તો સારૂં. મને ભય છે કે, આ ચર્ચા વધારે આગળ ચલાવશું તો ક્યાંક આપણી મિત્રતામાં વિઘ્ન આવી પડશે. માટે તમારો દીન તમારી સાથે અને મારો દીન મારી સાથે.

ગુલામઅબ્બાસ–ભાઈ સદરૂ, જેવી તમારી ઇચ્છા. પણ એક અગત્યની વાત કહેવાની રહી જાય છે, એ સાંભળી લેશો તો મને ખાત્રી છે કે, તમારી શંકા જરૂર દૂર થઈ જશે.

શીઆ ઇસ્નાઅશરી કોમના નામાંકિત કલમી–મુજાહિદ હામીએ મિલ્લત હાજી મોહમ્મદ જાફર શરીફ દેવજીએ પોતાના ઇન્તેકાલના થોડાંક સમય પૂર્વે મારા ઉપર જંગબારથી એક પત્ર લખ્યો હતો કે, "...લગભગ ૧૦૦ વર્ષની જુની

છપાયેલી સીંધી બોલી અને અક્ષરની ચોપડી આગા હસનઅલી શાહના હુકમથી લખાયેલી છે, તેનું ગુજરાતીમાં લીપિયાંતર આપણી હુજ્જતુલ ઇસ્લામ જમાતના માજી મર્હૂમ પ્રમુખ હાજી અલીભાઇ નથુ-જે ૯૦ વર્ષના વયોવૃદ્ધ હતા તેમણે કરેલ છે...... મારે ત્યાં મારા બાપ-દાદાની તિજોરીમાં વર્ષોથી પડી હતી......તમને મોકલું છું." આ પત્ર સાથે તેમણે એક અમૂલ્ય પુસ્તિકા મને મોકલી હતી જે ૧૦૦ વર્ષ પહેલાં 'લીથો'માં છપાયેલી હતી. આની સાથે હાજી અલીભાઈ નથુએ ગુજરાતી લીપિ અને સીંધી ભાષામાં કરેલ તેની નકલના કાગળો પણ હતાં. મજકુર કિતાબ અને તેનું લીપિયાંતર તમારી સામે મુકું છું (અહીં ગુલામ અબ્બાસે સદરૂદ્દીનને ચોપડી ધરી) તમે સિંધી તો જાણો છો. ચોપડીની શરૂઆતમાં વઝુ, અઝાન, બે રકાતી-ત્રણ રકાતી-ચાર રકાતી નમાઝ સુરા અને ઝિક્ર સાથે સમજાવ્યા પછી જે લખાણ આવે છે તે જુઓ,

"નમાઝ સલામ પરી સુજિદો.......................... મોર ખણી વઠે અને જારથ પણ વાજબ આએ પરણી 'બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ અસ્સલામો અલયક યા અબા અબ્દિલ્લાહ, અસ્સલામો અલયક યબ્ન રસૂલિલ્લાહ, અસ્સલામો અલયક યબ્ન અમીરીલ 'મોઅમેનીન વબ્ન સય્યે-દીલ વસીય્યીન અસ્સલામો અલયક યબ્ન ફાતેમતઝ ઝહરાએ સય્યદતે નેસાઈલ આલમીન અસ્સલામો અલયકુમ વ રહમ-તુલ્લાહે વ બરકાતોહ.'

જિયારત બઈ છીણે તરફ પરે 'અસ્સલામો અલયક યા ગરીબુલ ગોરબા. અસ્સલામો અલયક યા મોઈનઝઝોઅફા, અસ્સલામો અલયક યા મોગીસસ ઝવ્વાર ફી યબ્મીલ જઝા, અસ્સલામો અલયક યા અબલ હસન અલી ઇબ્ને મુસે રઝા, અસ્સલામો અલયકુમ વ રહમતુલ્લાહે વ બરકાતોહ.'

જારથ થઇ 'અસ્સલામો અલયક યા સાહેબુઝ ઝમાન, અસ્સલામો અલયક યા ખલીફેતુર રહમાન, અસ્સલામો અલ-યક યા શરીકલ કુરઆન વ રહમતુલ્લાહે વ બરકાતોહ.'

નમાઝ તમામ થઇ"

આ પછી રમઝાનના રોઝાની ફઝીલત હદીસો દ્વારા સમજાવવામાં આવેલ છે. અને પછી માહે રમઝાનની ૧૯, ૨૧, ૨૩ની રાતો એટલે કે શબે

કદરના આ'માલ લખવામાં આવ્યા છે. તેમાં બે રકાત સુન્નત નમાઝ વગેરે બતાવ્યા પછી લખે છે—

"...અને હી ધોઆ પડની 'અલ્લાહુમ્મ ઇન્ની અસ્અલોક બે કિતાબેકલ મુન્ઝલે વ મા ફીહે વ ઇસ્મોકલ અકબર વ અસ્માઓકલ હુસ્ના વ મા યોખાફો વ યુર્જા અન્તઝઅલની મિન ઉતકાએક મેનન્નારે વ તકઝેય વ હવાએજી લિદ દુન્યા વ લ આખેરહ"

મથેજી ધોઆ પઢીને હર કોજે હિલમજ મતલબ હોય સે ખુદા તઆલા વટે તલબ કરરૂ યાજે ગુરજે ત ઇચ્છા અલ્લાહ રવા થીંધો. પછે કુરઆન મથે તે રખી અને હન રીત પરરૂ 'અલ્લાહુમ્મ બે હકકે હાઝલ કુરઆન વ બે હકકે મન અર્સ-લતહુ બેહી વ બે હકકે કુલ્લે મોઅમેનીન મદહતહુ ફીહે વ બે હકકે અલયહિમ ફલા અહદે અઅરફો બે હકકેક મીન્ક' ઇતરો પઢી અને—

દસ ફેરા 'બે ક યા અલ્લાહો'
દસ ફેરા 'બે હકકે મોહમ્મદ (સ.)'
દસ ફેરા 'બે હકકે અલીચીન (અ.)'
દસ ફેરા 'બે ફાતેમહ અ.'
દસ ફેરા 'બિલ હસન (અ.)'
દસ ફેરા 'બિલ હુસયન (અ.)'
દસ ફેરા 'બે અલી બિન હુસયન (અ.)'
દસ ફેરા 'બે મોહમ્મદ બિન અલી (અ.)'
દસ ફેરા 'બે જઅફર બિન મોહમ્મદ (અ.)'
દસ ફેરા 'બે મુસા બિન જઅફર (અ.)'
દસ ફેરા 'બે અલી બિન મુસા (અ.)'
દસ ફેરા 'બે મોહમ્મદ બિન અલી (અ.)'
દસ ફેરા 'બે અલી બિન મોહમ્મદ (અ.)'
દસ ફેરા 'બીલ હસન બિન અલી (અ.)'
દસ ફેરા 'બીલ હુજ્જતિલ અસ્ર'

એનતરો પરી તમામ કરે ને હરકો દિલમેં મતલબ હોએ સે ખુધા કના ગુરે સો ખુદાએ તઆલા હાસલ કરી ધો. અને પાએ જારથ પરજે ઇમામ હુસેનજી અને જીયારથે વારેસા સે મુખ્તસર લખી આહે...” (પાનું ૨૫-૨૬)

ત્યાર પછી નમાઝે ઈદ, તેમાં પડતી કુનૂત નમાઝમાં પડતા સુરા વગેરે સમજાવવામાં આવ્યું છે.

આ પછી આશુરાના આમાલ લખ્યા પછી ફરીથી ઝિયારત પડવાનું જણાવ્યું છે અને પુસ્તિકાના પા. ૩૪/૩૫ ઉપર લખ્યું છે–

“અસ્સલામો અલયક યા અબા અબ્દિલ્લાહીલ હુસયન, અસ્સલામો અલયક યબ્ને રસુલિલ્લાહ, અસ્સલામો અલયક યબ્ન અમીરીલ મોઅમેનીન, અસ્સલામો અલયક યબ્ન ફાતેમત ઝહરાએ સય્યદતે નિસાઈલ આલમીન, અસ્સલામો અલયક યા ઝાહેક વ અબીક, અસ્સલામો અલયક યા ઉરમીક, વ અબીક, અસ્સલામો અલયક એલા રૂહેક વ ઝાહેક શરીફે અસ્સલામો અલયક એલા રૂહેક અસ્સલામો અલયક વ રહમતુલ્લાહ વ બરકાતોહ.' જીયારથ બઇ ઇમામ રઝાજી અસ્સલામો અલયક યા ગરીબલ ગુરબા અસ્સલામો અલયક યા મોઈનઝ ઝોઅફા, અસ્સલામો અલયક યા મુગીસસ ઝવ્વાર ફી યવ્મીલ જઝા, અસ્સલામો અલયક યા અબલ હસન અલી ઈબ્ને મુસે રઝા અસ્સલામો અલયક વ રહમતુલ્લાહે વ બરકાતોહ.'

હી જીયારત ત્રઈ સાહેબલ ઝમાનજી અસ્સલામો અલયક યા સાહેબલ ઝમાન અસ્સલામો અલયક યા ખલીફે તર્હમાન અસ્સલામો અલયક વ રહમતુલ્લાહે વ બરકાતોહ.

પુસ્તિકાના અંતમાં આપેલી આ નોંધ પણ વાંચવો જેવી છે—

“હી નમાઝ મોમને ઇમામીએ વાસ્તે હજરત સાહેબ સલામત મૌલાના આગા શાહ હસનઅલી દાતાર હાજર જોમે પીર સલામત સરકાર આગા અલી શાહ સાહેબ જે ફરમાનથી હી પોથી લખીઓ સી માટે મોમને કે ગુરજે જે હિન પોથી મુજી નમાઝ સખે ને કેજી નમાજ મજ તફાવત હોયે તસે

પણ (હિન મથા પઢી નમાજ દુરસ્ત કરે. સંવત ૧૯૧૮ ફાગણ તા. ૧"

ભાઈ સદર! તમે અગાઉ જે દલીલ કરી હતી કે મર્હુમ ના. આગાખાન ત્રીજાએ "ખોજા કોમનાં મઝહબનાં કેટલાંક મૂળ તત્વો"માં આઠમા તથા બારમા ઇમામ અ.ની ઝિયારતો કે ૧૯–૨૧–૨૩મી રમઝાનના આ'માલ બાબત કંઇ કહ્યું નથી, તો આ સાંધી ચોપડી કે, જે એમના દાદા આગા હસનઅલીશાહ મર્હુમે છપાવી છે અને તેમના પિતા આગા અલીશાહે તે ચોપડી મુજબ પોતાની નમાઝ પઢી દુરસ્ત કરવાનું ફરમાન કર્યું છે, વળી તેમાં તમને ઇઆમિયા મોમિન કહ્યાં છે. તેના ઉપર જરા કંઇ મને વિચાર કરો. આ ચોપડીમાં ૧૯–૨૧–૨૩મી રમઝાનના આ'માલ પણ છે અને તેમાં બાર ઇમામોના નામો પણ છે–તેમના વાસ્તાથી અલ્લાહની બારગાહમાં દુઆ પણ માંગવામાં આવી છે, આ બધું પુરવાર કરે છે કે, ના. આગા હસનઅલીશાહ અને ના. આગા અલીશાહ ઇસ્નાઅશરી—બાર ઇમામોને માનનારાં હતાં. આથી એ પણ જણાઇ આવે છે કે, તમોએ જે અકાએદ ગ્રહણ કર્યાં છે તે ના. આગાખાન પહેલા તથા બીજાના ફરમાન વિરૂદ્ધનાં છે. ખરી વાત તો એ છે કે, ના. આગાખાન ત્રીજા વિરૂદ્ધ જે મુકદમાઓ (કેસો) થયા હતાં અને તેમાં જે જુબાનીઓ આપવામાં આવી હતી તેના પછી જ તમારા અકાએદમાં ફેરફારો થવાનું શરૂ થયું હતું અને ઇસ્નાઅશરી માન્યતાઓથી ફેરવી તમોને એક જુદીજ દિશા તરફ વાળવામાં આવ્યા હતા. આનું સમર્થન અગાઉ આપેલ વારસ કાસમ ઇસમાઇલની સહીવાળો પત્ર પણ કરે છે. હવે જિનાન શરીફમાં કહેવાયા મુજબ 'સાચા દીન રસુલ કા એ તમે સહી કરીને જાણો' ઉપર અમલ ક્યાં રહ્યો?! તમારા અકાએદ રસુલના દીનના અકાએદ સાથે મળતાં આવે છે? તમે કહી શકશો રસુલ સ.એ આપેલ શરીઅત ઉપર તમે ચાલો છો? રસુલ સ.ની શરીઅતમાં તો નમાઝ, રોઝા, હજ, ઝકાત, ખુમ્સ વગેરે છે, ત્યારે તમારામાં આવું કંઈ છે? આના ઉપરથી વિચાર કરો કે, 'સાચા દીન રસુલ કા'—સત–પંથ–ઉપર તમે છો?

હવે વિશેષ નહીં કહેતાં ફકત એટલું જરૂર કહેવું છે કે, આપણી ચર્ચાની શરૂઆતમાં તમે મને કહ્યું હતું કે, "તમે હજુ ઝમાનાના ઇમામને ઓળખ્યો નથી અને રસુલ સ.ની હદીસ—'**મન માત વલમ યઅરિફ ઈમામ ઝમાનેહી માત મયતતલ જાહેલિય્યહ**—પોતાના ઇમામે ઝમાનને ઓળખ્યા વગર જે કોઇ મરણ પામે તો તે કુફ્રના મોતે મરણ પામ્યો લેખાશે'—અનુસાર ઇમામે ઝમાનને ઓળખ્યા વગરના તમારા બધા આ'માલ નકામા છે," તો એનો ખુલાસો પણ કરી નાંખું. આ હદીસમાં રસુલ સ. એ ઇમામને

ઓળખવાનું કહ્યું છે, **જોવાનું** નહીં. આ હદીસથી કંઈ એવું પુરવાર નથી થતું કે, ઈમામ જાહેરમાં જ હોવો જોઈએ અને તેને દરેક માણસે પોતાની આંખથી જોવો જોઈએ. જો આનો અર્થ 'જોવાનો' જ થતો હોય, તો ના. આગાખાનને માનનારાઓમાંથી એવાં ઘણા મળી આવશે કે, જેમણે ના. આગાખાનને જોયા જ નથી અને મરણ પામ્યા છે, તો આવાં લોકો માટે તમે શું કહેશો ? ના. આગાખાન ત્રીજા ઘણા વર્ષો સુધી જીવ્યા હતા, પણ તેમના એવાં ઘણાંય મુરીદો હશે કે, આ લાંબા કાળ દરમિયાન તેમને એક વાર પણ જોવા નહીં પામ્યા હોય. અને મરણને શરણ થયા હશે. અલબત્ત તમે એમ કહી શકો કે, એમણે ભલે ઈમામને જોયા નથી, પણ ઓળખ્યા જરૂર છે, એ રીતે કે તેઓ મહુમ ના. આગા હસનઅલીશાહના પૌત્ર અને મહુમ ના. આગા અલીશાહના પુત્ર થતા હતા. તો ભાઈ સદરૂ, અમે પણ બારમા ઈમામ અ. ખુદાની મસ્લેહતને લઈને ગાયબ હોઈ જોઈ નથી શકતા, પણ ઓળખીએ જરૂર છીએ. તેઓ હ. અલી અ.ના વંશજ અગીયારમા ઈમામ હ. હસને અસ્કરી અ. ના પુત્ર છે, એમની માતુશ્રીનું નામ નરજિસ ખાતુન હતું. એમનો જન્મ હિ. સ. ૨૫૫માં થયો હતો અને હિ. સ. ૨૬૦માં ગાએબ થયા હતા.[A] આથી વિશેષ અને વિસ્તારપૂર્વક જાણવું હોય, તો હામીએ મિલ્લત હાજી મોહમ્મદ જાફર શરીફ દેવજી કૃત 'ઇમામે ઝમાન હ. મહદી'[B] વાંચી જશો.

આપને ચર્ચા કરવાની ઇચ્છા ન હોય તો કંઇ નહીં, પણ એક સત્ય શોધક તરીકે સાચી વાતનું સંશોધન કરવું જ હોય, તો મહુમ એદલજી ધનજી કાબા (અલ્લાહ જન્નતમાં એમના દરજ્જાઓ બલન્દ કરે) એ લખેલ "ખોજા પંથ દર્પણ" ના ભાગ ૧થી લઈ આઠ સુધી વાંચી જશો. તેમાં મહૂમ કાબાએ પ્રમાણભુત આધારો વડે પુરવાર કર્યું છે કે, ખોજાઓનો મૂળ ધર્મ 'શીઆ ઈસ્નાઅશરી' જ હતો હવે તમે કબૂલ કરો કે ન કરો મેં તમને દલીલો વડે સમજાવી દીધું છે કે, આગાખાની ઇમામો બાર ઇમામોને જરૂર માનતા હતા, જેનો તમે ઇન્કાર નથી કરી શકતા. તો પછી વિચારવા જેવો ફક્ત એક જ સવાલ રહે છે કે, આ આગાખાની ઈમામોની ઇમામત જ ક્યાં રહી ?...

આટલી ચર્ચા પછી બન્ને મિત્રો છૂટા પડ્યાં.

"કહે કે (આપણે) સઘળાં (પોતાના પરિણામની) રાહ જોનાર છીએ, માટે તમે રાહ જુઓ, પછી તમે જલ્દીથી જાણશો કે કોણ સત-પંથ ઉપર છે અને કોને સત-પંથ મળ્યો છે ?" (સુ. તાહા, આ. ૧૩૫) [સમાપ્ત]

[A] આ બધી વાતનું સમર્થન અનેક સુન્ની વિદ્વાનોએ પોતાના પુસ્તકોમાં કર્યું છે.

[B] આ પુસ્તકની સાડા ચાર હજાર નકલો બે આવૃત્તિઓમાં છપાઇ છે અને વિના મૂલ્યે સૌને અપાઇ છે.

ના. આગાખાન ત્રીજા આગા સુલતાન મોહમ્મદ શાહનું નમાઝ માટેનું અમલી માર્ગદર્શન





ના. આગાખાન ત્રીજા સુલતાન મોહમ્મદ શાહ હાથ ખુલ્લા રાખીને શીઆ તરીકા મુજબ નમાઝ પડી રહ્યા છે.

જ્યારે ના. કરીમ આગા સાહેબ પોતાના મુરીદોને ઈદ–નમાઝ પડાવે છે



ઉપરના ચિત્રમાં ના. કરીમ આગા ખાની રસમમાં ઈદ નમાઝ પડાવી રહ્યા છે. અને એમની પાછળ પ્રિન્સ અમીન [illegible] અને એમના મુરીદો નમાઝ પડતા દેખાઈ રહ્યા છે.

૭૦ વર્ષ પુર્વે નમાઝ-રોઝા વિષે ના. આગાખાન સુલ્તાન મોહમ્મદશાહે આપેલું માર્ગદર્શન

"...મારા તમામ મુરીદોના દરરોજના આમાલને વાસ્તે આ ટુંકમાં લખેલી નાની કીતાબ મેં બનાવી છે અને બેશક મારા તમામ મુરીદોની ફરજ છે કે તેમણે આ નાની કીતાબ વાંચવી. એમાં નમાઝ અને તેમના સવાલો બાબત મેં ટુંકમાં લખાણ કર્યું છે, અને તેટલા માટે તેઓએ તે પ્રમાણે ચાલવું. મારા મુરીદો પાસે દરરોજની **'ઉસુલે દીન'** (દીનના મુળતત્વો) તથા **'ફુરૂએદીન'** (દીનની શાખા)ના સવાલો બાબત નાની કીતાબ ન હતી તેથી મેં આ નાની કીતાબ મારા તમામ મુરીદોને વાસ્તે લખી છે. તે એવા હેતુથી કે તેઓ તે પ્રમાણે ચાલે, અને તે તેમના દરરોજના અમલને વાસ્તે ખાસ ઉપયોગી થઇ પડે .."



—નામદાર હીઝ હાઇનેસ આગા સુલતાન મુહમ્મદ શાહ આગાખાન ખોજાના પીર

●

ઉપરનું માર્ગદર્શન જે પુસ્તિકામાં આપવામાં આવ્યું છે [illegible] નામ "ખોજા કોમના મઝહબનાં કેટલાંક મુળ તત્વો અને ક્રિયા સંબંધી [illegible]